RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ - ૧૩    બુધવાર તા.૨૬-૦૮-૨૦૨૬    અંક : ૨૦૨ વર્ષ : ૨૧    email :rajkot@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# ગુજરાતની ૨૧ ટ્રેનો હવે ૧૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડશે!

## અમદાવાદ-પટણા એક્સપ્રેસમાં LHB કોચ સાથે ૨૨ ડબ્બા જોડાશે. આ ફેરફારથી મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશનો પ્રવાસ ઝડપી બનશે

મુંબઈ,

પશ્ચિમ રેલવેએ મુસાફરીનો સમય ઘટાડવા ગુજરાતની ૨૧ સહિત ૨૩ લોકપ્રિય ટ્રેનોની મહત્તમ ગતિ ૧૧૦ થી વધારી ૧૩૦ કિમી/કલાક કરવાની મંજૂરી આપી છે. ૨૨ ઓગસ્ટના રોજ જનરલ મેનેજરની મંજૂરી બાદ આ નિર્ણય લેવાયો છે. અમદાવાદ-પટણા એક્સપ્રેસમાં પણ ન્ઝ્રૐમ્ કોચ સાથે ૨૨ ડબ્બા જોડાશે. આ ફેરફારથી મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તર ભારત વચ્ચેનો પ્રવાસ ઝડપી બનશે.



પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોનો પ્રવાસ સમય ઘટાડવા માટે મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવેના વિવિધ રેલવે સેક્શનમાં દોડતી ગુજરાતની ૨૧ સહિત ૨૩ લોકપ્રિય મેલ અને સુપરફાસ્ટ ટ્રેનોની ગતિ ૧૧૦ કિમી પ્રતિ કલાકથી વધારીને ૧૩૦ કિમી પ્રતિ કલાક કરવાની મંજૂરી આપવામાં આવી છે.

પશ્ચિમ રેલવેના વિવિધ રેલવે સેક્શનમાં દોડતી ગુજરાતની ૨૧ સહિત ૨૩ ટ્રેનોને હવે ૧૩૦ કિમી પ્રતિ કલાક મહત્તમ ગતિએ દોડાવવાની દિશામાં કામગીરી હાથ ધરાશે. અત્યાર સુધી આ ટ્રેનોની મહત્તમ ગતિ ૧૧૦ કિમી પ્રતિ કલાક હતી. ૨૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરની મંજૂરી બાદ આ ફેરફારને લીલી ઝંડી મળી છે.

રેલવેના આ નિર્ણયથી ગુજરાત સહિત મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તર ભારત વચ્ચે મુસાફરી કરતા મુસાફરોને પ્રવાસ સમયમાં ઘટાડો થવાની શક્યતા છે. ૧૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપથી ટ્રેનો દોડવાથી લાંબા અંતરની મુસાફરી વધુ ઝડપી બનશે. આ ઉપરાંત ટ્રેન નં.૧૯૪૨૧-૨૨ અમદાવાદ-પટણા એક્સપ્રેસમાં કોચની સંખ્યા ૨૦ને બદલે ૨૨ કરીને એલએચબી કોચ સાથે ૧૩૦ની સ્પીડે દોડાવવામાં આવશે. ૧૩૦ કિમીની ઝડપે ટ્રેનો દોડાવવા માટે પ્લેટફોર્મની લંબાઈ, મુસાફરોની સલામતી અને કોચની ટેકનિકલ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને માર્ગદર્શિકા પણ નક્કી કરવામાં આવી છે.

એક એન્જિન અને ૨૨ એલએચબી કોચની ટ્રેન માટે ઓછામાં ઓછું ૫૫૧ મીટર લાંબું પ્લેટફોર્મ જરૂરી બનશે. દિવ્યાંગ મુસાફરોની સુવિધા માટે એલએસએલઆરડી કોચ ઉપલબ્ધ કરાશે. એચઓજી સિસ્ટમના યોગ્ય સંચાલન માટે એન્જિન, હેડ-ઓન-જનરેશન અને રેક વચ્ચે સંકલન જાળવવા પણ સૂચના અપાઈ છે.

### ગતિ વધારાયેલી ૨૩ સુપરફાસ્ટ ટ્રેનો

| | |
|---|---|
| ૧૨૯૨૭-૨૮ | દાદર-એકતાનગર સુ.ફા. |
| ૧૨૯૭૧-૭૨ | બાંદ્રા-ભાવનગર એક્સ. |
| ૧૯૨૫૫-૫૬ | સુરત-મહુવા સુપરફાસ્ટ |
| ૨૨૯૪૫-૪૬ | મુંબઈ-ઓખા સૌરાષ્ટ્ર મેઈલ |
| ૧૨૯૫૯-૬૦ | બાંદ્રા-ભુજ સુપરફાસ્ટ |
| ૧૨૯૬૫-૬૬ | બાંદ્રા-ભુજ સાપ્તાહિક |
| ૧૯૨૫૯-૬૦ | કોચુવેલી-ભાવનગર એક્સ. |
| ૨૦૪૮૩-૮૪ | ભગતકી કોઠી-દાદર સુ.ફા. |
| ૧૪૭૦૭-૦૮ | રણકપુર એક્સપ્રેસ |
| ૧૪૭૦૧-૦૨ | અમરાપુર અરવલ્લી એક્સ |
| ૨૦૯૦૯-૧૦ | કોચુવેલી-પોરબંદર સુ.ફા. |
| ૧૨૯૮૭-૯૮ | બાંદ્રા-બાડમેર હમસફર એક્સ. |
| ૨૨૯૦૧-૦૨ | બાંદ્રા-ઉદયપુર સુપરફાસ્ટ |
| ૨૨૯૫૫-૫૬ | બાંદ્રા-ભુજ કચ્છ સુ.ફા. |
| ૨૨૧૯૫-૯૬ | ઝાંસી-બાંદ્રા સુપરફાસ્ટ |
| ૧૬૩૩૭-૩૮ | ઓખા-એર્નાકુલમ એક્સ. |
| ૧૬૬૧૩-૧૪ | રાજકોટ-કોયમ્બતૂર એક્સ. |
| ૧૯૨૦૩-૦૪ | બાંદ્રા-વેરાવળ સાપ્તાહિક |
| ૧૯૭૧૧-૧૨ | જયપુર-ભોપાલ એક્સપ્રેસ |
| ૨૦૯૫૭-૫૮ | ઈન્દોર-હિસાર સુપરફાસ્ટ |
| ૨૨૯૬૩-૬૪ | બાંદ્રા-ભાવનગર સાપ્તાહિક |
| ૨૦૯૫૧-૫૨ | ઓખા-જયપુર સાપ્તાહિક |
| ૧૯૩૦૯-૧૦ | શાંતિ એક્સપ્રેસ |

# નીતિન ગડકરીના રાજનીતિમાંથી નિવૃત્તિની અટકળો પર પૂર્ણવિરામ

## તેમના દ્વારા બનાવાયેલા 'લક્ષ્મણરાવ માનકર ટ્રસ્ટ' વિશે વાત કરી રહ્યા હતા

નવીદિલ્હી,

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીના 'નવી પેઢીને તક આપવી જોઈએ' વાળા નિવેદન અંગે તેમના કાર્યાલય દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે. તેમના કાર્યાલયનું કહેવું છે કે, તેઓ લક્ષ્મણરાવ માનકર ટ્રસ્ટ અંગે વાત કરી રહ્યા હતા, અને આ નિવેદનનો કોઈ રાજકીય અર્થ કાઢવો જોઈએ નહીં. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ નાગપુરના એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, તેઓ હવે પહેલા જેટલું કામ કરી શકતા નથી અને હવે સમય આવી ગયો છે કે, નવી પેઢીને જવાબદારી સોંપવામાં આવે. તેમના આ નિવેદન બાદ રાજકીય ગરમાવો આવી ગયો હતો. પરંતુ હવે તેમના કાર્યાલય તરફથી ખુલાસો કરવામાં આવ્યો છે કે, આ નિવેદન એક સામાજિક ટ્રસ્ટના સંદર્ભમાં હતું.

ગડકરીના કાર્યાલયે સ્પષ્ટ કર્યું છે કે તેઓ 'લક્ષ્મણરાવ માનકર ટ્રસ્ટ' વિશે વાત કરી રહ્યા હતા, જે તેમના દ્વારા બનાવવામાં આવેલું એક સંગઠન છે, અને તે આદિવાસી વિસ્તારોમાં વિદ્યાલયો ચલાવે છે. આ સંદર્ભમાં ગડકરીએ કહ્યું હતું કે, તેઓ હવે ટ્રસ્ટ માટે વધુ સમય આપી શકતા નથી, તેથી નવી પેઢીને આ જવાબદારી સોંપવાની જરૂર છે. આ વાત માત્ર ટ્રસ્ટના કામકાજ અને તેના ભવિષ્યના નેતૃત્વ સાથે જોડાયેલી હતી.

નાગપુરના આ કાર્યક્રમમાં તેમણે વિકાસ કાર્યો વિશે પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે, તેમનું લક્ષ્ય છે કે મહારાષ્ટ્રનું એક પણ આદિવાસી ગામ વીજળીથી વંચિત ન રહે.

# તેલંગણામાં ખાનગી બસ- ટ્રક વચ્ચે અકસ્માત, ૬ના મોત

## હૈદરાબાદથી વિજયવાડા જતી બસમાં ૪૩ લોકો સવાર હતા, વહેલી સવારે બનેલો બનાવ

સુર્યાપેટ,

તેલંગાણાના સૂર્યપેટ જિલ્લામાં એક ખાનગી બસ અને ટ્રક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે ઘટના સ્થળે જ ૬ લોકોના મોત નીપજ્યા છે. અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે જે તમામને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા છે.




તેલંગાણાના સૂર્યપેટ જિલ્લામાં એક અત્યંત હૃદયદ્રાવક અને ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો છે.સવારના સમયે ખાનગી ટ્રાવેલ બસ અને ટ્રક વચ્ચે થયેલી ભયંકર ટક્કરમાં ૬ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે અનેક મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા છે. સ્થાનિક પોલીસના સત્તાવાર નિવેદન મુજબ, આ દુર્ઘટના બુધવારે સવારે અંદાજે ૫:૨૦ વાગ્યાની આસપાસ બની હતી. જે સમયે આ અકસ્માત થયો ત્યારે ખાનગી બસમાં કુલ ૪૩ મુસાફરો સવાર હતા. આ બસ હૈદરાબાદથી રવાના થઈને વિજયવાડા તરફ જઈ રહી હતી, તે દરમિયાન સૂર્યપેટ વિસ્તારમાં આવેલા દુર્ગાપુરમ સ્ટેજ પાસે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ અને બચાવ દળ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી હતી. અકસ્માતમાં ઘાયલ થયેલા તમામ લોકોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં કેટલાક મુસાફરોની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે મૃતકોના મૃતદેહોને કબજે કરી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. હાલ પોલીસ મૃતકોની ઓળખ સુનિશ્ચિત કરવા માટેના સઘન પ્રયાસો કરી રહી છે. આ ગંભીર અકસ્માત પાછળના ચોક્કસ કારણો શું હતા અને કોની બેદરકારી હતી, તે દિશામાં પોલીસે ઊંડાણપૂર્વક કાયદેસરની તપાસ હાથ ધરી છે. આ દુર્ઘટનાને કારણે મુસાફરોના પરિવારોમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

# પાકિસ્તાન ગાયનેક વોર્ડમાં આગ, ૧૫ નવજાતના મોત

ઈસ્લામાબાદ,

ઈસ્લામાબાદમાં પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સના ગાયનેકોલોજી વોર્ડમાં આગ લાગી હતી, જેના પરિણામે ૧૫ નવજાત બાળકોના મોત થયા. અહેવાલ મુજબ, વોર્ડમાં ૧૬ શિશુઓ હતા, પરંતુ ડોકટરો ફક્ત એક જ બાળકને બચાવી શક્યા હતા.

પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સના પ્રવક્તા ડૉ. અનીજા જલીલે જણાવ્યું હતું કે કેટલાક શિશુઓને રાત્રે રજા આપવામાં આવી હતી. પરિણામે, તે સમયે હાજર બાળકોની ચોક્કસ સંખ્યા તાત્કાલિક પુષ્ટિ કરી શકાઈ નથી. આગ શોર્ટ સર્કિટને કારણે લાગી હતી અને સવારે ૭:૦૦ વાગ્યાની આસપાસ લાગી હતી. આગ બુઝાવવામાં આવી છે, જોકે કૂલિંગ-ડાઉન પ્રક્રિયામાં થોડો સમય લાગશે.

# અમેરિકન સામાન પર કેનેડાએ ઝિંક્યો ૨૦ અબજ ડૉલરનો ટેરિફ

## ૮ સપ્ટેમ્બરથી લાગુ થશે નવા ટેરિફ દર, અમેરિકા કેનેડાના ઉદ્યોગોને નુકસાન પહોંચાડવા માંગે છેઃ માર્ક કાર્ની

ઓટાવા,

અમેરિકા અને કેનેડા વચ્ચે વેપાર વિવાદ વધુ વણસ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ વધારવાના નિર્ણય સામે કેનેડાએ મંગળવારે જવાબી કાર્યવાહી કરી છે. કેનેડાએ આશરે ૨૦ અબજ યુએસ ડૉલરની કિંમતના અમેરિકન સામાન પર નવો ટેરિફ લાદી દીધો છે. આ યાદીમાં સ્ટીલ, ડેરી પ્રોડક્ટ્સ, હોમ એપ્લાયન્સિસ અને ખેતીના સાધનો સામેલ છે. બંને દેશો વચ્ચેની વેપાર વાટાઘાટો નિષ્ફળ ગયા બાદ અમેરિકાએ કેનેડાના સામાન પર ૫૦ ટકા સુધી ટેરિફ લાદ્યો હતો, જેના જવાબમાં કેનેડાએ આ કડક પગલું ભર્યું છે.

આ ટ્રેડ વૉર માત્ર મોટા ઉદ્યોગો સુધી સીમિત નથી. કેનેડાએ લાદેલા નવા ટેરિફમાં સીફૂડ, ચીઝ, કપડાં, કોસ્મેટિક્સ અને ટોયલેટ પેપર જેવી રોજિંદા વપરાશની ચીજો પણ સામેલ છે. કેટલીક વસ્તુઓ પર ટેરિફનો દર વધારીને ૫૦ ટકા સુધી કરી દેવામાં આવ્યો છે. કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ અમેરિકા પર ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યું છે કે, અમેરિકા કેનેડાને પોતાના નિયંત્રણ હેઠળ લાવવા માંગે છે. નિષ્ફળ રહેલી બેઠકો દરમિયાન અમેરિકાની શરતો અને માંગણીઓ પરથી સ્પષ્ટ જણાય છે કે તે કેનેડાના મુખ્ય ઉદ્યોગોને નબળા પાડવા કે બરબાદ કરવા ઈચ્છે છે.

કેનેડા દ્વારા જાહેર કરાયેલા આ નવા ટેરિફ ૮ સપ્ટેમ્બરથી અમલમાં આવશે. જેમાં ઉત્પાદનો અનુસાર ૧૫ ટકા, ૨૫ ટકા અને ૫૦ ટકાના દર નક્કી કરવામાં આવ્યા છે. કેનેડા કુલ ૭૦૦ થી વધુ અમેરિકન ઉત્પાદનો પર અમેરિકાના ટેરિફ જેટલો જ વળતો ટેરિફ વસૂલશે. જેમાં પલ્પ, પેપર અને ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ સામેલ છે. ઘણા ઉત્પાદનો પર ટેરિફ ૨૫ ટકાથી વધીને સીધો ૫૦ ટકા થઈ જશે, જેનો સૌથી મોટો ફટકો સ્ટીલ અને એલ્યુમિનિયમ સેક્ટરને પડશે.

# E20 પેટ્રોલના નિયમો કડક કરવાની તૈયારી!

## વાહનોના પાર્ટ્સ ખરાબ થવાની ફરિયાદો, નવા ગુણવત્તાના નિયમો બનશે ફરજિયાત

નવીદિલ્હી,

દેશમાં E20 (ઈથેનોલ બ્લેન્ડેડ) બળતણ અંગે ચાલી રહેલી ચર્ચા અને વાહનચાલકોની ફરિયાદો વચ્ચે કેન્દ્ર સરકારે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવાની તૈયારી કરી લીધી છે. વાહનચાલકો સતત ફરિયાદ કરી રહ્યા હતા કે આ ઈંધણના ઉપયોગથી વાહનોનું માઈલેજ ઘટી રહ્યું છે અને એન્જિનના પાર્ટ્સ બગડી રહ્યા છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને સરકાર હવે માત્ર ઈથેનોલનું પ્રમાણ નક્કી કરવા પૂરતી સીમિત નહીં રહે, પરંતુ ઈંધણની ગુણવત્તા પર પણ કડક નિયંત્રણો લાગુ કરવા જઈ રહી છે.

તાજેતરમાં પેટ્રોલના સેમ્પલમાં ઉૅસ કરતાં વધુ ક્લોરાઈડ અને વધુ પડતો ભેજ હોવાનું સામે આવ્યું હતું, જેના કારણે ઓટોમોબાઈલ કંપનીઓએ વાહનોના પાર્ટ્સ ખરાબ થવા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. વાહન ઉત્પાદકોનું કહેવું છે કે આવા દૂષિત ઈંધણને કારણે વાહનોના ફ્યુઅલ ટેન્ક અને અન્ય કમ્પોનન્ટ્સ ઝડપથી નિષ્ફળ થઈ શકે છે. કેટલીક જગ્યાએ લેવાયેલા સેમ્પલમાં ક્લોરાઈડનું પ્રમાણ નિર્ધારિત મર્યાદા કરતાં ઘણું વધારે મળતાં આ ચિંતા વધુ ઘેરી બની છે. સમસ્યાના ઉકેલ માટે સરકાર હવે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) અને ફ્યુઅલ સપ્લાય સિસ્ટમ સાથે જોડાયેલી એજન્સીઓ માટે ગુણવત્તાના નિયમો કડક કરવા જઈ રહી છે. હાલના નિયમો મુજબ ઈ૨૦ ઈંધણમાં ક્લોરાઈડનું પ્રમાણ 3 PPMથી ઓછું હોવું જોઈએ, જે અત્યાર સુધી મરજિયાત (સ્વૈચ્છિક) ધોરણ હતું. પરંતુ હવે બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટેન્ડર્ડ્સ (BIS) આ લિમિટને તમામ સપ્લાયર્સ માટે કાયદાકીય રીતે ફરજિયાત બનાવવા પર કામ કરી રહ્યું છે.

# યુપીઆઈને ૧૦ વર્ષ પૂર્ણ, વાર્ષિક વ્યવહારોમાં ૧.૭૮થી ૨૪,૧૬૨ કરોડ થયા, નરેન્દ્ર મોદીએ ખાસ પોસ્ટ શેર કરી

નવીદિલ્હી,

ભારતની ડિજિટલ ચુકવણી પ્રણાલીમાં પરિવર્તન લાવનાર યુપીઆઇ આજે ૧૦ વર્ષનું થઈ ગયું છે. ૨૫ ઓગસ્ટ, ૨૦૧૬ ના રોજ લોન્ચ થયેલ, યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ દેશમાં રોજિંદા ચુકવણીનો એક મહત્વપૂર્ણ ભાગ બની ગયું છે. નાની દુકાન પર થોડા રૂપિયાની ચુકવણી હોય કે લાખો રૂપિયાનો વ્યવસાયિક વ્યવહાર હોય,યુપીઆઈએ પૈસા મોકલવા અને પ્રાપ્ત કરવાની પ્રક્રિયાને સરળ બનાવી છે. આ ખાસ પ્રસંગે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને યુપીઆઈની સિદ્ધિઓને યાદ કરી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ 'એક્સ' પર લખ્યું કે એક દાયકા પહેલા યુપીઆઈની શરૂઆતથી ભારતની ડિજિટલ ચુકવણી યાત્રામાં મોટો ફેરફાર થયો. તેમણે યુપીઆઇના સ્કેલ અને પહોંચને દરેક ભારતીય માટે ગર્વની વાત ગણાવી.

નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર,યુપીઆઈની શરૂઆત પહેલા નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં, વાર્ષિક ફક્ત ૧.૭૮ કરોડ વ્યવહારો હતા. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં આ આંકડો વધીને ૨૪,૧૬૨ કરોડથી વધુ વ્યવહારો થયો. આનો અર્થ એ થયો કે લગભગ ૧૦ વર્ષમાં, યુપીઆઇના વાર્ષિક વ્યવહારોમાં આશરે ૧૩,૦૦૦ ગણો વધારો થયો છે. માત્ર વ્યવહારોની સંખ્યામાં જ નહીં, પરંતુ તેના દ્વારા પ્રક્રિયા કરાયેલી કુલ ચુકવણીઓમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ૨૦૧૬-૧૭માં, યુપીઆઇદ્વારા આશરે ૦.૦૭ લાખ કરોડના વ્યવહારો કરવામાં આવ્યા હતા, જે ૨૦૨૫-૨૬ માં વધીને આશરે ૩૧૪ લાખ કરોડ થયા.

યુપીઆઈની લોકપ્રિયતા સતત વધી રહી છે. મે ૨૦૨૬ માં, પ્રથમ વખત, એક જ મહિનામાં ૨,૩૦૦ કરોડથી વધુ વ્યવહારો નોંધાયા હતા. મે મહિનામાં ૨,૩૨૦ કરોડ વ્યવહારો અને જુલાઈ ૨૦૨૬ માં ૨,૩૬૬ કરોડ વ્યવહારો થયા હતા, જે યુપીઆઈની દાયકા લાંબી સફરમાં અત્યાર સુધીનો સૌથી વધુ માસિક આંકડો છે.યુપીઆઇ સાથે જોડાયેલ બેંકોની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ૨૦૧૬-૧૭ માં, ફક્ત ૪૪ બેંકો યુપીઆઇ પર લાઇવ હતી. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં, આ સંખ્યા વધીને ૭૦૩ બેંકો થઈ ગઈ.યુપીઆઇ હવે ભારત પૂરતું મર્યાદિત નથી. તે યુએઈ, ફ્રાન્સ, ભૂતાન, શ્રીલંકા, નેપાળ, સિંગાપોર, મોરેશિયસ, કતાર, કંબોડિયા, ગ્રીસ અને માલદીવ સહિત ૧૧ દેશોમાં કાર્યરત છે.

# યુદ્ધ માટે ભારતીય સેનાને મોટી સંખ્યામાં મિસાઈલો મળે તે સુનિશ્ચિત કર્યું, રાજનાથ

## સંરક્ષણ ક્ષેત્રમાં ભારતને આત્મનિર્ભર બનાવવા માટે એક મોટો નિર્ણય લીધો

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે સંરક્ષણ ક્ષેત્રમાં ભારતને આત્મનિર્ભર બનાવવા માટે એક મોટો નિર્ણય લીધો છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ડીઆરડીઓ (સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન) દ્વારા વિકસિત તમામ પરંપરાગત મિસાઈલ સિસ્ટમ્સ માટે ટેકનોલોજી ભારતીય ઉદ્યોગોને ટ્રાન્સફર કરવાની મંજૂરી આપી છે. આનાથી લાયક ભારતીય કંપનીઓ દેશની અંદર આ મિસાઈલ સિસ્ટમ્સનું ઉત્પાદન કરી શકશે. આ પગલાથી ભારતીય સશસ્ત્ર દળોની લડાઇ તૈયારીને ફાયદો થશે અને સશસ્ત્ર દળોને જરૂરી મિસાઈલોનો સમયસર પુરવઠો સુનિશ્ચિત થશે.



સંરક્ષણ મંત્રાલય દ્વારા આ નિર્ણયને ભારતની મિસાઈલ વિકાસ યાત્રાને સંશોધનથી ઉત્પાદન સુધી વેગ આપવા માટે એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. આ પહેલ ભારતીય કંપનીઓને નિયમનકારી ધોરણોનું પાલન કરતી અદ્યતન મિસાઈલ સિસ્ટમ્સ વિકસાવવા માટે પ્રોત્સાહિત કરે છે. સ્થાનિક ક્ષમતાઓને મજબૂત બનાવીને, સરકાર માત્ર આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપી રહી નથી પરંતુ દેશના સંરક્ષણ ક્ષેત્રને સમૃદ્ધ બનાવી રહી છે અને ઉત્પાદન ક્ષમતામાં સુધારો કરી રહી છે.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ક્રઇર્ડ્ઢ દ્વારા વિકસિત તમામ પરંપરાગત મિસાઈલ સિસ્ટમ્સ માટેની ટેકનોલોજી ભારતીય સંરક્ષણ ઉદ્યોગને ટ્રાન્સફર કરવાની મંજૂરી આપી છે, જેનાથી દેશની અંદર તેમનું ઉત્પાદન શક્ય બનશે.

# 'શ્રાવણ ઉત્સવ': સૌરાષ્ટ્રના મેળાઓમાં ૧૯૫ સખી મંડળની બહેનોના ઉત્પાદનો માટે માર્કેટ ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકારનું આયોજન

## વોકલ ફોર લોકલને પ્રોત્સાહન: રાજ્યના ૬ જિલ્લામાં સખી મંડળની બહેનોને સીધા વેચાણ માટે વિશેષ સ્ટોલની વ્યવસ્થા કરવામાં આવી

અમદાવાદ,

શ્રાવણ માસ એટલે શિવાલયોમાં શિવ આરાધના અને મેળાઓનું મહાપર્વ. આ સમયગાળા દરમિયાન રાજ્યના વિવિધ જ્યોતિર્લિંગો, શક્તિપીઠો, કૃષ્ણ મંદિરો, તીર્થધામો તથા અન્ય ધાર્મિક સ્થળોએ લાખો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોય છે. રાજ્ય સરકાર દ્વારા "શ્રાવણ ઉત્સવ" તરીકે રાજ્યના ૬ જિલ્લામાં તા. ૨૬/૦૮/૨૦૨૬ થી ૭/૯/૨૦૨૬ દરમિયાન સખીમંડળની બહેનોને તેમના ઉત્પાદનોના સીધા વેચાણ માટે ખાસ પ્લેટફોર્મ આપવામાં આવ્યું છે. આ મહોત્સવ દરમ્યાન વિવિધ મેળાઓ અને ધાર્મિક આયોજનોમાં સખીમંડળની બહેનો તેમના ઉત્પાદનો વધુ લોકો સુધી પહોંચાડી શકે, તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જેના પરિણામે સખી મંડળોની બહેનોની આવકમાં વધારો થશે તેમજ "વોકલ ફોર લોકલ" અને "લખપતિ દીદી" અભિયાનને વધુ વેગ મળશે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મહિલા સશક્તિકરણ માટે વિવિધ પહેલો હાથ ધરવામાં આવી રહી છે, જેના લીધી રાજ્યની મહિલાઓ આત્મનિર્ભર બનીને દેશના વિકાસમાં અગ્રેસર બની છે.

ગ્રામ વિકાસ વિભાગ હેઠળના ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિ. (GLPC) દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY-NRLM) અંતર્ગત કાર્યરત સ્વ-સહાય જૂથો (સખી મંડળો) દ્વારા ઉત્પાદિત વિવિધ ખાદ્ય ઉત્પાદનો, હેન્ડીક્રાફ્ટ, હેન્ડલૂમ, પરંપરાગત વસ્ત્રો, પૂજન સામગ્રી, ઘર સજાવટની વસ્તુઓ તેમજ અન્ય સ્થાનિક ઉત્પાદનોને વ્યાપક બજાર ઉપલબ્ધ કરાવવા હેતુથી મેળાઓમાં સ્ટોલની ફાળવણી કરવામાં આવશે. આ કાર્યક્રમ દરમિયાન સખીમંડળની બહેનોને પ્રોત્સાહન સ્વરૂપે નાણાકીય સહાયના ચેકનું પણ વિતરણ કરવામાં આવશે

રાજકોટ અને ઘેલા સોમનાથમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મેળાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ઘેલા સોમનાથ ખાતે આવતીકાલથી પાંચ દિવસ માટે મેળો ચાલશે. જ્યારે રાજકોટમાં તા. ૨ થી ૬ સપ્ટેમબર રેસકોર્સ ખાતે મેળો યોજવા જઈ રહ્યો છે.


રાજકોટ ખાતે આયોજિત મેળામાં સખી મંડળોની બહેનોને ૪૦ સ્ટોલ તેમજ ઘેલા સોમનાથ ખાતે ૧૫ સ્ટોલ ફાળવવામાં આવશે. તે સિવાય પોરબંદરના મેળામાં ૬૫ સ્ટોલ, ગીર સોમનાથમાં ૨૦ સ્ટોલ, દેવભૂમિ દ્વારકામાં ૨૦ સ્ટોલ ફાળવવામાં આવશે. આ ઉપરાંત ભાવનગર ખાતે નિષ્કલંક મહાદેવના મેળામાં ૨૦ સ્ટોલ તેમજ નર્મદા જિલ્લામાં નીલકંઠધામ, પોઈચા ખાતે પણ ૧૫ સ્ટોલ ફાળવવામાં આવશે.

# અમદાવાદમાં સ્વાઈન ફ્લૂના બે દર્દીઓના રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગ સતર્ક

## સંક્રમણને ફેલાતું અટકાવવા માટે હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડ, જરૂરી દવાઓ અને ઓક્સિજન સહિતની વ્યવસ્થા કરાઈ

અમદાવાદ,

શહેરમાં વાયરલ ઈન્ફેક્શનના કેસો વચ્ચે એચ૧એન૧ એટલે કે સીઝનલ સ્વાઈન ફ્લૂના બે દર્દીઓના રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે. સોલા સિવિલ હોસ્પિટલમાં સીઝનલ સ્વાઈન ફ્લૂ જેવા લક્ષણો ધરાવતા બે દર્દીઓના સેમ્પલ લેબોરેટરી પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા, જેમાં બંનેના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. કેસ નોંધાતા જ સ્થાનિક



વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ એક્શન મોડમાં આવી ગયું છે. સંક્રમણને ફેલાતું અટકાવવા માટે હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડ, જરૂરી દવાઓ અને ઓક્સિજન સહિતની વ્યવસ્થા તૈયાર રાખવામાં આવી છે.

રાજ્યમાં ચોમાસાની ઋતુ દરમિયાન પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળા પર નિયંત્રણ તેમજ સીઝનલ ફ્લૂ સામેની આગોતરી સજ્જતાની સમીક્ષા કરવા આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. વીડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલી આ બેઠકમાં રાજ્યની વિવિધ સિવિલ હોસ્પિટલોના તબીબી અધિક્ષકો, મેડિકલ કોલેજોના ડીન તેમજ જિલ્લા અને મહાનગરપાલિકાઓના વરિષ્ઠ આરોગ્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સુરતના કડોદરામાં ભાજપ આગેવાનની પુત્રવધૂની આત્મહત્યા, સુસાઈડ નોટ મળી

## સુસાઈડ નોટમાં પતિના અન્ય મહિલા સાથે સંબંધ હોવાનો ઉલ્લેખ

સુરત.

સુરત જિલ્લાના કડોદરા વિસ્તારમાં એક પરિણીતાએ આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી છે. મૃતકની ઓળખ નિધિ તરીકે થઈ છે. પરિવાર અને પોલીસ માટે ચોંકાવનારી બાબત એ છે કે મૃતકના આંતરવસ્ત્રોમાંથી સુસાઈડ નોટ મળી આવી હોવાનું સામે આવ્યું છે. મૃતક કડોદરામાં ભાજપ આગેવાનની પુત્રવધૂ હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, નિધિના લગ્નને હજુ માત્ર બે વર્ષ જેટલો સમય થયો હતો. આત્મહત્યાનું પગલું ભરતા પહેલાં લખાયેલી હોવાનું માનવામાં આવતી નોટમાં પતિના અન્ય મહિલા સાથે સંબંધ હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. નિધિના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવી રહ્યું હતું ત્યારે ડોક્ટરોને તેના આંતરવસ્ત્રોમાંથી સુસાઈડ નોટ મળી આવી હતી. નોટમાં પુરાવા છુપાઈ ન જાય તે માટે તેને સંતાડવામાં આવી હોવાનો પણ ઉલ્લેખ હોવાનું સામે આવ્યું છે.

સુસાઈડ નોટ મળી આવ્યા બાદ પોલીસે તેને કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. નોટમાં કરવામાં આવેલા આક્ષેપોની સત્યતા સહિત સમગ્ર ઘટનાના કારણો અંગે પોલીસ તપાસ કરી રહી છે.

પોલીસ દ્વારા મૃતકના પરિવારજનો અને સંબંધિત લોકોના નિવેદનો લેવામાં આવી શકે છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને અન્ય પુરાવાના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# અમદાવાદ જિલ્લાની ત્રણ અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓ ખાતે ખેલો ઈન્ડિયા સંવાદ કાર્યક્રમનું આયોજન

## રાષ્ટ્રીય રમત-ગમત દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેશના યુવાનો સાથે કરશે સંવાદ

અમદાવાદ,

રાષ્ટ્રીય રમત-ગમત દિવસના અવસર પર મેરા યુવા ભારત (સ્ રૂ મ્રક્ક્રિં), અમદાવાદ અને રાષ્ટ્રીય સેવા યોજનાના સંયુક્ત ઉપક્રમે "ખેલો ઈન્ડિયા સંવાદ" કાર્યક્રમનું આયોજન આવતીકાલે ૨૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ અમદાવાદ જિલ્લાની ત્રણ અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓ— ભવન્સ ઈ છ સાયન્સ કોલેજ, L D આર્ટ્સ કોલેજ તથા ઈન્ડસ યુનિવર્સિટી ખાતે કરવામાં આવશે.

કાર્યક્રમ દરમિયાન માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી વર્ચ્યુઅલ માધ્યમથી દેશભરના



યુવાનો સાથે સંવાદ કરશે. અમદાવાદ જિલ્લાના યુવાનો પણ મોટી સંખ્યામાં આ કાર્યક્રમ સાથે જોડાઈને પ્રધાનમંત્રીશ્રીનું સંબોધન સાંભળશે તથા રમતગમત અને યુવા વિકાસ સાથે સંકળાયેલા વિવિધ વિષયો પર સંવાદનો હિસ્સો બનશે.

"ખેલો ઈન્ડિયા સંવાદ"નો ઉદ્દેશ યુવાનોને રમતગમત સાથે જોડવા ઉપરાંત તેમને સ્થાનિક ખેલાડીઓ તથા રમત પ્રતિભાઓના અનુભવો સાથે પરિચિત કરાવવાનો છે.

કાર્યક્રમમાં ખેલાડીઓના અનુભવો, રમતગમત ક્ષેત્રે ઉપલબ્ધ તકો, દેશમાં વિકસતું રમતગમતનું પર્યાવરણ તથા રમતગમતના માળખાકીય વિકાસ સહિત વિવિધ મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરવામાં આવશે.

મેરા યુવા ભારત, અમદાવાદના જિલ્લા યુવા અધિકારી શ્રી પ્રિતેશ કુમાર ઝવેરીએ જણાવ્યું હતું કે કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ યુવાનોને રમતગમત, યુવા નેતૃત્વ અને રાષ્ટ્રનિર્માણ સાથે જોડવાનો છે. તેમણે જણાવ્યું કે ભારતને રમતગમત ક્ષેત્રે વૈશ્વિક સ્તરે અગ્રેસર બનાવવા તથા વર્ષ ૨૦30ની કોમન વેલ્થ ગેમ્સ તથા ૨૦૩૬ના ઓલિમ્પિક માટે રમતગમત અંગે પ્રતિભાઓને તૈયાર કરવાની દિશામાં યુવાનોની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. સાથે જ, શાસન અને યુવા નેતૃત્વમાં યુવાનોની ભાગીદારી વધારવા તથા વિકસિત ભારતના નિર્માણમાં તેમની સક્રિય સહભાગિતા સુનિશ્ચિત કરવા પર પણ વિશેષ ભાર મૂકવામાં આવશે.

# ભાયલી સામૂહિક દુષ્કર્મ કેસમાં ૩૧ ઓગસ્ટે પાંચેય દોષિતોને સજા કોર્ટ સંભળાવશે

## પાંચેય દોષિતોને વીડિયો કોન્ફરન્સ મારફતે કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા

વડોદરા,

શહેરના ચકચારી ભાયલી સામૂહિક દુષ્કર્મ કેસમાં દોષિત ઠરેલા પાંચેય આરોપીઓને હવે ૩૧ ઓગસ્ટે કોર્ટ સજા સંભળાવશે. આજે સજાના મુદ્દે કોર્ટમાં દલીલો થઈ હતી, જેમાં સરકારી વકીલે દોષિતોને કડકમાં કડક સજા કરવાની રજૂઆત કરી હતી.સજાની કાર્યવાહી દરમિયાન પાંચેય દોષિતોને વીડિયો કોન્ફરન્સ મારફતે કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. સરકારી પક્ષે કેસની ગંભીરતા અને ગુનાની પ્રકૃતિને ધ્યાનમાં રાખીને સખત સજાની માગ કરી હતી.

ભાયલી વિસ્તારમાં ૨૦૨૪માં બનેલા ચકચારી સામૂહિક દુષ્કર્મ કેસમાં પાંચેય આરોપીઓને દોષિત ઠેરવ્યા બાદ આજે, ૨૫ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ, વડોદરાની વિશેષ પોક્સો કોર્ટમાં સજાના મુદ્દે દલીલો થશે. ત્યારબાદ કોર્ટ પાંચેય દોષિતોને સજા સંભળાવશે. આ કેસમાં આરોપીઓને કાયદા હેઠળ ગંભીર સજા થઈ શકે છે. આ કેસમાં ૨૦ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ કોર્ટે પાંચેય આરોપીઓને કસૂરવાર ઠેરવ્યા હતા. લગભગ ૨૨ મહિના સુધી ચાલેલી કાનૂની કાર્યવાહી બાદ હવે કેસ સજાના તબક્કે પહોંચ્યો છે.સજાના મુદ્દે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે હવે ૩૧ ઓગસ્ટના રોજ પાંચેય દોષિતોને સજા સંભળાવવાનો નિર્ણય કર્યો છે.

# ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂર્વે કોંગ્રેસમાં નબળા પ્રદર્શન બાદ ૮ થી ૯ જિલ્લા પ્રમુખોની હકાલપટ્ટી નક્કી!

## રાજયમાં સ્થાનિક સ્તરે કથળતા પ્રદર્શન અને જૂથબંધીને રોકવા માટે કોંગ્રેસ હાઈકમાન્ડ હવે એક્શન મોડમાં

અમદાવાદ,

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીઓની રણનીતિ ઘડવા અને પક્ષમાં નવો પ્રાણ ફૂંકવા માટે ગુજરાત કોંગ્રેસ પ્રદેશ સંગઠનમાં મોટા પાયે ફેરબદલ કરવાની તૈયારીઓ હાથ ધરી છે. રાજનીતિ સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર, સ્થાનિક સ્તરે કથળતા પ્રદર્શન અને જૂથબંધીને રોકવા માટે કોંગ્રેસ હાઈકમાન્ડ હવે ભારે એક્શન મોડમાં આવ્યું છે, જેના અંતર્ગત આઠથી નવ જિલ્લા અને શહેર કોંગ્રેસ પ્રમુખોની હકાલપટ્ટી કરીને નવા ચહેરાઓને તક આપવાનું લગભગ નક્કી માનવામાં આવી રહ્યું છે.

સમગ્ર દેશમાંથી ગુજરાતને પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદ કરીને 'સંગઠન સૃજન અભિયાન' શરૂ કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય હેતુ ગ્રાઉન્ડ લેવલના કાર્યકરોને સાંકળી મજબૂત સંગઠન ઊભું કરવાનો હતો. આ જ અભિયાન હેઠળ અગાઉ વિવિધ શહેર-જિલ્લાના પ્રમુખોની તાજપોશી કરાઈ હતી, પરંતુ આ પ્રયોગ જમીની સ્તરે અપેક્ષિત પરિણામો આપવામાં સરેઆમ નિષ્ફળ રહ્યો હોવાનું મોવડીમંડળના ધ્યાન પર આવ્યું છે.

તાલુકા-જિલ્લા પંચાયતો અને મહાનગરપાલિકાઓની ચૂંટણીઓમાં કોંગ્રેસના કંગાળ પ્રદર્શન પાછળ સ્થાનિક પ્રમુખોની નિષ્ક્રિયતા, આંતરિક જૂથબંધી અને ખોટા નિર્ણયો જવાબદાર ખૂલ્યા છે. સ્થાનિક સ્તરે સક્રિય અને વફાદાર કાર્યકરોની સરેઆમ ઉપેક્ષા કરીને અયોગ્ય તેમજ નબળા ઉમેદવારોને ટિકિટો આપી દેતાં પક્ષનો ખેલ બગડ્યો હોવાનો આંતરિક રિપોર્ટ તૈયાર થયો છે. હાલમાં પ્રદેશ નેતાગીરી દ્વારા તમામ પ્રમુખોની કામગીરીનું કડક મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે અને કયા પ્રમુખના વિસ્તારમાં પક્ષને કેટલું નુકસાન થયું તેનો આખો ચિઠ્ઠો હાઈકમાન્ડ સમક્ષ રજૂ કરી દેવાયો છે.

# ગુજરાતમાં હવે સચિવાલયથી લઈ યુનિવર્સિટી સુધી પ્લાસ્ટિકની ફાઈલના ઉપયોગ પર લાગશે બ્રેક

## પર્યાવરણ સંરક્ષણની દિશામાં રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

ગાંધીનગર,

પર્યાવરણ સંરક્ષણની દિશામાં રાજ્ય સરકારે એક ખૂબ જ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આ નિર્ણય અંતર્ગત, હવેથી રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં પ્લાસ્ટિકના ફોલ્ડર અને ફાઈલોનો ઉપયોગ તબક્કાવાર સંપૂર્ણપણે બંધ કરવામાં આવશે. સરકારનો આ નિયમ સચિવાલયથી લઈને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ સુધીની તમામ કચેરીઓમાં સમાન રીતે લાગુ પડશે. પર્યાવરણની જાળવણી માટે હવે કચેરીઓમાં પ્લાસ્ટિકના વિકલ્પ તરીકે માત્ર કાગળ, શણ અને કાપડમાંથી બનેલા પર્યાવરણાનુકૂળ (ઈકો-ફ્રેન્ડલી) ફાઈલ કવરનો જ ઉપયોગ કરવામાં આવશે.

ભારત સરકારના 'પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬' અને 'પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૧૬' અંતર્ગત પર્યાવરણને નુકસાન પહોંચાડતા સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવાના ભાગરૂપે રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં પ્લાસ્ટિક-આધારિત સ્ટેશનરીનો તબક્કાવાર ઉપયોગ ઘટાડવામાં આવશે.આ નિર્ણય સચિવાલયના તમામ વિભાગો, ખાતાના વડાની કચેરીઓ, જાહેર સાહસો, નિગમો, મંડળો, સ્વાયત્ત સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, સરકારી યુનિવર્સિટીઓ તેમજ ગ્રાન્ટ-ઈન-એઈડ સહિતની તમામ સંસ્થાઓને લાગુ પડશે.

# બનાસકાંઠામાં તાંત્રિકવિધિના બહાને ધર્મપરિવર્તનનો આક્ષેપ : ચાર શખ્સ સામે પોલીસ ફરિયાદ

## ધાનેરા પોલીસે અપ્પ્રરશા રજબશા ફકીરની અટકાયત કરી

પાલનપુર,

ધાનેરા તાલુકામાં એક પરિણીત મહિલાએ તાંત્રિકવિધિ અને દોરા-ધાગાના બહાને પોતાની સાથે છેતરપિંડી કરી ધર્મપરિવર્તન કરાવાયું હોવાના ગંભીર આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ નોંધાવતા ચકચાર મચી છે. પેગિયા ગામની 30 વર્ષીય મહિલાએ તેના પતિના મિત્ર અપ્પ્રરશા રજબશા ફકીર સહિત ચાર લોકો સામે ફરિયાદ કરી છે. મહિલાએ પોતાની ફરિયાદમાં બળજબરી, ધમકી, બ્લેકમેલિંગ અને મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધવાના ગંભીર આક્ષેપો કર્યા છે.

મહિલા હાલ પાંચ મહિનાની ગર્ભવતી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. સમગ્ર મામલે મહિલાએ ધર્મપરિવર્તન સંબંધિત એક વીડિયો પણ પોલીસને સોંપ્યો હોવાનું સામે આવ્યું છે. ફરિયાદના આધારે ધાનેરા પોલીસે અપ્પ્રરશા રજબશા ફકીરની અટકાયત કરી છે અને અન્ય આરોપીઓની ભૂમિકા અંગે તપાસ શરૂ કરી છે.

મહિલાના જણાવ્યા અનુસાર, તેના લગ્ન થરાદ પંથકના એક યુવક સાથે થયા હતા અને લગ્ન બાદ બંને પાલનપુરમાં રહેતા હતા. તેનો પતિ રિક્ષા ચલાવતો હતો. મહિલાની તબિયત વારંવાર ખરાબ રહેતી હોવાથી તેના પતિના મિત્ર અપ્પ્રરશા રજબશાએ તાંત્રિકવિધિ અને દોરા-ધાગા કરાવવાની વાત કરી હતી. આ બહાને અપ્પ્રરશાની મહિલાના ઘરે અવરજવર વધતી ગઈ અને ત્યારબાદ બંને વચ્ચે નિકટતા વધી હોવાનો મહિલાએ ફરિયાદમાં ઉલ્લેખ કર્યો છે.ફરિયાદ મુજબ, પતિ સાથે અણબનાવ થતાં મહિલા પતિથી અલગ રહેવા લાગી હતી અને અપ્પ્રરશા સાથે રહેતી હતી. આ દરમિયાન અપ્પ્રરશાએ બળજબરીથી તેનું ધર્મપરિવર્તન કરાવ્યું હોવાનો મહિલાએ આક્ષેપ કર્યો છે. મહિલાએ વધુમાં આરોપ મૂક્યો છે કે અપ્પ્રરશા રજબશા ફકીર ઉપરાંત આરીફ રજબશા ફકીર, ઈલિયાસ રજબશા ફકીર અને સલીમશા જુમાશા ફકીર દ્વારા તેની મરજી વિરુદ્ધ વારંવાર શારીરિક સંબંધ બાંધવામાં આવ્યા હતા.

# ગુજરાત યુનિવર્સિટીમાં એનએસયુઆઈનો હલ્લાબોલ, ઈન્ચાર્જ કુલપતિ પર કર્યો નકલી નોટોનો વરસાદ

## પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તા સામે કથિત નાણાકીય ગેરરીતિના મામલે પોલીસ ફરિયાદ દાખલ કરવા માગણી

અમદાવાદ,

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. નીરજા ગુપ્તાના કાર્યકાળ દરમિયાન કરોડો રૂપિયાની ગ્રાન્ટના ઉપયોગને લઈને ઉઠેલા કથિત ગેરરીતિના આક્ષેપો વચ્ચે હવે વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈએ આક્રમક વિરોધ નોંધાવ્યો છે.એનએસયુઆઈના કાર્યકર્તાઓએ ગુજરાત યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ જગદીશ જોશીની ઓફિસમાં જઈને પ્રતીકાત્મક રીતે નકલી નોટો વરસાવી વિરોધ કર્યો હતો અને 'નીરજા ગુપ્તા હાય હાય'ના નારા લગાવ્યા હતા.એનએસયુઆઈએ પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તા સામે પોલીસ ફરિયાદ નોંધાવવા માટે યુનિવર્સિટી તંત્રને ૭૨ કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે. સંગઠનનું કહેવું છે કે જો આ સમયમર્યાદામાં ફરિયાદ નોંધવામાં નહીં આવે તો યુનિવર્સિટી ખાતે મોટાપાયે આંદોલન કરવામાં આવશે.

પૂર્વ કુલપતિ સામે કથિત નાણાકીય ગેરરીતિના આક્ષેપોને લઈને એનએસયુઆઈના કાર્યકર્તાઓ ઈન્ચાર્જ કુલપતિ જગદીશ જોશીની ઓફિસમાં પહોંચ્યા હતા. અહીં કાર્યકર્તાઓએ પ્રતીકાત્મક રીતે નકલી નોટો વરસાવી હતી. વિરોધ દરમિયાન કાર્યકર્તાઓએ નીરજા ગુપ્તા વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. આ ઘટનાથી યુનિવર્સિટી પરિસરમાં થોડા સમય માટે વિરોધનું વાતાવરણ સર્જાયું હતું.

એનએસયુઆઈએ માંગ કરી છે કે પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તા સામે કથિત નાણાકીય ગેરરીતિના મામલે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવે. સંગઠને આ માટે યુનિવર્સિટી તંત્રને ૭૨ કલાકનો સમય આપ્યો છે. એનએસયુઆઈના જણાવ્યા મુજબ, જો ૭૨ કલાકમાં ફરિયાદ નોંધવામાં નહીં આવે તો ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલી કોલેજોમાં બંધનું એલાન કરવામાં આવી શકે છે. આ ઉપરાંત કુલપતિનું મોઢું કાળું કરવાની ચીમકી પણ આપવામાં આવી છે.

આ સમગ્ર વિવાદના કેન્દ્રમાં પીએમજેવીકે હેઠળ ગુજરાત યુનિવર્સિટીને મળેલી અંદાજે રૂ.૪૦ કરોડની ગ્રાન્ટ હોવાનું એનએસયુઆઈ અને કોંગ્રેસના નેતાઓનું કહેવું છે. આક્ષેપ મુજબ, પૂર્વ કુલપતિ ડૉ. નીરજા ગુપ્તાએ પોતાને જ આ પ્રોજેક્ટના પીઆઈ તરીકે નિયુક્ત કર્યા હતા. આ હોદ્દા માટે તેમને કુલપતિ તરીકે મળતા પગાર ઉપરાંત આશરે રૂ.૪.૨૦ લાખનું વધારાનું મહેનતાણું મળ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જોકે, આ તમામ આક્ષેપોની સત્તાવાર તપાસ બાદ જ હકીકત સ્પષ્ટ થશે.

# ઈસ્કોન મંદિર ભાડજમાં સ્વાગતમ્ કૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી

અમદાવાદ,

અમદાવાદના ઈસ્કોન હરેકૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા ભગવાન શ્રીકૃષ્ણની જન્માષ્ટમી નિમિત્તે 'સ્વાગતમ્ કૃષ્ણ ૨૦૨૬' સંદેશ સાથે સમગ્ર ગુજરાતમાં ભવ્ય ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.આ મહોત્સવ અંતર્ગત ભાડજ મંદિર ખાતે ૨૩ થી ૨૮ ઓગસ્ટ દરમિયાન ઝૂલન મહોત્સવ અને ૪ સપ્ટેમ્બરે મુખ્ય જન્માષ્ટમી મહોત્સવ યોજાશે. આ પ્રસંગે સવારે ૮ વાગ્યાથી રાત્રીના ૧૨:૩૦ વાગ્યા સુધી ભાડજ મંદિર અને ગાંધીનગર સેક્ટર-૧ ખાતે વિશેષ કાર્યક્રમો રહેશે. તદુપરાંત, ૨૨ ઓગસ્ટથી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન અમદાવાદ, ગાંધીનગર,



રાજકોટ, સુરત, વડોદરા, સાણંદ, વિરમગામ અને કડી-કલોલ સહિતના શહેરોમાં આધ્યાત્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.વિવિધ શહેરોમાં યોજાનાર કાર્યક્રમોની તારીખ મુજબની વિગતો નીચે મુજબ છે. ૨૨ ઓગસ્ટના રોજ ચાંદખેડા, ગોતા અને પાલજમાં કાર્યક્રમ યોજાશે. ૨૩ ઓગસ્ટના રોજ રાજકોટની સિસન્સ હોટેલ ખાતે, ૨૯ ઓગસ્ટના રોજ ચાંદલોડિયાના મંગલપાંડે હોલ ખાતે, તથા ૩૦ ઓગસ્ટના રોજ સાણંદ, કલોલ, વેદમંદિર અને મણિનગરમાં આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૪ સપ્ટેમ્બરે સુરતના મહેશ્વરી ભવન અને વડોદરાના ઈવામોલ ખાતે ભવ્ય ઉજવણી થશે. વિશેષરૂપે સમગ્ર શ્રાવણ માસ દરમિયાન વિરમગામના ૧૦ ગામોમાં પણ વિવિધ કાર્યક્રમો યોજાશે.જગનમોહન કૃષ્ણ દાસજીએ જણાવ્યું છે કે આ પહેલનો મુખ્ય ઉદ્દેશ જન્માષ્ટમીનો દિવ્ય સંદેશ સમાજના દરેક વર્ગ એટલે કે અબાલ-વૃદ્ધ, સ્ત્રી-પુરુષ અને યુવાઓ સુધી પહોંચાડવાનો છે. શ્રીલ પ્રભુપાદની પ્રેરણાથી યોજાનાર આ મહોત્સવમાં દર્શન, કીર્તન, ભક્તિસંગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમો મુખ્ય આકર્ષણ રહેશે.

સૌરાષ્ટ્ર આસપાસ

# કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના પ્રવાસને લઈને લાઠીના દુધાળા વિસ્તારમાં 'નો-ફ્લાય ઝોન' જાહેર



અમરેલી:

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ આગામી તા.૨૭/૦૮/૨૦૨૬ ના રોજ અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દુધાળા-હેતની હવેલી ખાતે તળાવના લોકાર્પણ કાર્યક્રમમાં પધારનાર છે. મહાનુભાવશ્રી "ઢ+ ઝઈંહ્ર" કક્ષાની ઉચ્ચ સુરક્ષા ધરાવતા હોઈ, કાયદો-વ્યવસ્થા તેમજ સુરક્ષા-સલામતીના ભાગરૂપે અમરેલીના જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વિકલ્પ ભારદ્વાજ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું બહાર પાડીને સંબંધિત વિસ્તારને "નો-ફ્લાય ઝોન" જાહેર કરવામાં આવ્યો છે.

આ હુકમ અન્વયે તા.૨૭/૦૮/૨૦૨૬ ના રોજ લાઠી તાલુકાના દુધાળા હેતની હવેલી ખાતે આવેલ ફુલીબા ક્રિકેટ સ્ટેડીયમ હેલીપેડ, સભા સ્થળ, હેતની હવેલી, બાનું ઘર તથા ગુજરાત ગૌરવ સરોવર કાર્યક્રમ સ્થળની આસપાસના બે કિલોમીટરની ત્રિજ્યાના વિસ્તારમાં સત્તાવાર પરવાનગી વગર તમામ પ્રકારની ફ્લાઈટ, હેલિકોપ્ટર, ડ્રોન કે ટ્રેઈની પ્લેન (એરક્રાફ્ટ)ના ઉતરાણ કે ઉડ્ડયન કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

આ પ્રતિબંધમાંથી કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીના હેલીકોપ્ટર/ચોપર, અતિથિ વિશેષો તેમજ ખાસ ફરજ પરના સત્તાવાર અધિકારીઓના ડ્રોન-ચોપરને મુક્તિ આપવામાં આવી છે. આ જાહેરનામાના નિયમોનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કડક કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# યુવાનો માટે BSF નિવાસી તાલીમ વર્ગ અંતર્ગત ફ્રી ટ્રેનિંગની સુવર્ણ તક: ૧૫ દિવસમાં અરજી કરવી

અમરેલી:ગુજરાત રાજયના યુવાનો મોટી સંખ્યામાં દેશની સંરક્ષણ અને પોલીસ દળની ભરતીઓમાં જોડાઈને દેશસેવા કરી શકે તેવા ઉદ્દેશ્યથી એક વિશેષ નિવાસી તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા રોજગાર કચેરી-અમરેલી દ્વારા સંરક્ષણ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા અમરેલી જિલ્લાના માત્ર પુરુષ ઉમેદવારો માટે ૩૦ દિવસના BSF નિવાસી તાલીમ વર્ગ-૨૦૨૬નું આયોજન કચ્છ-ભુજ ખાતે કરવામાં આવ્યું છે.

આ નિવાસી તાલીમ વર્ગ સંપૂર્ણપણે નિઃશુલ્ક (ફ્રી) રહેશે. જેમાં પસંદગી પામેલા તાલીમાર્થીઓને રહેવા-જમવાની સગવડ તેમજ શારીરિક કસોટી અને લેખિત કસોટી માટેની વિશેષ તાલીમ પણ નિઃશુલ્ક આપવામાં આવશે. આ ટ્રેનિંગ મેળવવા માટે ઉમેદવાર ઓછામાં ઓછું ધોરણ-૧૦ (એસ.એસ.સી.) પાસ કે તેથી વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતો હોવો જોઈએ. વધુમાં, અરજી કરનાર પુરુષ ઉમેદવારની ઉંમર ૧૭.૫ વર્ષથી ૨૫ વર્ષની વચ્ચે હોવી અનિવાર્ય છે, તેમજ તેઓ શારીરિક અને માનસિક રીતે સક્ષમ હોવા જોઈએ. આ નિવાસી તાલીમ કચ્છ-ભુજ ખાતે મેળવવાની રહેશે.

આ નિઃશુલ્ક તાલીમ વર્ગમાં જોડાવા માટે રસ ધરાવતા લાયક ઉમેદવારોએ જિલ્લા રોજગાર કચેરી, અમરેલી ખાતેથી સત્તાવાર ફરજિયાત અરજી ફોર્મ મેળવવાનું રહેશે. ફોર્મ મેળવ્યા બાદ સંપૂર્ણ વિગતો ભરીને દિન-૧૫ની અંદર પોતાની અરજી જિલ્લા રોજગાર કચેરી, બહુમાળી ભવન, અમરેલી ખાતે ટપાલ દ્વારા અથવા રૂબરૂ જઈને જમા કરાવવાની રહેશે, જેની સંબંધિત ઉમેદવારોએ ખાસ નોંધ લેવી તેમ જિલ્લા રોજગાર કચેરીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ઊનામા સંસ્કૃત ગૌરવ યાત્રા યોજાઈ



(કૈલેશ ભટ્ટ દ્વારા) ઉના:

શ્રી ગાંધી કન્યા હાઈસ્કૂલ, ઉના ખાતે સંસ્કૃત સપ્તાહ અંતર્ગત 'સંસ્કૃત ગૌરવ યાત્રા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ યાત્રા કેળવણી મંડળના પ્રમુખ જીતુભાઈ શેઠ, ચંદુભાઈ છગ, C.R.C. દિલીપભાઈ પરમાર (A.E.I.), દીપકભાઈ મકવાણા અને શાળા સંકુલના કન્વીનર દીપ્તિબેન ગૌસ્વામીની પ્રેરક ઉપસ્થિતિ તથા માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી.

શહેરના મુખ્ય માર્ગો પર નીકળેલી આ ગૌરવ યાત્રાનું સફળ સંચાલન સંસ્કૃત વિષયના શિક્ષકો કુ. સવિતાબેન વઢવાણા તથા શ્રીમતી અનિલાબેન જોશીની આગેવાનીમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીનીઓએ સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અર્થે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# જિલ્લામાં તા.૭ સપ્ટેમ્બર સુધી હથિયારબંધી: પરવાનગી વગર સભા સરઘસ માટે પ્રતિબંધ

અમરેલી:જિલ્લામાં ઈદ-એ-મિલાદ અને રક્ષાબંધન તહેવારની ઉજવણીને લઈને કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ-શાંતિ જળવાઈ રહે તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ કલમ-૩૭ (૧), ૩૭ (૩) અને ૩૩ હેઠળ અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, આ જાહેરનામું તા.૦૭.૦૯.૨૦૨૬ સુધી અમલી રહેશે.

જાહેરનામા મુજબ, જિલ્લામાં શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ કે ઈજા પહોંચાડવામાં ઉપયોગી હોય તેવી ચીજવસ્તુ, નીતિનો ભંગ થતો હોય તેવા કે રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણ આપવા કે ચાળા પાડવા, નકલ કરવી, ચિત્રો, નિશાનીઓ દેખાડવા કે ફેલાવવા નહિ. કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા સહિતની બાબતો પ્રતિબંધિત રહેશે. આ ઉપરાંત વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃત્તિઓ અથવા પૂતળા દેખાડવાની, લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની મનાઈ છે. સભા-સરઘસ હથિયારબંધી રહેશે.

જિલ્લામાં સંબંધિત સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી કે પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી-પરવાનગી સિવાય લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ છે.

ફરજ પર રોકાયેલા હોય તેવા પોલીસ જવાનો તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી અને અર્ધ સરકારી અધિકારી-કર્મચારીને કે શારીરિક અશક્ત વ્યક્તિઓને, વરઘોડા કે સ્મશાન યાત્રાને આ હુકમ લાગુ પડશે નહીં. આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ કલમ-૧૩૧ અને કલમ-૧૩૫ અન્વયે સજા અને દંડને પાત્ર છે.

# અમરેલી ખાતે બ્રહ્મકુમારીઝ દ્વારા રક્તતદાન કેમ્પ યોજાયો




(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

બ્રહ્માકુમારીઝ અમરેલી પ્રવારા ગ્રીનપાર્ક સોસાયટી કેરીયારોડ, દિવ્યઅનુભૂતિ ભવન અમરેલી ખાતે તા. ૨૩/૮/૨૦૨૬ને રવિવારના સવારના રાજયોગીની દાદી પ્રકાશમણિજીની ૧૯મી પુણ્ય સ્મૃતિ નિમિતે તથા બ્રહ્માકુમારીઝ ગોલ્ડન જયુબિલી વર્ષના પાવન અવસરે વિશ્વ બંધુત્વ રકતદાન મહાઅભિયાન અંતર્ગત બ્રહ્માકુમારીઝ અમરેલી, વેપારી મહામંડળ, રોટરી કલબ ઓફઅમરેલી (ગીર) તથા રેડક્રોસ સોસાયટીના સંયુક્તત ઉપક્રમે યોજાયેલ શિબિરનું ઉદઘાટન કરતા ડો.કાનાબાર પ્રમુખ, રેડ ક્રોસ સોસાયટી અમરેલીએ જણાવેલ કે શરીરના ભાગના દાનનું મૂલ્ય અમૂલ્ય છે. સંસ્થા વિશે વાત કરતા જણાવેલ કે મારી દિકરી ડીસ્ટર્બ થઈ ગયેલ, ઉઘ ન આવવી, કામમાં રૂચી રસ ન રહે સતત બેચન રહે, સાઈકોલોજીકલ ડીસ્ટર્બ થઈ ગયેલ ત્યારે બ.કુ. સંસ્થા લાવેલ દીદીઓએ મેડિટેશન અને પાલના કરતા થોડાજ સમયમાં પહેલા જેવી સ્વસ્થ બની ગયેલ, નોર્મલ જીવન જીવવા લાગેલ. આવી પવિત્ર સંસ્થા આજે સુંદર કાર્ય થઈ રહયુ છે. તયાર બાદ રાજયોગીની ગીતાદીદીએ જ્ઞાનપાન, યોગ, ઘ્યાન અને રકતદાનના મહત્વ વિશે આઘ્યાત્મિક માર્ગદર્શન આપેલ. સંજયભાઈ વણાજારા ચેરમેન વેપારી મહામંડળ, બિરજુભાઈ અટારા પ્રમુખ વેપારી મહામંડળ રવિભાઈ પરીખ પ્રમુખ તથા ડો.જીત જોષી સેક્રટરી, રોટરી કલબ ઓફ અમરેલી (ગીર) ભાવેશભાઈ સોઢા, દિનેશભાઈ ભુવા તથા ડો. વઘાસીયાના કરકમળોથી દીપ પ્રજવલિત કરેલ. આ કેમ્પમાં બ્ર.કુ કિંજલબેન, બ.કુ. વસુધાબેન, બ્ર.કુ. કોમલબેન,બ્ર.કુ. અર્ચનાબેન સહિત બ્રહ્માકુમારીના પરીવારના સભ્યો તથા તમામ સંસ્થાના સભ્યો તથા નાગરીકોએ ઉત્સાહભર રકતદાન કરી ૫૦ યુનિટ રકતદાન કરેલ. રકતદાન નિમિતે નશા મુકતીની પ્રતિજ્ઞા કરાવવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમમાં રક્તદાનથી જીવનદાન, માનવતાની સાચી ઉપાસનાનો સંદેશ પ્રસર્યો. તેમ ફિલ્ડ રીપોટર બ્ર.કુ. આઈપી. બારડની યાદી જણાવે છે.

# ગણેશ મહોત્સવની ઉજવણી સંદર્ભે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે નિયંત્રક જાહેરનામું બહાર પાડ્યું

## ગણેશજીની માટીની મૂર્તિ ૯ ફૂટ અને POPની ૫ ફૂટ સુધીની મૂર્તિઓનું સ્થાપન કરવા તેમજ સી.સી.ટી.વી સહિતના નિયમોનું પાલન ફરજિયાત



અમરેલી:

જિલ્લામાં ગણેશ મહોત્સવ શાંતિપૂર્ણ અને પર્યાવરણ અનુકૂળ માહોલમાં ઉજવાય તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ સમગ્ર જિલ્લામાં નિયંત્રક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જે અંતર્ગત ગણેશજીની માટીની મૂર્તિ બેઠક સહિત વધુમાં વધુ ૯ ફૂટ અને પી.ઓ.પી.ની મૂર્તિ વધુમાં વધુ ૫ ફૂટ સુધીની જ બનાવીને વેચાણ કે સ્થાપિત કરી શકાશે.

મૂર્તિઓમાં ઝેરી કેમિકલયુક્ત રંગોના ઉપયોગ પર, મંજૂરી વગરના સ્થળોએ વિસર્જન કરવા પર તેમજ કોઈપણ ધર્મની લાગણી દુભાય તેવા ચિહ્નો રાખવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. આ ઉપરાંત ગણેશ પંડાલના આયોજકો માટે સી.સી.ટી.વી. કેમેરા અને અગ્નિશામક સાધનો ફરજિયાત લગાવવાના રહેશે. મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવવાની કામગીરી કરે છે, તે જગ્યા તથા વેચાણ માટે રાખે તે જગ્યાની આજુબાજુ તથા નજીકમાં કોઈપણ પ્રકારની ગંદકી કરવા કે મૂર્તિ રોડ ઉપર જાહેરમાં ખુલ્લી રાખવા ઉપર તથા મૂર્તિઓના સ્થાપન દિવસ બાદ વધેલી કે ખંડિત થયેલ મૂર્તિઓને બિનવારસી હાલતમાં મૂકવા ઉપર પણ પ્રતિબંધ રહેશે.

આ હુકમ તા.૨૫/૦૮/૨૦૨૬ થી તા.૨૬/૦૯/૨૦૨૬ સુધી અમલી રહેશે. હુકમનો ભંગ કરનાર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કડક કાનૂની અને દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# ૨૬ ઓગસ્ટ, "ઈન્ટરનેશનલ ડોગ ડે":મનુષ્યનો સૌથી વફાદાર મિત્ર એટલે કૂતરો

## કૂતરા એટલે મફતમાં ઝેડ પ્લસ સીક્યોરિટી આપનાર પ્રાણી



કૂતરા એ માણસોની સૌથી નજીક રહેતા પશુઓ છે. તેઓ માણસોને કાયમ વફાદાર રહે છે. કૂતરા એ માણસની ભાવનાઓને સારી રીતે સમજવાની ક્ષમતા ધરાવે છે. તેમની આ જ વફાદારીને મનાવવા માટે ૨૬ ઓગસ્ટે "વર્લ્ડ ડોગ ડે" મનાવવામાં આવે છે. માણસના સૌથી પ્રિય મિત્ર તરીકે જાણીતા કૂતરા એ મનુષ્ય સાથે બિનશરતી પ્રેમ કરે છે.

"ઈન્ટરનેશનલ ડોગ ડે" મનાવવાનું ચલણ ૨૦૦૪ માં અમેરિકાની કોલિન પેજ એ કર્યું હતું. તે સંરક્ષણવાદી, પશુ બચાવ અધિવક્તા, ડોગ ટ્રેનર અને લેખિકા છે. આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ એ હતો કે દરેક નસ્લના કૂતરાઓને સાચવવા માટે લોકો આગળ આવે. પ્રથમ "આંતરરાષ્ટ્રીય ડોગ ડે" ૨૬ ઓગસ્ટ, ૨૦૦૪ નાં રોજ મનાવવામાં આવ્યો હતો. ૨૦૧૩ થી ડોગ દિવસને માન્યતા મળી અને દરેક દેશોમાં આ દિવસ મનાવવાની શરૂઆત થઈ. કોલિન પેજ એ ૨૬ ઓગસ્ટ ને જ ડોગ ડે તરીકે એટલે પસંદ કર્યું કારણ કે આ તારીખે તેમના પરિવાર એ પોતાના પહેલા કૂતરા ' શેલ્ટી ' ને એક પશુ આશ્રય ગૃહમાંથી લાવીને અપનાવ્યું હતું. કેલીન પેજ ઘણા અન્ય નેશનલ દિવસો જેવા કે પપ્પી ડે, નેશનલ કેટ ડે, નેશનલ વાઈલ્ડ લાઈફ ડે ના સંસ્થાપક પણ છે.

કૂતરા અને વ્યક્તિના સંબંધમાં કેટલાય પ્રકારની શોધ થતી રહી છે. વૈજ્ઞાનિકોને શોધમાં જાણવા મળ્યું છે કે કૂતરાં પાળવાથી વ્યક્તિની ફિઝિકલ એક્ટિવિટી વધે છે. જેના કારણે ઑબેસિટી અને ડાયાબિટીસ થવાનું જોખમ પણ ઘટી જાય છે. આ જ કારણ છે કે કૂતરાં મનુષ્યના સારા મિત્ર હોય છે. મનુષ્યોમાં મિત્રતા પાછળ હંમેશા કોઇને કોઇ સ્વાર્થ તો હોય જ છે, પરંતુ કૂતરા કોઇ પણ બાબતે સ્વાર્થી નથી હોતા. કૂતરા નિસ્વાર્થ ભાવથી પોતાના માલિકને પ્રેમ કરતાં હોય છે અને તેના બદલે માલિક પાસેથી પણ માત્ર પ્રેમની જ આશા રાખતા હોય છે. કોઇ પણ સંકટ અથવા મુશ્કેલ સમયમાં કૂતરા પોતાના માલિકનો જીવ બચાવવા માટે પોતાનો જીવ ગુમાવવા માટે પણ તૈયાર હોય છે. કૂતરા આંખો જોઈને માણસોના હાવભાવ ઓળખી લેતા હોય છે. ૧ વર્ષની ઉંમરનો કૂતરો એટલો મોટો હોય છે જેટલો ૧૫ વર્ષનો એક બાળક હોય અને કૂતરા ૨ વર્ષના બાળક જેટલા સમજદાર થઈ શકે છે અને તેઓ ૧૫૦ શબ્દ પણ શીખી શકે છે. કૂતરાની સૂંઘવાની શક્તિ પણ માણસથી સુંઘવાની શક્તિ કરતા ૧૦૦૦ ગણા વધારે હોય છે. માદા કૂતરીઓ પોતાના ગર્ભમાં ૬૩ દિવસ બાળકોને રાખે છે. "કૂતરાથી સાવધાન" એવી ચેતવણી પ્રાચીન રોમના એક શહેરના દરવાજા પર સૌપ્રથમ વાર લખેલી મળી હતી. કૂતરાઓનું પ્રાચીન કાળથી જ અનેરું મહત્વ છે. આપણા પૂર્વજો એમ કહેતા કે પહેલી રોટલી ગાયની અને બીજી રોટલી કૂતરાની. જેનો અર્થ હતો કે કૂતરા ફ્રી માં ઝેડ પ્લસ સિક્યોરિટી આપે છે તેથી તેમનું રક્ષણ, પોષણ કરવું એ આપણી જવાબદારી છે. મહાભારતનાં સમયમાં યુધિષ્ઠિર જયારે પોતાના ભાઈઓ અને પત્ની દ્રૌપદી સાથે સ્વર્ગ સુધી જઈ રહ્યા હતા ત્યારે ભાઈઓ અને પત્નીનાં મૃત્યુ બાદ કૂતરો જ હતો જે પહેલેથી અંત સુધી એમની સાથે રહ્યો હતો. ૮૪ લાખ યોનિના ફેરાઓમાં કૂતરાનો જન્મ એ છેલ્લો જન્મ કહેવાય છે.

આજના સમયમાં કૂતરા અને માણસ વચ્ચેના લાગણીસભર સંબંધને '૭૭૭ ઝરઙ્ઘૈં' અને 'ર સ્અ ઈજ્ઞ' જેવી ફિલ્મોએ પણ સુંદર રીતે રજૂ કર્યો છે. આ ફિલ્મો દર્શાવે છે કે કૂતરો માત્ર પાળતુ પ્રાણી નથી, પરંતુ પરિવારનો એક સભ્ય, સાચો મિત્ર અને નિઃસ્વાર્થ સાથી બની શકે છે. પ્રેમ, વફાદારી અને વિશ્વાસથી ભરેલો આ સંબંધ આપણને પ્રાણીઓ પ્રત્યે વધુ સંવેદનશીલ બનવાની પ્રેરણા આપે છે.

શ્વાન પ્રત્યેની આપણી જવાબદારી માત્ર પાલતુ કૂતરાઓ પૂરતી સીમિત ન રહેવી જોઈએ. શેરી અને ગલીમાં રહેતા સ્ટ્રે ડોગ્સ પણ આપણા સમાજનો એક ભાગ છે, જે કોઈ અપેક્ષા વિના પોતાના વિસ્તારની સુરક્ષામાં ભૂમિકા ભજવે છે. તેમને સ્વચ્છ પાણી, યોગ્ય ખોરાક અને જરૂર પડે ત્યારે સારવાર મળે તે આપણી માનવીય જવાબદારી છે.

# અમરેલીના ઈન્દિરા શોપિંગ સેન્ટરમાં ટ્રાન્સફર ફી ૩ લાખ હોય ઘટાડવા ચેમ્બરની રજુઆત

## દુકાનધારક પાસેથી લેવાતા ભાડાની રકમ ઉપરનો જીએસટી બંધ કરવા માંગ

અમરેલી:અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ ચતુરભાઈ પટેલે પાલિકા પ્રમુખને પત્ર પાઠવેલ છે. પત્રમાં જણાવેલ છે કે, અગાઉ નગરપાલિકાના ઈન્દિરા શોપીગ સેન્ટરમાં રૂા.૩૫ થી ૫૫ હજાર જુની ટ્રાન્સફર ફી હતી તે વધારીને હાલમાં રૂા.૩ લાખ કરવામાં આવેલ છે. તો આ મિલ્કત નગરપાલિકાની ૪૦ વર્ષ જુની દુકાનો છે અને હાલમાં આ મિલ્કત જર્જરીત થઈ ગયેલ છે અને દુકાન લે-વેચ થાય તેમાં કોઈપણ માલિક દુકાન ટ્રાન્સફર કરાવતા નથી. માટે નગરપાલિકાને પણ મોટી નુકસાની પડે છે. માટે આ બાબતે યોગ્ય નિર્ણય લઈને ટ્રાન્સફર ફી ઘટાડવી જોઈએ. અમરેલી શહેરમાં ઘણી બધી સંસ્થાના શોપીગ સેન્ટરો છે તેમાં સામાન્ય ટ્રાન્સફર ફી છે અને નગરપાલિકા દ્વારા મનઘડત રીતે વધારો કરવામાં આવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, ઈન્દિરા શોપીગ સેન્ટરમાં દુકાન ભાડા તા. ૩૧/૩/૨૭ના રોજ મુદત પુરી થાય છે ત્યારબાદ નગરપાલિકા ભાડામાં ફેરફાર કરી શકે છે. બીજા ઘણા બધા શોપીગ સેન્ટર છે તેમાં નોર્મલ ભાડુ છે અને તેની ઉપર જી.એસ.ટી. પણ નથી. માટે વેપારીઓને સાંભળ્યા સિવાય ભાડામાં ફેરફાર કરવો નહી.હાલમાં નગરપાલિકા દ્વારા દુકાન ભાડા ઉપર ૧૮% જી.એસ.ટી. લેવામાં આવે છે. તો વેપારીઓને ખરીદ-વેચાણ ઉપર જી.એસ.ટી. હોય છે. બીજી કોઈ સંસ્થામાં ભાડા ઉપર જી.એસ.ટી. નથી અને આ બાબતે સરકારનો કોઈ પરીપત્ર હોય તો અમોને આપવા અને ભાડા ઉપર જી.એસ.ટી. દુર કરવા અંતમાં માંગ કરેલ છે.


સાવરકુંડલા નગરપાલિકા - સાવરકુંડલા

જીલ્લો : અમરેલી

ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ નોટીસ

આથી સાવરકુંડલા નગરપાલિકા, સાવરકુંડલા, જી.અમરેલીને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ સને ૨૦૨૬-૨૭ વર્ષના વાર્ષિક રેઇટ કોન્ટ્રાકટ માટે સરકારશ્રી દ્વારા મંજુર થયેલ તથા મળવાપાત્ર ગ્રાંટ/લોન તેમજ સ્વભંડોળ હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર આમંત્રિત કરે છે. કામનં.૧:- વાર્ષિક રેઇટ કોન્ટ્રાકટથી વાહન રીપેરીંગને લગતા માલ-સામાન સાથે મજુરી કામગીરી, કામનં.૨:- વાર્ષિક રેઇટ કોન્ટ્રાકટથી પાણી પુરવઠા શાખા માટે સબમર્સીબલ પમ્પ તેમજ મોટર રીવાઇડીંગને લગતા માલ-સામાન સાથે મજુરી કામગીરી, કામનં.૩:- વાર્ષિક રેઇટ કોન્ટ્રાકટથી ભુગર્ભ ગટરના આવેલ પંપીગ સ્ટેશનની મોટરો તથા પેનલ બોર્ડ તથા વલોણાને લગતા માલ-સામાન સાથે મજુરી કામગીરી, કામનં.૪:- વાર્ષિક રેઇટ કોન્ટ્રાકટથી સ્ટેશનરીને લગતા માલસામાન સપ્લાય કરવાની કામગીરી, કામનં.૫:- વાર્ષિક રેઇટ કોન્ટ્રાકટથી ઇલેકટ્રીક શાખા માટે સ્ટ્રીટ લાઇટને લગતા માલ-સામાન સાથે મજુરી કામગીરી, કામનં.૬:- વાર્ષિક રેઇટ કોન્ટ્રાકટથી ૪ સીટર તથા ૭ સીટર (એ.સી./નોન એ.સી.) ગાડી ભાડે થી મોકલવાની કામગીરી, કામનં.૭:- વાર્ષિક રેઇટ કોન્ટ્રાકટથી જુદી-જુદી સાઇઝના નવા બોર, રીબોર તેમજ દારમાં પડી ગયેલ મોટર લાઇન કાઢી આપવા માટે અને તેને લગતા માલ-સામાન સાથે મજુરી કામગીરી અને કામનં.૮:- વાર્ષિક રેઇટ કોન્ટ્રાકટથી જુદા-જુદા વાહનો માટે ટાયર, ટયુબ તથા બેટરી તેને લગતા માલ-સામાન સાથે મજુરી કામગીરી કરાવવા માટે તા.૧૫/૦૯/૨૦૨૬ થી ઓનલાઇન ઈ-ટેન્ડરીંગ ભાવપત્રક, વિગતવાર ટેન્ડર નોટિસ, બીડ દસ્તાવેજો, પ્રાઈસ બીડ વગેરે વેબસાઈટ https://tender.nprocure.com ઉપર ઉપલબ્ધ થશે અને ડાઉનલોડ થશે અને હવે પછીની તમામ આનુષાંગિક માહિતી, સૂચના અને સુધારા ઉપર જણાવેલ વેબસાઇટ પર મુકવામાં આવશે. સાવરકુંડલા નગરપાલિકા કોઈપણ કારણ દર્શાવ્યા વગર પ્રાપ્ત થયેલી કોઈપણ અથવા બધી ઓફરોને નકારવાનો અધિકાર અનામત રાખે છે.

ચીફ ઓફીસર સાવરકુંડલા નગરપાલિકા — પ્રમુખ સાવરકુંડલા નગરપાલિકા

(જીમાક)અમર/૨૪૨/૨૫


# ઉના તાલુકાના ખાપટ ગામે દીપડીનો મૃતદેહ મળી આવતા વન વિભાગ દોડતું થયું

કૈલૈશ ભટ્ટ ઉના: ઉના: ઉના તાલુકાના ખાપટ ગામના નવાપરા વિસ્તારમાંથી એક દીપડીનો મૃતદેહ મળી આવતા સ્થાનિકોમાં ચકચાર મચી હતી. ઘટનાની જાણ વન વિભાગને કરવામાં આવતા વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

વન વિભાગની ટીમે દીપડીના મૃતદેહનો કબજો મેળવી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસ દરમિયાન દીપડીનું મોત અન્ય વન્યપ્રાણી સાથેની લડાઈ એટલે કે ઈનફાઈટના કારણે થયું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

જોકે, દીપડીના મોતનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. વન વિભાગ દ્વારા સમગ્ર ઘટનાને લઈને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# દામનગરમાં ખાડાઓમાં માર્ગથી શહેરીજનો પરેશાન



(મિલાપ રૂપારેલ દ્વારા) અમરેલી:

દામનગર શહેરની જનતા અને વાહનચાલકો રસ્તા ઉપર પડેલા ખાડાઓથી ભારે પરેશાન તો થાય છે, તદુપરાંત અકસ્માત થવાના કારણે ફરિયાદ કોને કરવી! માર્ગ અને મકાન વિભાગ હસ્તકના અને નગરપાલિકાનિ હદમાં આવતા રસ્તાઓ ઉપર ખાડાઓ, ખાસ કરીને પોલીસ સ્ટેશનથી લઈને ગર્લ્સ હાઈસ્કૂલની સામે પડેલા ખાડાઓ શું ધારાસભ્ય અને પ્રજાના પ્રતિનિધિઓને દેખાય તો છે, આને વિકાસ કહેતા હશે!


ગુજરાત રાજ્ય

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

"ઈ" પ્રોક્યુરમેન્ટ જાહેર નિવિદા નં. ૦૨ સને ૨૦૨૬-૨૭

| કામનું નામ | આશરે અંદાજિત રકમ |
|---|---|
| પ્રોવાઇડીંગ એન્ડ ફિક્સીંગ પ્રોટેક્શન રેલીંગ ,એન્ટ્રન્સ ગેટ,ગેજ પોસ્ટ,સેલિએન્ટ ફીચર્સ બોર્ડ એન્ડ સાઇન બોર્ડ એટ વેરીયસ લોકેશન એટ સુરજવડી એન્ડ શેલદેદુમલ ઇરીગેશન સ્કીમ | રૂ. ૫,૦૩,૫૯૪.૬૦ |
| ટેન્ડર ઓનલાઈન સ્વીકારવાની તારીખ અને સમય | તા.૦૩/૦૯/૨૦૨૬ સમય ૧૨.૧૦ કલાક થી |
| ટેન્ડર ઓનલાઈન સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | તા.૧૭/૦૯/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધી |

સંબંધિત નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીનું નામ અને સરનામું.
નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ પેટા વિભાગ, સાવરકુંડલા, ૩૭, શિવશક્તિ સોસાયટી, આંખની હોસ્પીટલ સામે, હાથસણી રોડ, સાવરકુંડલા-૩૬૪૫૧૫. ફોન.નં.(૦૨૮૪૫) ૨૪૨૩૮૪.

વધુ વિગતો www.nprocure.com & www.statenders.gujarat.gov.in પર જોઈ શકાશે.

નોંધ:- હવે પછીના કોઈપણ સુધારાઓ હશે તે www.nprocure.com સાઈટ પર ઓનલાઈન સીધા કરવામાં આવશે.

માહિતી/અમર/૭૪૬ /૨૦૨૬-૨૭


## અવસાન નોંધ :

અમરેલી : અમરેલી નિવાસી અને હાલ અમદાવાદ અને શહેરની સરગમ સાપ્તાહિકના તંત્રી શાંતિભાઈ હરિભાઈ ગળથિયા (ઉ. વ.૮૪) તે પત્રકાર અતુલભાઈના સસરા તથા પ્રણવભાઈ, અલ્પાબેન, ડૉ. હેતલબેન, પ્રાંતિબેન, તથા અવનીબેનના પિતાજીનું તા.૨૨ શનિવારના રોજ અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણું તા.૨૭ ના રોજ ગંગાવિહાર, સોસાયટી, પાર્ટી પ્લોટ, લાઠી રોડ, અમરેલી ખાતે સાંજે ૪ થી ૬ સુધી રાખેલ છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)


સૌરાષ્ટ્ર આસપાસ

## સ્વચ્છ ઊર્જા - ટકાઉ ભવિષ્યનો આધાર

આજના આધુનિક યુગમાં દેશના સર્વાંગી વિકાસ માટે ઊર્જા એ સૌથી મહત્વપૂર્ણ જરૂરિયાત બની ગઈ છે. ઉદ્યોગો, કારખાનાં, ખેતી, પરિવહન, શિક્ષણ, આરોગ્ય અને ઘર-ઘર સુધીની તમામ પ્રવૃત્તિઓ વીજળી વિના અશક્ય છે. ભારત જેવો વિકાસશીલ દેશ જ્યારે ઝડપથી આર્થિક પ્રગતિ કરી રહ્યો છે, ત્યારે સ્વાભાવિક રીતે ઊર્જાની માંગ પણ દિવસેને દિવસે વધી રહી છે. આ વધતી જતી માંગને પહોંચી વળવા માટે આપણે લાંબા સમયથી કોલસો, પેટ્રોલ, ડીઝલ અને કુદરતી ગેસ જેવા પરંપરાગત ઊર્જા સ્ત્રોતો પર આધાર રાખતા આવ્યા છીએ.

પરંતુ આ પરંપરાગત સ્ત્રોતોના ઉપયોગની ગંભીર કિંમત આપણે ચૂકવવી પડી રહી છે. કોલસાથી ચાલતા થર્મલ પાવર પ્લાન્ટમાંથી નીકળતો ધુમાડો, કાર્બન ડાયોક્સાઇડ, સલ્ફર અને નાઇટ્રોજનના ઓક્સાઇડ હવાને પ્રદૂષિત કરે છે. તેનાથી ગ્લોબલ વૉર્મિંગ, આબોહવા પરિવર્તન, અકાળે વરસાદ અને સ્વાસ્થ્ય સંબંધી ગંભીર સમસ્યાઓ ઊભી થાય છે. આ ઉપરાંત, આ સ્ત્રોતો મર્યાદિત છે. એક દિવસ તે ખૂટી જવાના છે. તેથી, જો આપણે આપણી આવનારી પેઢીને સ્વચ્છ હવા અને સુરક્ષિત પર્યાવરણ આપવું હોય, તો ઊર્જા ઉત્પાદનના માળખામાં મૂળભૂત પરિવર્તન લાવવું અનિવાર્ય છે. આ પરિવર્તનનું નામ છે - સ્વચ્છ અને નવીનીકરણીય ઊર્જા.નવીનીકરણીય ઊર્જા એટલે એવી ઊર્જા જે કુદરતમાંથી સતત મળતી રહે છે અને ક્યારેય ખૂટતી નથી. તેમાં સૌથી મહત્વના બે સ્ત્રોતો છે - સૂર્ય ઊર્જા અને પવન ઊર્જા.સૂર્ય ઊર્જા એ ભારત માટે વરદાન સમાન છે. આપણા દેશમાં વર્ષના લગભગ ૩૦૦ દિવસ સૂર્યપ્રકાશ પુષ્કળ પ્રમાણમાં મળે છે. સોલાર પેનલ દ્વારા સૂર્યપ્રકાશને સીધો વીજળીમાં ફેરવી શકાય છે. આ પ્રક્રિયામાં કોઈ ધુમાડો, કોઈ અવાજ કે કોઈ કચરો પેદા થતો નથી. એક વખત પેનલ લગાવ્યા પછી, વર્ષો સુધી મફત અને સ્વચ્છ વીજળી મેળવી શકાય છે. ખેતરોમાં સોલાર પંપ, ઘરની છત પર સોલાર રૂફટોપ અને મોટા સોલાર પાર્ક આજે આનું ઉત્તમ ઉદાહરણ છે.બીજો મહત્વપૂર્ણ સ્ત્રોત છે પવન ઊર્જા. દરિયા કિનારે અને ખુલ્લા મેદાનોમાં વાતા ઝડપી પવનની મદદથી વિન્ડ ટર્બાઇન ફેરવીને વીજળી પેદા કરી શકાય છે. ગુજરાત અને તમિલનાડુ જેવા રાજ્યો પવન ઊર્જા ઉત્પાદનમાં દેશમાં મોખરે છે. ખાસ કરીને કચ્છના માંડવી અને જામનગરના દરિયાકાંઠે લાગેલા વિશાળ પવનચક્કીઓ સ્વચ્છ ઊર્જાના પ્રતીક સમાન બની ગઈ છે.આ બંને ઊર્જા સ્ત્રોતોના ફાયદા અનેક છે. સૌથી મોટો ફાયદો એ છે કે તે પર્યાવરણને નુકસાન પહોંચાડતા નથી. તેનાથી કાર્બન ઉત્સર્જન ઘટે છે, હવા શુદ્ધ રહે છે અને આબોહવા પરિવર્તનને અંકુશમાં રાખવામાં મદદ મળે છે. બીજું, આ ઊર્જા સ્ત્રોતો સ્થાનિક સ્તરે ઉપલબ્ધ છે, જેથી વિદેશમાંથી મોંઘા ક્રૂડ ઓઇલ કે કોલસાની આયાત પરની નિર્ભરતા ઘટે છે, જે દેશની આર્થિક સુરક્ષા માટે ખૂબ જ જરૂરી છે. ત્રીજું, તે ઊર્જા સુરક્ષા પ્રદાન કરે છે. ગામડાના છેવાડાના ઘર સુધી પણ સૂર્ય ઊર્જાથી વીજળી પહોંચાડી શકાય છે.આ દિશામાં ભારત સરકાર અને ગુજરાત સરકારે પ્રશંસનીય પગલાં લીધાં છે. કેન્દ્ર સરકારની 'પીએમ સૂર્ય ઘર - મફ્ત વીજળી યોજના' હેઠળ ઘરની છત પર સોલાર લગાવવા માટે સબસિડી આપવામાં આવે છે. 'પીએમ કુસુમ યોજના' હેઠળ ખેડૂતોને સોલાર પંપ માટે સહાય મળે છે. ગુજરાત સરકારે તો સોલાર પોલિસીમાં હંમેશા અગ્રેસર રહ્યું છે. ચારણકાનો વિશ્વનો સૌથી મોટો હાઇબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક અને પાટણનો સોલાર પાર્ક તેના ઉત્તમ ઉદાહરણો છે.જોકે, હજુ પણ કેટલાક પડકારો છે. સોલાર પેનલ અને વિન્ડ ટર્બાઇન લગાવવાનો શરૂઆતનો ખર્ચ વધુ લાગે છે, વીજળીનો સંગ્રહ કરવા માટે અદ્યતન બેટરીની જરૂર પડે છે અને લોકોમાં હજુ પૂરતી જાગૃતિનો અભાવ છે.

## કેમેરાની ફ્રેમમાં જ નહીં, જોનારના હૃદયમાં પણ રંગો ભરી દેતી તસ્વીર...



**ક્લિક કોર્નર**

- જયદીપ એ. દવે.

ફકત કેમેરાની ફ્રેમમાં જ નહીં પણ જોનારના હૃદયમાં રંગો ભરી દે એવી આ ભાવ. - સોમનાથ હાઈવે પરના ગામની તસવીર પ્રકૃતિની સર્જનશીલતાનો ઉત્તમ નમૂનો કહી શકાય. ઘડીક બાળક જેવા તોફાની તો ક્યારેક પીઢ વડીલ જેવા દેખાતા શ્રાવણી વાદળો,ઉર્જા વેરતી પવનચક્કીઓ, ધ્યાનસ્થ ઋષી જેવી અડગતાથી ઊભેલી ડુંગરમાળા અને વરસાદી વ્હાલ ઝીલી લીલીછમ્મ ભાસતી ધરાના સાયુજ્યથી ઊભરેલું આ બહુરંગી લેન્ડ સ્કેપનું દ્રશ્ય આપણા મનના ઈન સ્કેપને બદલી નાખવા સક્ષમ છે.

## શ્રાવણમાં શિવ-શક્તિની ભક્તિ

**વિશેષ**

આદિકાળથી સ્ત્રી શક્તિનો મહિમા દેવો અને મનુષ્યો દ્વારા ભરપેટ ગવાયો છે. દેવોના દેવ મહાદેવ પણ માને છે કે પ્રાણીમાત્રના દેહમાં આ શક્તિ રહેલી છે. આવી અલૌકિક દેવી શક્તિના કારણે જ ગૌતમ ઋષિના પત્ની અહલ્યા, પાંડવોના પત્ની દ્રોપદી, ભગવાન રામચંદ્રના પત્ની માતા સીતા, હરિશ્ચંદ્રના પત્ની તારામતી તથા રાજા રાવણના પત્ની મંદોદરી જેવી પાંચ મહાસતીઓના નામ માત્રનું રોજ સ્મરણ કરતાં મોટા પાપનો નાશ થાય છે. આદ્ય શંકરાચાર્યજીને પણ સાક્ષાત દેવીનો અનુભવ થતાં, અદ્વૈતવાદ પૂરવાર કરીને માનવું પડયું કે, 'હે મા, જે ચિતાની ભસ્મ આખા શરીરે લગાડે છે, જે હમેશાં વિષ ખાય છે, જે નગ્નાવસ્થામાં રહે છે, જે ગળામાં સર્પોની માળા ધારણ કરે છે, જે કપાલ ધારણ કરે છે એવા ભૂતોના અધિપતિ અને પશુઓના પતિ મહાદેવે જગદીશ્વરનું સ્થાન પ્રાપ્ત કર્યું છે તે હે ભવાની મા! ''તમારી સાથે લગ્ન કર્યું તેનું જ ફળ છે.'' વળી ગદ્ગદ્ કંઠે પ્રાર્થના કરીને ક્ષમા માગતા કહે છે કે 'કુપુત્રો જાયેત કવચિદપિ કુમાતા નભવતિ.' પૂત્ર કપૂત થાય છે પરંતુ માતા કુમાતા થતી નથી. આવી પ્રચંડ સ્ત્રી શક્તિનો પરચો આદિદેવ ભગવાન આશુતોષને પણ માતા પાર્વતી સાથેના પ્રથમ સંપર્કમાં જ થયો હતો.

પવિત્ર શ્રાવણમાસમાં પરમકૃપાળું પરમેશ્વરની અસીમકૃપાથી જ તેના શરણમાં જઈ યથાશક્તિ આરાધના થાય છે. દ્દઢ વિશ્વાસ, શ્રધ્ધા અને સાચા હૃદયથી કરેલી ભક્તિ અવશ્ય ફળ આપી જીવનને ધન્ય બનાવે છે કારણ કે મંત્ર આધિન દેવતા ચાર પ્રકારના પુણ્યશાળી માણસો શિવજીને ભજે છે તે દુઃખી, જિજ્ઞાસુ, અર્થની ઈચ્છાવાળો અને જ્ઞાની.તપમાં સદા તત્પર, વિરક્ત, પ્રસિદ્ધ યોગી, નિવૃત્તિરૂપ ઉત્તમ માર્ગમાં રહેનાર, પોતાના આત્મામાં રમનાર, નિર્લેપ, યોગદ્વારા આનંદમાં રહેનારા, અવધૂત શરીર ધારણ કરનાર, જ્ઞાની, આત્મદૃષ્ટા, કામરહિત એવા ભોળા શિવજીને સ્ત્રીનું શું કામ છે? પરંતુ વિશ્વ કલ્યાણ અર્થે બ્રહ્માજીએ સર્વ દેવો સહ કરેલી પ્રાર્થનાથી મહાદેવ લગ્ન કરવા સહમત થયા. બ્રહ્માજીના પુત્ર દક્ષ પ્રજાપતિ અને તેની પત્ની વીરિણીના ગૃહે આદ્યશક્તિ માતા જગદંબાએ સતી નામે જન્મ લીધો. તેઓ શિવના પ્રથમ પત્ની સતી નામે થયા. માતા સીતાને લક્ષ્મણ રેખા ઓળંગવાથી રામનો વિયોગ થયો તે જ પ્રમાણે શિવ વચન પર ચિત્તમાં ભ્રમ કરવાથી સતીને મહેદાવનો વિયોગ થયો હતો. પોતાના પતિ શિવનું પિતા દક્ષ દ્વારા થયેલ અપમાન સહન ન થતાં દેવી સતીમાતાએ કનખલ ક્ષેત્રમાં યોગમાર્ગે યરીકુંડ સમીપ દેહત્યાગ કર્યો. વિનાશકાળે વિપરીત બુદ્ધિ થવાથી દક્ષે શિવનો દ્રોહ કરી કોપ વહોરી લીધો. અફસોસ, શંકરને અતિપ્રિય અને તેમના દૈવતરૂપ દેવીસતીએ પ્રાણ છોડયા! કયા અતિદુષ્ટ પુરુષે તેમને કોપાવ્યા? ત્યારબાદ શિવ સતીદેવીના વિરહમાં અતિશય દુઃખી રહેવા લાગ્યા પરંતુ જન્મોજન્મના સાથી એવા શિવને પામવા સતીમાતાએ ફરી હિમાલય અને તેના પત્ની મેનાને ત્યાં કાલીરૂપે જન્મ લીધો જયાં તેઓ પાર્વતી રૂપે પૂજાયાં. ભગવાન શિવ ગૌર વર્ણ ધરાવે છે જ્યારે બંને દેવીઓ શ્યામવર્ણના હતા.માતા પાર્વતી હિમાલયને ઘેર જ્યારે આઠ વર્ષના થયા ત્યારે સતીના વિરહથી વ્યાકુળ રહેતા શિવ, દેવીનો જન્મ જાણી, એ અદ્ભૂત દેવીને હૃદયમાં ચિંતવી અત્યંત આનંદ પામ્યા. તેઓ એકાગ્રમનેતપ કરવા ગંગાવતાર નામના હિમાલયના શિખર પર ગયા. ત્યાં રહી જિતેન્દ્રીય શંકરે તપ કરવાનો આરંભ કર્યો અને સાવધાન થઈ પોતાના આત્માનું એકાગ્રચિંતન કરવા માંડયું. પ્રભુ શિવને પોતાના ધામમાં આવેલા જાણી અતિશય આનંદિત થઈ, નમ્રતાપૂર્વક હિમાલય પૂજનસામગ્રી સાથે સહપરિવાર રુદ્રના દર્શન કરવા ગયા ત્યારે સ્તુતીથી પ્રસન્ન થયેલા ભોળા મહેશ્વર બોલ્યા કે એકાંતે તપ કરવા તારા શિખર પર હું આવ્યો છું તેથી કોઈપણ અહીં પાસે ન આવે તેમ તમારે કરવું. પર્વતરાજ હિમાલયે નમન કરી કહ્યું કે આપની મારા પર કૃપા હોય તો બે સહિયર સાથે આવેલી મારી પુત્રીને આપની સેવા કરવા દો. ત્યારે યુવાવસ્થામાં આવેલા માતા પાર્વતીને જોતાં ખૂબ જ વિચારીને શિવે આ વચન કહ્યું,'હે પર્વતરાજ પોતાની પુત્રીને ઘેર રાખી તારે કાયમ મારા દર્શન માટે આવવું નહીંતર મારું દર્શન નહીં થાય.' હિમાલયે નમ્રતાથી કારણ પૂછતાં શિવ બોલ્યા, આ છોકરી કુંવારી છે વળી સર્વ શુભ લક્ષણોથી યુક્ત સુંદર



છે તેથી જ વિદ્વાનોએ સ્ત્રીને માયારૂપ કહી છે અને તેમાંય જુવાન સ્ત્રી તો તપસ્વીઓને ખાસ કરી વિઘ્ન કરનારી થાય છે તો મારા સંબંધમાં આવનારી સ્ત્રી સાથે મારે શું કામ છે?આ બધું શાંત ચિત્તે સાંભળી મહાદેવને પ્રણામ કરી માતા પાર્વતી આવું નિર્મમ વચન બોલ્યા, આપ મહાત્માને તપ કરવા જે આ બુદ્ધિ થઈ છે એ જ સર્વ કર્મોની શક્તિ, પ્રકૃતિ જાણવી એ પ્રકૃતિ વડે જ બધું રચાય છે, થવાય છે અને સંહારાય છે.

## એઆઇના પડછાયામાં એક યુગ આથમી ગયો

**એક સમય હતો જ્યારે સમયે જીવનની ગતિ ધીમી હતી, પણ તે ધીમી ગતિમાં એક અજબ પ્રકારની મીઠાશ અને સંતોષ હતો. સવારની શરૂઆત એલાર્મની ચિંતાથી નહીં, પણ પંખીઓના અવાજથી થતી હતી. લોકો પાસે સમય હતો. પાડોશીના ઘરે જઈને બેસવાનો સમય હતો, પરિવાર સાથે નિરાંતે જમવાનો સમય હતો અને સાંજે ચોરા પર ભેગા થઈને ગામગપાટા કરવાનો સમય હતો. જીવનમાં સુવિધાઓ ઓછી હતી, પરંતુ સુખની અનુભૂતિ વધુ હતી**

**આસપાસ ચોપાસ**

સુરેશ ભટ્ટ

સ્મૃતિના ઝરૂખેથી દેખાતું તે મધુર જીવન હવે ફરી જોવા નહીં મળે.તે કાળને જો સાહિત્યની નજરે તપાસીએ તો તે માત્ર જીવન નહોતું, એક કવિતા હતી. જ્યાં સંબંધોની શાહીથી રોજિંદા વ્યવહારો લખાતા હતા. માણસ પોતાના હાથ અને હૃદય બંનેથી કામ કરતો હતો. ખેતરમાં પરસેવો પાડતો ખેડૂત, લાકડામાંથી કલા કંડારતો સુથાર કે ખાતાવહીમાં મોતી જેવા અક્ષરે હિસાબ લખતો વેપારી, દરેકના કામમાં તેના વ્યક્તિત્વની સુગંધ હતી. તેમની આવડત જ તેમની ઓળખ હતી, કોઈ સર્ટિફિકેટ નહીં. યાદશક્તિ એટલી પ્રબળ હતી કે સો-સો લોકોના ફોન નંબર અને ગામના ચોરા રસ્તાઓ મનમાં જ અંકાયેલા રહેતા. રાહ જોવાની કળા માણસે ત્યારે જ શીખી હતી, જ્યારે ટપાલનો ઉત્તર આવતા અઠવાડિયા લાગતા હતા. આ ધીરજે જ માણસને ઘડ્યો હતો. સૌથી મોટી સમૃદ્ધિ એ હતી કે માણસ પોતાના મસ્તિષ્કનો સ્વામી હતો. તે જાતે વિચારતો, જાતે કલ્પના કરતો અને જાતે જ નિર્ણય લેતો. ભૂલો થતી, પણ તે ભૂલો જ તેની ગુરુ બનતી. સાંજ પડે ચૂલાના ધુમાડા સાથે વહેતી વાતોમાં જે હૂંફ હતી, તે આજના વાઈફાઈના સિગ્નલમાં ક્યાંય ખોવાઈ ગઈ છે.

પછી એક નવો સૂરજ ઊગ્યો, જેનો પ્રકાશ સ્ક્રીનનો હતો. કૃત્રિમ બુદ્ધિમત્તાએ કહ્યું કે હું તમને મુક્ત કરીશ. તેણે મુક્ત કર્યા પણ ખરા, શ્રમમાંથી મુક્ત કર્યા, પણ સાથે સાથે વિચારમાંથી પણ મુક્ત કરી દીધા. આજે આપણી આંગળીના ટેરવે આખી દુનિયા છે, પણ આપણા હૃદયના ટેરવે કોઈ નથી. આપણી પાસે સમય બચાવવાના હજારો સાધનો છે, પણ બચેલો સમય ક્યાં વાપરવો તેની જ ખબર નથી. આપણે સતત દોડીએ છીએ, પણ ક્યાં પહોંચવું છે તેની દિશા જ ભૂલી ગયા છીએ.

એઆઈએ આપણને બૌદ્ધિક રીતે પાંગળા બનાવવાનું શરૂ કર્યું છે. પહેલા આપણે પંક્તિ લખતા પહેલા કલાકો વિચારતા, હવે એક વાક્ય લખીને યંત્રને કહીએ છીએ કે આગળ તું લખી દે. વિદ્યાર્થીને હવે ગ્રંથપાલની જરૂર નથી, તેને પ્રોમ્પ્ટની જરૂર છે. આના કારણે મૌલિક સર્જન મરી રહ્યું છે. બીજું, આ યંત્ર માનવતાનું સૌથી મોટું ભક્ષક બન્યું છે. જે કામ માટે દસ કારીગરોના હાથ જોઈતા હતા, ત્યાં એક અલ્ગોરિધમ પૂરતું છે. આના કારણે યુવાનના કપાળ પર બેકારીની કરચલી અને આંખોમાં ભવિષ્યની અંધારી છાયા દેખાય છે. આપણે સોશિયલ મીડિયાના રંગીન પાંજરામાં કેદ થઈ ગયા છીએ. આખો દિવસ સેંકડો લોકો સાથે જોડાયેલા હોવા છતાં, આપણે અંદરથી એકલા પડી ગયા છીએ. ડીપફેક, ખોટા સમાચાર અને ડેટાની ચોરીએ આપણી સલામતીને પણ હવામાં ઓગાળી દીધી છે. શરીર ખુરશીમાં જડાઈ ગયું છે અને મન સતત ચિંતામાં તરફડે છે. આ કેવી પ્રગતિ, જ્યાં સુવિધા વધી પણ સુખ ઘટી ગયું.

શું આ અંધકાર જ આપણું ભવિષ્ય છે? ના, એવું નથી. યંત્રથી ભાગવું એ કાયરતા છે, તેની સાથે ડહાપણથી જીવવું એ જ સાચી કળા છે. યંત્રને આપણે ચાકર બનાવવાનું છે, માલિક નહીં. તે આપણા જીવનનો હિસાબ લખી આપે, પણ જીવનની વાર્તા તો આપણે જ લખવાની છે.આ માટે આપણે જીવનમાં એક નવો સંયમ કેળવવો પડશે. દરરોજ થોડો સમય નિર્મળ એકાંતનો રાખો, જ્યાં કોઈ સ્ક્રીન ન હોય. તેને તમે ડિજિટલ ઉપવાસ કહી શકો. સવારનો




પહેલો કલાક અને રાતનો છેલ્લો કલાક યંત્ર વગર જીવો. તે સમયે પુસ્તકના પાનાને સ્પર્શો, તુલસીના ક્યારાને પાણી આપો, કે સંતાનો સાથે નિર્દોષ વાતો કરો. તમારા હાથની કળાને મરવા ન દો. કંઈક લખો, ગાઓ, રાંધો, બગીચો બનાવો. આ ક્રિયાઓ તમારા મગજને જીવંત રાખશે. સૌથી અગત્યનું, સંબંધોને ફરી રિચાર્જ કરો. સંદેશો મોકલવાને બદલે સામે મળીને હૃદય ઠાલવો. બાળકોને મેદાનની ધૂળની સુગંધ ઓળખતા શીખવો, મોબાઈલની ચમક નહીં. યાદ રાખો, યંત્ર તમને માહિતી આપી શકે છે, પણ ડહાપણ તો અનુભવમાંથી જ આવશે. જ્યારે માણસ પોતાની લાગણી, કરુણા અને વિવેકને સાચવીને યંત્રનો હાથ પકડશે, ત્યારે જ આ ટેકનોલોજીનો યુગ પણ માનવતાના ઈતિહાસનો સુવર્ણકાળ બની રહેશે.

CMYK



# આરસીબી મેન્ટર દિનેશ કાર્તિક સીએસકે માટે પરફેક્ટ પસંદગી હોઈ શકે : હેડન

મુંબઈ,

આઈપીએલ ૨૦૨૭ પહેલા ચેન્નાઈ સુપર કિંગ્સ માટે સૌથી મોટો પ્રશ્ન તેમના નવા હેડ કોચનો છે. સ્ટીફન ફ્લેમિંગના ૧૮ વર્ષના સફળ કાર્યકાળ પછી, ફ્રેન્ચાઇઝ હવે તેમના સ્થાને એક નવા ચહેરાની શોધમાં છે. ચર્ચામાં રહેલા ઘણા નામોમાંથી, ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન મહાન અને ભૂતપૂર્વ સીએસકે ઓપનર મેથ્યુ હેડને એક એવું નામ સૂચવ્યું છે જેણે બધાનું ધ્યાન ખેંચ્યું છે. હેડનના મતે, વર્તમાન આરસીબી મેન્ટર દિનેશ કાર્તિક સીએસકે માટે ’પરફેક્ટ’ પસંદગી હોઈ શકે છે.

હેડન માને છે કે સીએસકે જેવી મોટી ફ્રેન્ચાઇઝીના મુખ્ય કોચ માટે સ્થાનિક જોડાણ હોવું મહત્વપૂર્ણ છે. દિનેશ કાર્તિક ચેન્નાઈમાં જન્મ્યા હતા અને તેમણે તમિલનાડુ માટે સ્થાનિક ક્રિકેટ પણ રમી હતી. આ જ કારણ છે કે હેડન તેમને સીએસકેની સંસ્કૃતિ અને પર્યાવરણ માટે યોગ્ય માને છે. સ્પોર્ટસ્ટાર સાથે વાત કરતા હેડને કહ્યું, "દિનેશ કાર્તિક એ નામોમાંથી એક છે જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મને લાગે છે કે તે આવી જવાબદારી લેવા માટે તૈયાર છે. મને લાગે છે કે સ્થાનિક કોચ હોવો મહત્વપૂર્ણ છે." તેમણે વધુમાં ઉમેર્યું, સીએસકે જેવી મોટી ફ્રેન્ચાઇઝીના મુખ્ય કોચનું સ્થાનિક જોડાણ હોવું જરૂરી છે. તેમનું ચેન્નાઈ સાથે પણ જોડાણ હોવું જરૂરી છે, તેથી મને





લાગ્યું કે દિનેશ આ ભૂમિકા માટે યોગ્ય રહેશે."

કાર્તિકનું ચેન્નાઈ જોડાણ એકમાત્ર વસ્તુ નથી જે તેના પક્ષમાં છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, તેણે આરસીબીના સપોર્ટ સ્ટાફનો ભાગ રહીને કોચિંગ અને ટીમ મેનેજમેન્ટમાં અનુભવ મેળવ્યો છે. આ સમય દરમિયાન, આરસીબીએ સતત બે આઈપીએલ ટાઈટલ જીત્યા છે.આરસીબીએ ૨૦૨૫ અને ૨૦૨૬ માં સતત આઈપીએલ ટાઈટલ જીત્યા. આવી સ્થિતિમાં, કાર્તિક પાસે સફળ ટીમની સપોર્ટ સિસ્ટમનો ભાગ બનવાનો અને ડ્રેસિંગ રૂમની જરૂરિયાતોને સમજવાનો અનુભવ પણ છે.

હેડને સ્ટીફન ફ્લેમિંગ અને એમએસ ધોનીની જોડીની પણ પ્રશંસા કરી. તેમણે કહ્યું કે સાથે મળીને તેમણે સીએસકે માટે ખૂબ જ મજબૂત સિસ્ટમ બનાવી છે. હેડને કહ્યું, "મને ખરેખર આશા છે કે ફ્રેન્ચાઇઝ યોગ્ય નિર્ણય લેશે. ફ્લેમિંગે ધોની સાથે શાનદાર કામ કર્યું. તે સીએસકે માટે ખૂબ જ મજબૂત એન્જિન રૂમ હતો." તેમણે સીએસકેના વારસાને પણ યાદ કરતા કહ્યું કે ફ્લેમિંગ અને ધોની વચ્ચેની ભાગીદારીએ ટીમને મુંબઈ ઈન્ડિયન્સની સાથે સૌથી સફળ ફ્રેન્ચાઇઝીઓમાંની એક બનાવી.

# ભારતના યુવા સ્ટાર વૈભવ સૂર્યવંશીએ પોતાનો અસલી જર્સી નંબર છુપાવી દઈ ચર્ચા જગાવી

નવીદિલ્હી,

આખી દુનિયા હવે ભારતના યુવા સ્ટાર ૧૫ વર્ષીય વૈભવ સૂર્યવંશી પર નજર રાખી રહી છે. આ યુવા બેટ્સમેન તેની વિસ્ફોટક બેટિંગથી આ સ્થાન પ્રાપ્ત કરી ચૂક્યો છે. જ્યારે પણ તે મેદાનમાં ઉતરે છે, ત્યારે સ્ટેન્ડમાં અને સોશિયલ મીડિયા પર દરેક વ્યક્તિ વૈભવે શું કર્યું તે વિશે વાત કરે છે. આનું તાજેતરનું ઉદાહરણ જોવા મળ્યું છે જ્યાં વૈભવનો જર્સી નંબર ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.આ ડાબોડી બેટ્સમેન હાલમાં દુલીપ ટ્રોફીમાં પૂર્વ ઝોન માટે રમી રહ્યો છે. વૈભવ ટીમનો ઉપ-કેપ્ટન છે. આ તેનો આ ટુર્નામેન્ટ રમવાનો પહેલો પ્રસંગ છે અને તેણે તેની ડેબ્યૂ ઈનિંગ્સમાં ખાસ પ્રભાવ પાડ્યો ન હતો. તે બે ચોગ્ગા




સહિત આઠ રન બનાવીને આઉટ થયો હતો, પરંતુ તેના જર્સી નંબરે ધ્યાન ખેંચ્યું.વૈભવની જર્સી ચર્ચાનું કેન્દ્ર બની કારણ કે તેના પર ટેપ હતી. વૈભવનો જર્સી નંબર બે હતો, જેનો છેલ્લો આંકડો ત્રણ હતો, પરંતુ તેણે તે પહેલા નંબર ટેપ કરી લીધો હતો. આનાથી અટકળો શરૂ થઈ કે વૈભવે તે કેમ ટેપ કર્યો? શું તેને તેનો મનપસંદ જર્સી નંબર મળ્યો નથી?વૈભવ આઈપીએલમાં રાજસ્થાન રોયલ્સ માટે રમે છે અને આ ટીમ માટે જર્સી નંબર ત્રણ પહેરે છે. શક્ય છે કે વૈભવે કોઈ અલગ નંબર મેળવ્યો હોય અને ત્રણ અંક મેળવવા માટે એક અંક છુપાવ્યો હોય.

# ધ્રુવ જુરેલે ૧૧૫ રનની અણનમ ઈનિંગ્સ તેના સૈનિક પિતા અને ખેડૂત દાદાને સમર્પિત કરી

મુંબઈ,

ધ્રુવ જુરેલ માટે, શ્રીલંકા સામે કોલંબો ટેસ્ટમાં તેની સદી માત્ર એક આંકડાકીય માહિતી નહોતી. ૧૧૫ રનની અણનમ ઈનિંગ્સ રમ્યા પછી, જ્યારે ભારતીય વિકેટકીપરએ તેના હાથ પર જય જવાન, જય કિસાન ટેટૂ જાહેર કર્યું અને તેના પિતાને સલામ કરી, ત્યારે તેના જીવન અને પરિવાર પાછળ એક ઊંડી ભાવનાત્મક વાર્તા હતી. જુરેલે સમજાવ્યું કે તેની ઉજવણી તેના સૈનિક પિતા અને ખેડૂત દાદાને સમર્પિત હતી.

જુરેલના પિતા, નેમ ચંદ, ભારતીય સેનામાં સેવા આપી હતી અને ૧૯૯૯ ના કારગિલ યુદ્ધમાં સેવા આપી હતી. તેમના દાદા ખેડૂત હતા. જુરેલે કહ્યું કે ખેડૂતો અને




સૈનિકો તેમના મૂળ છે, અને તેઓ તેમને ક્યારેય ભૂલવા માંગતા નથી. તેથી, સદી પછીની તેમની સલામ તેમના પિતા અને દાદા બંનેને સમર્પિત છે.

જુરેલે દિવસની રમત પછી કહ્યું કે તેમના દાદા એક ખેડૂત હતા અને તેમના પિતા એક સૈનિક. આ તેમની ઓળખ અને તેમના મૂળ છે, જેને તેઓ હંમેશા યાદ રાખવા માંગે છે. "જય જવાન, જય કિસાન" સૂત્ર ૧૯૬૫ માં ભૂતપૂર્વ વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રી દ્વારા બનાવવામાં આવ્યું હતું, અને જુરેલ માટે, આ ટેટૂ તેમના મૂળની યાદ અપાવે છે.શ્રીલંકા સામે જુરેલની સદી એવા સમયે આવી જ્યારે ટીમમાં તેમના સ્થાન અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યા હતા. તેમણે ૧૭૭ બોલમાં અણનમ ૧૧૫ રન બનાવ્યા અને ભારતને ૫૦૩/૯ પર જાહેર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી. આ તેમની ટેસ્ટ કારકિર્દીની બીજી સદી હતી.

જુરલને ઘણીવાર ઋષભ પંતના બેકઅપ વિકેટકીપર તરીકે જોવામાં આવે છે. તેમણે પંત સાથે બેટિંગ કરવાના પોતાના અનુભવ વિશે પણ ખુલ્લેઆમ વાત કરી. જુરલએ કહ્યું કે પંતે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડમાં ભારત માટે શાનદાર પ્રદર્શન કર્યું છે અને તેમની પાસે અનુભવનો ભંડાર છે. તેથી, તેમને કોઈપણ પરિસ્થિતિમાં બેટિંગ અંગે પંતની સલાહ લેવામાં આનંદ આવે છે.

# સાઈ સુદર્શનને ટીમમાં પરત ફર્યા પછી પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મેળવવું મુશ્કેલ

કોલંબો,

એક તરફ, દેવદત્ત પડિકલ સતત સદીઓ ફટકારી રહ્યા છે, તો બીજી તરફ, સાઈ સુદર્શનની ભારતીય ટેસ્ટ ટીમમાં વાપસી અંગે એક મોટો પ્રશ્ન ઉભો થયો છે. શ્રીલંકા સામે પડિકલના પ્રભાવશાળી પ્રદર્શનથી નંબર ૩ સ્થાન માટેનો તેમનો દાવો એટલો મજબૂત થયો છે કે ભૂતપૂર્વ ક્રિકેટર અને કોમેન્ટેટર આકાશ ચોપરા માને છે કે સુદર્શનને પરત ફર્યા પછી તરત જ પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મેળવવું મુશ્કેલ બનશે.સાઈ સુદર્શન ઈજાને કારણે શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણીનો ભાગ નહોતા. પગના અંગૂઠાની ઈજાને કારણે તેમને






ટીમમાંથી બહાર કરવાની ફરજ પડી હતી. સુદર્શને અગાઉ નંબર ૩ પર પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું હતું, પરંતુ પડિકલે તેમની ગેરહાજરીમાં મળેલી તક ઝડપી લીધી.પડિકલની શ્રીલંકા સામેની શ્રેણીમાં પડિકલનું બેટ જોશમાં રહ્યું છે. તેમણે પ્રથમ ટેસ્ટમાં ૧૬૭ રનની શાનદાર ઈનિંગ રમી હતી અને બીજી ઈનિંગમાં ૪૪ રન બનાવીને ભારતની ૧૬૫ રનની જીતમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. ત્યારબાદ તેમણે બીજી ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં સદી ફટકારી હતી. ધ્રુવ જુરેલે પણ સદી ફટકારી હતી, જેના કારણે ભારત ૫૦૦ રનનો આંકડો પાર કરી શક્યું હતું.પડિકલની સતત બે સદીઓથી પ્રભાવિત થઈને, આકાશ ચોપરાએ તેમની યુટ્યુબ ચેનલ પર જણાવ્યું હતું કે સુદર્શનની વાપસીથી પ્લેઈંગ ઈલેવનમાં તાત્કાલિક સ્થાન મળવાની ખાતરી નથી. ચોપરાએ પડિકલની પ્રશંસા કરી, તેને એક તેજસ્વી ખેલાડી ગણાવ્યો અને નોંધ્યું કે તેણે માત્ર થોડી મેચોમાં સુદર્શનના ૧૨ ઈનિંગ્સના કુલ સ્કોરને વટાવી દીધો છે.પડિક્કલે અત્યાર સુધી ફક્ત ચાર ટેસ્ટ રમી છે, છ ઈનિંગ્સમાં ૪૧૮ રન બનાવ્યા છે.

# સ્ત્રીનો સંસ્કૃતિ પ્રત્યેનો આદર તેના કપડાં દ્વારા માપવો જોઈએ નહીં : કંગનાને કૃતિ સેનનનો જવાબ

મુંબઈ,

કૃતિ સેનનને તાજેતરમાં તેની એક જાહેરાત પર ઘણી ટ્રોલનો સામનો કરવો પડી રહ્યો છે. અભિનેત્રી અને સાંસદ કંગના રનૌતે પણ આ મુદ્દા પર તેના પર હુમલો કર્યો. હવે, કૃતિએ આ સમગ્ર મામલાનો યોગ્ય જવાબ આપ્યો છે. જાણો તેણીએ શું કહ્યું.

કૃતિએ હવે આ ટ્રોલ્સને યોગ્ય જવાબ આપતા કહ્યું છે કે સ્ત્રીનો તેની સંસ્કૃતિ પ્રત્યેનો આદર તેના કપડાં દ્વારા માપવો જોઈએ નહીં. તેણીએ સોશિયલ મીડિયા પર એક વાર્તા શેર કરી અને લખ્યું, “ઉત્સવોની સાચી ભાવના તમારા કપડાંમાં નથી, પરંતુ તમે જે લાગણીઓ અને પરંપરાઓમાં માનો છો તેમાં રહેલી છે.”

રક્ષા બંધન એ રક્ષણ અને પ્રેમનો સંબંધ છે. મારી બહેન અને હું એકબીજાને રાખડી બાંધીએ છીએ. અમે એકબીજાનું રક્ષણ કરવાનું વચન આપીએ છીએ અને એકબીજાના સારા સ્વાસ્થ્ય, ખુશી અને લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરીએ છીએ. અમારા માટે, આ પ્રેમ અને પ્રાર્થના અમારા કૂતરાઓ સુધી વિસ્તરે છે, કારણ કે તેઓ પણ અમારા પરિવારનો ભાગ છે.

સ્ત્રીઓ પર બોલતા, કૃતિએ કહ્યું, “આપણે મહિલાઓને શું પહેરવું જોઈએ તે કહેવાનું ક્યારે બંધ કરીશું? સમય જતાં પરંપરાગત ફેશન બદલાઈ ગઈ છે, પરંતુ સ્ત્રીની સંસ્કૃતિ માટે આદર હજુ પણ ફક્ત તેના કપડાં દ્વારા કેમ માપવામાં આવે છે? સંસ્કૃતિ અને પરંપરાઓ તેના હૃદયમાં રહે છે, તેના ગળામાં નહીં.”

આ મુદ્દા પર બોલતા, કંગના રનૌતે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું, “આ મહિલાઓ માટે એક સારો સમય છે. અમારા કપડા વિવિધ પ્રકારના કપડાંથી ભરેલા છે. આજની સ્ત્રી વૈશ્વિક છે. કોકટેલ ડ્રેસથી લઈને લહેંગા-ચોલી, જીન્સથી લઈને સાડી, બિકીનીથી લઈને સલવાર-કમીઝ સુધીના ઘણા બધા વિકલ્પો ઉપલબ્ધ હોવા છતાં, તમે તમારા ભાઈને બિકીની કે અંડરગાર્મેન્ટ પહેરીને કેમ રાખડી બાંધશો? તમારા સ્ટાઈલ વિકલ્પો ક્યાં ગયા? હાહા, આ જાહેરાત જાણી જોઈને વિચિત્ર લાગે છે.”

# બોલીવુડમાં દિગ્ગજોનો અર્થ એક ચતુર મન અને અનુભવી ખેલાડી હોય છે : તનુશ્રી દત્તા

મુંબઈ,

બોલીવુડ અભિનેત્રી તનુશ્રી દત્તા ભલે મોટા પડદાથી દૂર હોય, પરંતુ તે ઘણીવાર સોશિયલ મીડિયા દ્વારા પોતાના ચાહકો સાથે જોડાયેલી રહે છે. તાજેતરમાં, તનુશ્રી તેના લગ્નને લઈને સમાચારમાં હતી. તેણીએ એક પોસ્ટ શેર કરી જેમાં તેણીએ કહ્યું કે ૯૦ વર્ષીય એક વૃદ્ધાએ તેણીને કહ્યું હતું કે તેણી ડિસેમ્બરમાં લગ્ન કરશે અને એક પુત્રની માતા બનશે. હવે, તનુશ્રી દત્તા ફરી એકવાર સમાચારમાં છે. આ વખતે, અભિનેત્રીએ ઉદ્યોગના દિગ્ગજો પર નિશાન સાધ્યું છે. તનુશ્રીએ એક પોસ્ટ શેર કરી જેમાં તેણીએ કહ્યું હતું કે, "બોલિવૂડમાં, દિગ્ગજ એટલે ઠગ." તેણીએ પ્રશ્ન કર્યો હતો કે કોઈને



ફક્ત એટલા માટે માન આપવું જોઈએ કે તેઓ મોટા છે. બોલીવુડમાં તેણીની સફરને યાદ કરતા, તેણીએ કહ્યું કે લોકોનો આંધળો આદર કરવાને બદલે, વ્યક્તિએ તેમના પાત્રનો ન્યાય કરવો જોઈએ.તનુશ્રી દત્તાએ બોલીવુડ પર નિશાન સાધતા પોતાની પોસ્ટમાં લખ્યું, "પનૌતી એટલે દુર્ભાગ્ય કે દુર્ભાગ્ય લાવવું. કેટલાક લોકો જ્યાં પણ જાય છે ત્યાં તેમની સાથે દુર્ભાગ્ય કે દુર્ભાગ્ય લાવે છે. ખરાબ લોકોને સજા થવી જોઈએ, તેમની સાથે જોડાણ કરીને તેમને ટેકો કે પ્રોત્સાહન આપવું જોઈએ નહીં." નેતાઓ અને વહીવટકર્તાઓએ તેમના અંગત સંગઠનોની જવાબદારી લેવી જોઈએ. મહાદેવે મને આ વિશે એક સ્વપ્ન બતાવ્યું! જ્યારે તમે ખોટા લોકો અથવા વસ્તુઓ સાથે જોડાણ કરો છો, ત્યારે યોગ્ય વસ્તુઓ થઈ શકતી નથી. ખરાબ સંગત સાથે આવનારું આ ખરાબ શુકન અને દુર્ભાગ્ય છે.તનુશ્રી પોતાની પોસ્ટમાં આગળ લખે છે, "જેણે આ વિચાર રાખ્યો હતો તેણે બધું બરબાદ કરી દીધું. કૃપા કરીને શોધો કે આ વિચાર કોણે આપ્યો. જેણે આ વિચાર આપ્યો તે દેશનો દુશ્મન છે. તે જાણતો હતો કે આવું થશે અને તમામ ટેકો પાછો ખેંચી લેવામાં આવશે. થોડા વર્ષો પહેલા, આ આપત્તિએ મારી ભવ્ય કારકિર્દી બરબાદ કરી દીધી. મેં પણ વિચાર્યું, "તે એક વૃદ્ધ અભિનેતા છે, કોઈ તેને કામ આપી રહ્યું નથી, તેથી હું તેને મદદ કરીશ." પરંતુ ના, બોલીવુડમાં, એક અનુભવીનો અર્થ એક ચાલાક, અનુભવી ખેલાડી છે જેણે પુસ્તકમાંની દરેક યુક્તિ શીખી લીધી છે, જે જાણે છે કે મીડિયા અને જનતાને તેમના ગુનાઓ અને સાચા પાત્રને છુપાવવા માટે કેવી રીતે ચાલાકી કરવી. બોલીવુડમાં એક અનુભવીની આ સાચી વ્યાખ્યા છે. હું ફક્ત બલિનો બકરો હતો.અભિનેત્રીએ લોકોને ચેતવણી આપતા લખ્યું, "ફક્ત તેની ઉંમરને કારણે ક્યારેય કોઈ પર વિશ્વાસ ન કરો."

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શિ | ળો | બા | ણિ | વા | બૂ | ભો | બા | સા | બા | ક્ષ | ભ |
| અ | ક્ષ | દ | મો | શિ | ક્ષ | ણ | કા | બા | ર | લ | બં |
| ર | મા | ક | વિ | ભો | ક | ધ | અ | સ | સા | દા | ઈ |
| બ | કુ | સ | સ | ચા | ભો | ક | જ્ઞા | બં | ખ | કા | ળ |
| ણે | ક | ર | ઈ | દ | ર | મા | ર | અ | મા | બા | દ |
| ગ | વા | પ્ર | ગ | શિ | ળ | ણા | દ | બા | વા | ણ | ઈ |
| ળો | ળો | જ | બ | કા | તી | બા | કા | લ | ધ | રી | હા |
| ર | ણ | કા | ર | ધ | ધ | ઔ | બ | કી | ધ | ક | ર |
| ક | સ | બા | પ્ર | મા | ફ | ભ | તી | વિ | હા | દ | બં |
| એ | આ | ભો | સ | સા | ચી | વા | જ્ઞા | રો | બ | ર | ધ |
| શિ | ન | મ | બ | લ | શ | ન | ભ | કા | ળ | પ્રા | મ |
| ક | ગ | ઓ | ગ | સ | ગં | ળ | ચા | ર | ભો | વા | અઃ |

શબ્દ શોધો: મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# અક્ષય કુમારે ૧૩ વર્ષ પછી વિપુલ શાહ સાથે મળીને એલિયન સર્વાઈવલ થ્રિલર ફિલ્મ "સમુક"નું શૂટિંગ શરુ કર્યું





મુંબઈ,

બોલીવુડ અભિનેતા અક્ષય કુમારે તેમની ખૂબ જ અપેક્ષિત અને ગ્રાઉન્ડબ્રેકિંગ ફિલ્મ "સમુક"નું શૂટિંગ સત્તાવાર રીતે શરૂ કરી દીધું છે. આ પ્રોજેક્ટ સાથે, અક્ષય સિનેમાના એક સંપૂર્ણપણે નવા અને અનોખા શૈલીમાં પ્રવેશ કરી રહ્યો છે. આ ફિલ્મમાં એલિયન સર્વાઈવલ, ભયાનક વાતાવરણ અને તીવ્ર એક્શનનું મિશ્રણ હશે જે ભારતીય દર્શકો માટે એક નવો અનુભવ હશે. આ ફિલ્મ મોટા પડદા માટે, સમગ્ર ભારતમાં, મોટા પાયે વિકસાવવામાં આવી રહી છે. કનિષ્ક વર્મા દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મનું નિર્માણ વિપુલ અમૃતલાલ શાહ દ્વારા કરવામાં આવી રહ્યું છે, અને આશીન એ શાહ તેનું સહ-નિર્માણ કરી રહ્યા છે.’સમુક’ની સ્ક્રિપ્ટ અને કાલ્પનિક દુનિયા બે વર્ષથી વધુ સમયથી કામ કરી રહી છે. નિર્માતાઓ મોટા પડદા પર એક એવી વાર્તા લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે જે લશ્કરી વાસ્તવિકતા, સર્વાઈવલ હોરરનો ભય અને વિજ્ઞાન-કથાના એલિયન પૌરાણિક કથાને એકીકૃત રીતે મિશ્રિત કરે છે. જ્યારે ફિલ્મનો સંપૂર્ણ પ્લોટ હાલમાં આવરિત છે, તે સ્પષ્ટ છે કે તેનું પ્લોટ એક ખતરનાક પરિસ્થિતિની આસપાસ ફરે છે જ્યાં માનવીઓ અજાણ્યા એલિયન દળોનો સામનો કરે છે.નિર્માતા વિપુલ અમૃતલાલ શાહ માટે ભાવનાત્મક અને વ્યાવસાયિક રીતે ખૂબ જ ખાસ ફિલ્મ છે. લગભગ ૧૩ વર્ષના અંતરાલ પછી, તેમણે ફરી એકવાર અક્ષય કુમાર સાથે એક પ્રોજેક્ટ પર સહયોગ કર્યો છે.

# અમિતાભ બચ્ચને નંબરિંગ ભૂલ માટે માફી માંગતી પોસ્ટ શેર કરી

મુંબઈ,

અમિતાભ બચ્ચન ૮૩ વર્ષના છે, અને આ ઉંમરે પણ, તેમની જોમ અજોડ છે. અભિનયની સાથે, બિગ બી રિયાલિટી શો હોસ્ટ કરે છે અને સોશિયલ મીડિયા પર અપડેટ્સ શેર કરવાનું ચાલુ રાખે છે. બિગ બી ઘણીવાર સૂક્ષ્મ રીતે એવી વાતો વ્યક્ત કરે છે જે તેઓ સીધા કહેવા માંગતા નથી, જે ઘણીવાર તેમની પોસ્ટ્સને ચર્ચાનો વિષય બનાવે છે. હાલમાં, બિગ બી તેમની આગામી ફિલ્મ "કલ્કી ૨૮૯૮ એડી" ની સિક્વલના શૂટિંગમાં વ્યસ્ત છે, અને આ દરમિયાન, તેઓ ફરી એકવાર તેમની પોસ્ટ માટે ટીકામાં આવી



ગયા છે. તેમણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી, જેમાં તેમણે નંબરિંગ ભૂલ સમજાવી અને તેમના ચાહકો સાથે ખુલ્લેઆમ વાત કરી.અમિતાભ બચ્ચને તાજેતરમાં ફેસબુક પર એક પોસ્ટ શેર કરી, જેમાં તેમણે તેમની પોસ્ટના નંબરિંગમાં ભૂલને સંબોધિત કરી અને ભૂલ માટે તેમના ચાહકોની માફી માંગી. તેમણે તેમની પોસ્ટમાં લખ્યું, એફબી ૪૭૫૬ - પહેલા, ૮ પર નંબરિંગ ખોટું હતું... અને હવે અહીં પણ એ જ થઈ રહ્યું છે... હું ભૂલ માટે માફી માંગુ છું..." સોશિયલ મીડિયા વપરાશકર્તાઓ બિગ બીની પોસ્ટ પર પ્રતિક્રિયા આપી રહ્યા છે, તેમને ચિંતા ન કરવા વિનંતી કરી રહ્યા છે.

CMYK

# રાજકોટમાં 'સંસ્કૃત ગૌરવ યાત્રા' અને 'સંસ્કૃત સપ્તાહ'નો ઉત્સાહભેર પ્રારંભ

## નવી પેઢી સંસ્કૃત અને સંસ્કૃતિના જતન માટે વધુ સચેત બની રહી છે : ડૉ. ઓમ પ્રકાશ





રાજકોટ, ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ અને ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગરની પ્રેરણાથી તેમજ રાજકોટ જિલ્લા વહીવટીતંત્ર અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના સંયુક્ત ઉપક્રમે રાજકોટ જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને અને ધારાસભ્ય શ્રી ડૉ. દર્શિતાબેન શાહની પ્રેરક ઉપસ્થિતિમાં રાજકોટ ખાતે 'સંસ્કૃત ગૌરવ યાત્રા-૨૦૨૬' યોજાઈ હતી.

આ અવસરે જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. ઓમ પ્રકાશે આ યાત્રાના આયોજન અંગે શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, આ પ્રકારના કાર્યક્રમો થકી શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ સંસ્કૃત ભાષા અને સંસ્કૃતિને ઉજવવાનો સંકલ્પ કર્યો છે તે ખૂબ જ પ્રશંસનીય છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે વર્તમાન અને આવનારી પેઢી આપણી સંસ્કૃતિ, વારસા અને સંસ્કૃત ભાષાનું રક્ષણ કરવા માટે વધુ જાગૃત અને સચેત બનશે. વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલી સુંદર કૃતિઓ અને સમગ્ર આયોજનને તેમણે બિરદાવીને ઉપસ્થિત સૌને 'સંસ્કૃત ગૌરવ યાત્રા'ની શુભકામનાઓ પાઠવી હતી.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સંબોધતા ધારાસભ્ય શ્રી ડૉ. દર્શિતાબેન શાહે જણાવ્યું હતું કે, સંસ્કૃત એ આપણું મૂળ છે. જે વૃક્ષના મૂળ મજબૂત હોય તે જ વૃક્ષ મજબૂત બને છે, તેમ સંસ્કૃત ભાષા અને સંસ્કૃતિને આત્મસાત કરીને જ આપણે આપણા વારસાનું જતન કરી શકીએ છીએ. તેમણે પોતાના વિદ્યાર્થીકાળનું સ્મરણ કરતાં જણાવ્યું હતું કે, તેમણે ધોરણ ૧૦માં કોમ્પ્યુટરના વિકલ્પમાં સંસ્કૃત વિષય પસંદ કર્યો હતો અને ધારાસભ્ય તરીકેના શપથ પણ સંસ્કૃત ભાષામાં લીધા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિરાસત ભી, વિકાસ ભી'ના દ્રષ્ટિકોણ અંગે તેમણે ઉમેર્યું હતું કે, એ.આઈ.અને કોમ્પ્યુટરના યુગમાં પણ સંસ્કૃત અત્યંત ઉપયોગી ભાષા છે. સંસ્કૃત માત્ર ધાર્મિક પૂજા-પાઠ પૂરતી મર્યાદિત ન રહેતા વ્યવહારમાં પણ અપનાવાય તે આ યાત્રાનો મુખ્ય હેતુ છે.

આ યાત્રાનો પ્રારંભ રૈયા રોડ સ્થિત ન્યુ એરા સ્કૂલથી થયો હતો, જે રૈયા રોડ અને રેસકોર્સથી જિલ્લા પંચાયત ચોક સુધી પહોંચી હતી. સંસ્કૃત ભાષાના સમૃદ્ધ વારસા અને ગૌરવને ઉજાગર કરતા યુગ અનેક ભાષા એક, સાયન્સ ઈન સંસ્કૃત, સંસ્કૃત એવમ વિજ્ઞાન, પ્રાચીન સંસ્કૃત ગ્રંથો સહિતના વિષયો આવરતા ૧૦ નયનરમ્ય ટેબ્લો યાત્રાનું આકર્ષણ બન્યા હતા. સમગ્ર રૂટ પર વિદ્યાર્થીઓ દ્વારા વૈદિક મંત્રોચ્ચાર, સંસ્કૃત ગીતો, સુભાષિતો અને સંસ્કૃત ગરબાની મનોહર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. સંસ્કૃત સુક્તિઓ અને પ્રેરણાદાયી સંદેશાઓ ધરાવતા બેનર્સ સાથે યાત્રા સંસ્કૃતમય બની હતી.

# રાજકોટ જીલ્લામાં તહેવારોમાં ફરસાણ-મીઠાઈનું ભાવબાંધણું કરવા તમામ મામલતદારોને કડક સૂચના

## સાતમ-આઠમના પવિત્ર તહેવારોમાં ગ્રાહકોને વ્યાજબી ભાવે શુદ્ધ - ગુણવત્તાસભર ખાદ્યચીજો તે માટે કાર્યવાહી

રાજકોટ, સાતમ-આઠમના પવિત્ર તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે ગ્રાહકોને વ્યાજબી ભાવે શુદ્ધ અને ગુણવત્તાસભર ખાદ્યચીજો મળી રહે તે માટે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. તહેવારો દરમિયાન મીઠાઈ અને ફરસાણના નામે થતી અતિશય ભાવવધારો અને નફાખોરી રોકવા માટે જિલ્લા પુરવઠા અધિકારીએ કડક વલણ અપનાવ્યું છે.રાજકોટ જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા રાજકોટ શહેર તેમજ જિલ્લાના તમામ તાલુકાના મામલતદારોને પરિપત્ર મોકલી તહેવારો દરમિયાન પ્રજાને હાલાકી ન પડે અને વેપારીઓ મનસ્વી રીતે ભાવ ન વસૂલે તેવો આદેશ આપ્યો છે.

પુરવઠા અધિકારીએ રાજકોટ શહેર અને તમામ તાલુકાના મામલતદારોને સ્પષ્ટ આદેશ આપ્યા છે કે પોતપોતાના વિસ્તારના નાના-મોટા તમામ મીઠાઈ અને ફરસાણના વેપારીઓ તેમજ એસોસિએશનના હોદ્દેદારો સાથે તાત્કાલિક સમીક્ષા બેઠક યોજવી.તમામ વેપારીઓએ પોતાની દુકાન કે સ્ટોલ પર ગ્રાહકોને સ્પષ્ટ દેખાય તે રીતે તમામ વસ્તુઓનું અદ્યતન 'ભાવપત્રક' (રેટ લિસ્ટ) પ્રદર્શિત કરવાનું રહેશે. ભાવબાંધણાની સાથે સાથે ગુણવત્તા જાળવવા માટે પણ કડક સૂચનાઓ આપવામાં આવી છે.તહેવારોમાં મિલાવટખોરી રોકવા માટે મામલતદાર કચેરી અને ફૂડ વિભાગ દ્વારા વિવિધ ડેરીઓ, મીઠાઈ-ફરસાણના ઉત્પાદકો અને વેપારીઓને ત્યાં અચાનક ચેકિંગ હાથ ધરવામાં આવશે. અશુદ્ધ કે ભેળસેળયુક્ત ખોરાક વેચનારાઓ સામે દંડનીય અને કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.તંત્રના આ નિર્ણયથી સાતમ-આઠમના તહેવારોમાં રાજકોટ શહેર અને જિલ્લાની જનતાને વાજબી ભાવે અને ગુણવત્તાયુક્ત મીઠાઈ-ફરસાણ મળી રહેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે

# રાજકોટ વોર્ડ નં.૧૨માં વન ડે, વન વોર્ડ કાર્યક્રમમાં ૫૮૦ ઘરમાં મચ્છરના પોરાનો નાશ કરાયો

## વન ડે, વન વોર્ડ કાર્યક્રમમાં ૧૮૯૨૫ ઘરની મુલાકાત : ૧૦૬ને નોટીસ



રાજકોટ, રાજકોટ મહાપાલિકાની આરોગ્ય શાખા દ્વારા વન ડે, વન વોર્ડ કાર્યક્રમ હેઠળ વોર્ડ નં.૧૨માં વાહક નિયંત્રણની કામગીરી કરવામાં આવી હતી. જેમાં ૧૮૯૨૫ ઘરમાં ૭૮૫૨૬ પાત્રની ચકાસણી કરવામાં આવી હતી. આ પૈકી ૫૮૦ ઘરમાં મચ્છરના પોરા જોવા મળતા તેનો નાશ કરવામાં આવ્યો હતો.

આ વોર્ડમાં ૧૩૦ બિનરહેણાક એકમોની તપાસ કરવામાં આવી હતી જેમાં મચ્છર ઉત્પતિ સબબ ૧૦૬ આસામીને નોટીસ અપાઈ હતી. તો ફીવર સર્વે દરમ્યાન ૪૭ વ્યકિતના લોહીના નમુના લેવામાં આવ્યા હતા.

આ ઝુંબેશમાં વોર્ડના કોર્પોરેટરો પ્રદીપભાઈ ડવ, કિશનભાઈ ટીલવા, જયશ્રીબા જાડેજા, કિરણબેન હરસોડા વગેરે પણ જોડાયા હતા. લોકોને મચ્છરોથી બચવાના પગલા લેવા અને તાવ આવે તો તુરંત નજીકના આરોગ્ય કેન્દ્રમાં લોહીની ચકાસણી કરવા આરોગ્ય વિભાગે અપીલ કરી છે.

# સૌરાષ્ટ્ર યુનિ. માનવ અધિકાર ભવનનાં છાત્રોએ શૈક્ષણિક સંસ્થાની મુલાકાત લીધી



રાજકોટ, સૌરાષ્ટ્ર યુનિ.ના માનવ અધિકાર અને આંતરરાષ્ટ્રીય માનવિય કાયદા ભવન દ્વારા સંચાલિત અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે આઈપીઆર ક્ષેત્રના પ્રાયોગિક જ્ઞાન અને કાનુની વ્યવસાયની વાસ્તવિક સમજ વિકસે તે હેતુથી રાજકોટની પ્રતિષ્ઠિત શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મુલાકાતનું આયોજન ભવનના અધ્યક્ષ ડો. ભગીરથસિંહ માંજરિયાની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને આઈપીઆર ક્ષેત્રમાં કાનૂની પ્રેક્ટિસ કેવી રીતે કરવી, ક્લાયન્ટ સાથે વ્યવહાર, ઈન્ટર્નલ પ્રોપર્ટી સંબંધિત વિવિધ કાનૂની પ્રક્રિયાઓ, કેસની પ્રાયોગિક કામગીરી તેમજ આઈપીઆર ક્ષેત્રમાં સફળ કારકિર્દી કેવી રીતે વિકસાવી શકાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું છે

# રાજકોટના આંબેડકરનગર અર્બન હેલ્થ સેન્ટરને સર્ટીફીકેટ એનાયત

રાજકોટ, આંબેડકરનગર અર્બન હેલ્થ સેન્ટ ર રાજકોટ મ્યુટનિસિપલ કોર્પોરેશન દ્વારા રાષ્ટ્રી ય ગુણવત્તા ખાતરી ધોરણો અંતર્ગત તા.૨૩ થી ૨૪ જાન્યુસઆરી, દરમિયાન સફળતાપૂર્વક મૂલ્યાં કન કેન્દ્રત સરકાર દ્વારા નિયુક્તો કરવામાં આવેલી ટીમ (૧) ડો.પ્રીયંકા ત્રિપાઠી–મિરઝાપુર) (૨) ડો.સૌરભ માંડવરીયા - મધ્યસ પ્રદેશ) દ્વારા કરવામાં આવ્યું હતું.

આ મૂલ્યાંરકનમાં આંબેડકરનગર કેન્દ્રર એ કુલ ૮૯.૨૬% ગુણ પ્રાપ્ત્ કરીને ગુણવત્તાયુક્તક આરોગ્યર સેવાઓ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા સાબિત કરી છે. કેન્દ્રક ખાતે જનરલ ક્લિ.નિક, માતળત્વં આરોગ્યત સેવા, નવજાત અને બાળ આરોગ્યત, રસીકરણ, કુટુંબ કલ્યાણ, ચેપી રોગ નિયંત્રણ, બિનચેપી રોગ નિયંત્રણ, ડ્રેસિંગ રૂમ અને ઈમરજન્સી? સેવા, ફાર્મસી, લેબોરેટરી, આઉટરીચ સેવાઓ, સામાન્યચ વહીવટ વગેરે સેવાઓની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી હતી.

આ સિદ્ધિ સતત મહેનત, કરૂણાભાવ, ગુણવત્તા પ્રત્યેની પ્રતિબદ્ધતા અને એક-એક પગલું આગળ વધવાની ભાવનાનું પરિણામ છે. ડો.ભાવિનકુમાર મહેતા, મેડિકલ ઓફિસર, આંબેડકરનગર કેન્દ્રવના સક્ષમ નેતળત્વ હેઠળ સમગ્ર ટીમે એક જુથ થઈને આ સિદ્ધિ હાંસલ કરી છે.

# નયારા એનર્જી દ્વારા ૪૮ સ્માર્ટ આંગણવાડી કેન્દ્રોનું આધુનિકીકરણ

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બાળકોના પ્રાથમિક શિક્ષણ માટે મહત્વપૂર્ણ પહેલ



જામનગર, આંતરરાષ્ટ્રીય સ્તરની એકીકૃત ડાઉનસ્ટ્રીમ એનર્જી અને પેટ્રોકેમિકલ્સ કંપની, નયારા એનર્જીએ તેના કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી પ્રોગ્રામ હેઠળ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં ૪૮ સ્માર્ટ આંગણવાડી કેન્દ્રોનું આધુનિકીકરણ કરીને બાળપણના વિકાસ અને શિક્ષણના ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

તુષ્ટિ પ્રોજેક્ટ હેઠળ, બે બ્લોક, ખંભાળિયા (દેવભૂમિ દ્વારકા) અને લાલપુર (જામનગર) હેઠળના ૩૧ ગામોમાં આવેલા ૪૮ આંગણવાડી કેન્દ્રોને આધુનિક અને બાળ-મૈત્રીપૂર્ણ શૈક્ષણિક કેન્દ્રોમાં રૂપાંતરિત કરવામાં આવ્યાછે. આ પહેલથી ૩,૦૦૦ થી વધુ બાળકોને લાભ થશે. ૪૮ આંગણવાડીઓ પૈકી એક કજુરડા-વિજયનગરનું ઉદ્ઘાટન નયારા એનર્જીના કાર્યકારી અધ્યક્ષ શ્રી પ્રસાદ પાનિકર દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, વાડીનાર રિફાઈનરીના હેડશ્રી અમર કુમાર, સરપંચશ્રી પુનરાજ મોરી અને અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સ્માર્ટ આંગણવાડી કેન્દ્રોમાં બાળકો માટે સલામત, આકર્ષક અને રંગબેરંગી માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવી છે. વધુમાં, પ્રાથમિક શિક્ષણને વધુ રસપ્રદ બનાવવા માટે રમત દ્વારા શિક્ષણને પ્રોત્સાહન આપતી વિવિધ શૈક્ષણિક સામગ્રી અને સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.ઉપરાંત, આ પહેલ ફક્ત માળખાકીય સુવિધાઓ બનાવવાથી આગળ વધી, આધુનિક શૈક્ષણિક સામગ્રી, પોષણ અને આરોગ્ય સંબંધિત સુવિધાઓમાં માર્ગદર્શન અને સમુદાયની સક્રિય ભાગીદારી દ્વારા બાળ વિકાસને પ્રોત્સાહન આપવા પર તમામ હિસ્સેદારોની જરૂરિયાતોને પૂર્ણ કરવા પર સમાન ભાર મૂકવામાં આવ્યો છે.નયારા એનર્જી હંમેશા સ્થાનિક સમુદાયોના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ રહી છે. સ્માર્ટ આંગણવાડી કેન્દ્રોનીઆ પહેલ દ્વારા, કંપની ગુણવત્તાયુક્ત બાળ સંભાળ, શિક્ષણ, આરોગ્ય અને પોષણ સુવિધાઓને વધુ સુલભઅને અસરકારક બનાવવા માટે પ્રયત્નશીલ છે. આ પ્રોજેક્ટ સ્થાનિક સમુદાયો, મહિલાઓ અને બાળકોનાજીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે અને ભવિષ્યની પેઢીઓ માટેઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં નોંધપાત્ર યોગદાન આપશે.

# રાજકોટ કાઠીયાવાડ નિરાશ્રીત બાલાશ્રમનાં બાળકો દ્વારા બરફના શિવલીંગ બનાવી શિવપૂજન



રાજકોટ અહિંની ૧૧૯ વર્ષ જુની અનાથ બાળકોની સંસ્થા શ્રી કાઠીયાવાડ નિરાશ્રીત બાલાશ્રમના બાળકો દ્વારા અમરનાથ ગુફામાં કુદરતી રીતે બીરાજતા બરફના શિવલીંગની પ્રતિકૃતિ જેવા બરફના શિવલીંગ બનાવી તેમાં ફુલ- બીલીપત્ર-રૂદ્રાક્ષ વગેરેનો શણગાર સજાવીને શ્રાવણના બીજા સોમનવારની શ્રધ્ધા અને ભકિતના સોનેરી સંગમ સાથે શિવપૂજાની ઉજવણી કરવામાં આવેલ હતી.

એક દિવસથી લઈને ૧૮ વર્ષ સુધીના અનાથ બાળકોને આશરો આપતી આ સંસ્થામાં હિન્દુઓના તમામ તહેવારો શાન-બાન સાથે અત્યંત ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવે છે. બાલાશ્રમના સુપ્રિ. પ્રતિભાબેન રાઠોડના માર્ગદર્શન હેઠળ ચાર્મીબેન- હેતલબેન, હેમાલીબેન, કિશોરીબા, કિર્તીબા વગેરે સ્ટાફ દ્વારા શ્રાવણ માસમાં અવનવા આયોજનો કરીને બાળકોને સારા સંસ્કારો મળે તે રીતે શ્રધ્ધા-ભકિતના ભાવપૂર્વક સુંદર ઉજવણી કરવામાં આવે છે અને તમામ બાળકો-બાલીકાઓ ઉત્સાહભેર ભાગ લઈને આનંદીત થાય છે. જન્માષ્ટમી ઉજવવાની તૈયારી અત્યારથી જ શરૂ કરી દેવામાં આવેલ છે.

# રાજકોટ વોર્ડ નં.૧૮માં ડ્રોનના માધ્યમથી મચ્છર ઉત્પડત્તિના સ્થળે થશે મોનીટરીંગ

રાજકોટ, મહાનગરપાલિકા દ્વારા શહેરમાં મચ્છતરજન્યા રોગચાળો અટકાવવા તેમજ મચ્છઉર નિયંત્રણની કામગીરીને વધુ અસરકારક અને આધુનિક બનાવવા માટે ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. આ કામગીરીના ભાગરૂપે આજ તા.૨૫ના વોર્ડ નં. ૧૮ ખાતે નાયબ કમિશનર ચેતન નંદાણી તથા આરોગ્યઆ અધિકારી ડૉ. જયેશ વકાણી દ્વારા ડ્રોનના માધ્યવમથી મચ્છઆર ઉત્પમત્તિના સ્થનળોના સર્વેની કામગીરીનું સ્થીળ પર મોનીટરીંગ કરવામાં આવ્યુંન હતું. આ અવસરે ડ્રોન દ્વારા શહેરના મચ્છ ર ઉત્પાત્તિ સંભવિત વિસ્તાોરોનું સર્વેક્ષણ કરી સ્થુળોની ઓળખ કરવાની તેમજ જરૂરી સ્થરળોએ લાર્વીસાઈડ દવાનો છંટકાવ કરવાની કામગીરીનું પ્રત્યુક્ષ નિદર્શન કરવામાં આવ્યુંળ હતું.

# ઈન્ડેલ મનીનો રૂ. ૫૦૦ કરોડનો એનસીડી ઈશ્યૂ ૭૦૪ ટકા ઓવરસબસ્ક્રાઈબ થયો

## રૂ. ૧,૭૫૯ કરોડનું સબસ્ક્રિપ્શન મળ્યું

મુંબઈ, ઈન્ડેલ મની લિમિટેડના સિક્યોર્ડ, રેટેડ, લિસ્ટેડ અને રિડિમેબલ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (એનસીડી)ના પબ્લિક

ઈશ્યૂને રોકાણકારો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે, જેમાં રૂ. ૫૦૦ કરોડ સુધીનો સમગ્ર ઈશ્યૂ, રૂ. ૨૫૦ કરોડના ગ્રીન શૂ વિકલ્પ સહિત, ૧૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખૂલ્યાના ચાર કલાકમાં સંપૂર્ણપણે સબસ્ક્રાઈબ થયો છે. આ ઈશ્યૂ બેઝ સાઈઝ રૂ. ૨૫૦ કરોડ અને રૂ. ૨૫૦ કરોડ સુધીનાઓવરસબસ્ક્રિપ્શનને જાળવી રાખવાના વિકલ્પ સાથે ૨૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ પ્રી-ક્લોઝ થયો હતો, જે તેની ક્લોઝિંગ તારીખથી પહેલાં છે.કંપનીએ રૂ. ૧,૭૫૯ કરોડ સુધીની બીડ મેળવી છે, જે બેઝ ઈશ્યૂ સાઈઝના ૭૦૪ ટકા છે. ઈન્ડેલ મનીના હોલ ટાઈમ ડિરેક્ટર ઉમેશ મોહનને જણાવ્યું હતું કે, ઈશ્યૂને મળેલો અભૂતપૂર્વ પ્રતિસાદ ઈન્ડેલ મની અને અમારી વૃદ્ધિ રણનીતિમાં રોકાણકારોનો વિશ્વાસ સૂચવે છે. મહત્વપૂર્ણ છે કે માત્ર ચાર જ કલાકમાં રૂ. ૫૦૦ કરોડનો ઈશ્યૂ સબસ્ક્રાઈબ થઈ ગયો હતો, જે બાદ કુલ રૂ. ૧,૭૫૯ કરોડનું સબસ્ક્રિપ્શન મળ્યું છે, જે ખરા અર્થમાં પ્રોત્સાહક છે. ઈન્ડેલ મનીની બ્રાન્ચનું નેટવર્ક હરિયાણા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ઓડિશા, મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ, તમિલનાડુ, આંધ્ર પ્રદેશ, તેલંગાણા અને ગુજરાતમાં તેમજ પુડુચેરી, ચંદીગઢ, દિલ્હી અને આંદામાન અને નિકોબાર ટાપુઓના કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેલાયેલું હતું.

# રાજકોટ પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૨૭મા વર્ષે સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવનું આયોજન

રાજકોટ, રાજકોટના મિલપરા મેઈન રોડ પર આવેલા શ્રી પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આગામી તારીખ ૦૬/૧૨/૨૦૨૬, રવિવારના રોજ સતત ૨૭મા વર્ષે ૧૧ ક્ધયાઓના સર્વજ્ઞાતિ સમૂહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.સંસ્થા દ્વારા સમૂહ લગ્નમાં જોડાનાર દીકરી અને દીકરા બંને પક્ષને ૨૫-૨૫ ભોજન પાસ આપવામાં આવશે.

આ ઉપરાંત, નવવધૂઓને કરિયાવરમાં ૧૦૧ જેટલી ઉપયોગી ભેટ-સોગાદો આપવામાં આવશે. આ સમૂહ લગ્ન માટેના ફોર્મ સંસ્થાના કાર્યાલય (શ્રી પ્રગટ હનુમાનજી મંદિર, લક્ષ્મીવાડી શેરી નં.-૯/અ, મિલપરા મેઈન રોડ, રાજકોટ) ખાતેથી સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ અને સાંજે ૫:૦૦ થી ૮:૦૦ કલાક દરમિયાન 'વહેલા તે પહેલા'ના ધોરણે મેળવી શકાશે.

# રાજકોટની કણસાગરા મહિલા કોલેજ દ્વારા ૧૧૦૦ રાખડીઓ એકત્રિત કરી દેશના વીર જવાનોને સમર્પિત કરાઈ

રાજકોટ,દેશની સરહદો પર ખડેપહેરે રહીને દેશની રક્ષા કરતા બહાદુર સૈનિકો પ્રત્યે અપાર પ્રેમ, આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરવાના હેતુથી શ્રીમતી કે. એસ. એન. કણસાગરા મહિલા કોલેજના એનએનએસ. વિભાગ દ્વારા 'એવિડ એક્સપ્લોરર' સંસ્થાના સહયોગથી 'બંધન ફોરભારત - દિલ કી બાત રાખી કે સાથ' અભિયાનમાં જોરશોરથી સહભાગી બનવામાં આવ્યું હતું.

સંસ્થાના પ્રિન્સિપાલડો. સ્નેહલ પલાણના પ્રોત્સાહક માર્ગદર્શન હેઠળ કોલેજની તમામ વિદ્યાર્થીની બહેનોને આ રાષ્ટ્રપ્રેમી અભિયાન સાથે જોડવા માટે વિશેષ પહેલ કરવામાં આવી હતી. એનએનએસ વિભાગના પ્રોગ્રામ ઓફિસરડો. રેણુકા બી. ચાવડાની આગેવાની અને સતત પ્રેરણાથી કણસાગરા કોલેજની યુવતીઓ અને એનએનએસ.ના સ્વયંસેવકો દ્વારા અવિરત ૨૦ દિવસ સુધી પોતાની સર્જનાત્મકતા અને ઉત્સાહથી સુંદર રાખડીઓની રચના કરવામાં આવી હતી. આ નિષ્ઠાવાન પ્રયાસોના પરિણામે કુલ૧૧૦૦ રાખડીઓનું ભવ્ય સંકલન કરવામાં આવ્યું હતું,

રાષ્ટ્રપ્રેમ અને સેવાનું પ્રતિક બનેલી આ તમામ ૧૧૦૦ રાખડીઓ તા. ૨૪/૦૮/૨૦૨૬ ના રોજ સત્તાવાર રીતે જમા કરાવવામાં આવી હતી. આ અનન્ય યોગદાન બદલ 'એવિડ એક્સપ્લોરર' સંસ્થા દ્વારા કણસાગરા મહિલા કોલેજને વિશેષ સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું, જે કોલેજ વતી એનએનએસ. પ્રોગ્રામ ઓફિસરડો. રેણુકા બી. ચાવડાદ્વારા સ્વીકારવામાં આવ્યું હતું.અને આ રીતે કોલેજમાં અનોખી અને દેશભક્તિસભર ઉત્સાહ સાથે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી.

# યુપીઆઈના ૧૦ વર્ષ પૂર્ણ : વાર્ષિક વ્યવહારો ૧.૭૮ કરોડથી વધી ૨૪,૧૬૨ કરોડ થયા

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર પોસ્ટ કરીને યુપીઆઈની સિદ્ધિઓને યાદ કરી




નવીદિલ્હી,

ભારતની ડિજિટલ ચુકવણી પ્રણાલીમાં પરિવર્તન લાવનાર યુપીઆઈ આજે ૧૦ વર્ષનું થઈ ગયું છે. ૨૫ ઓગસ્ટ, ૨૦૧૬ ના રોજ લોન્ચ થયેલ, યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ દેશમાં રોજિંદા ચુકવણીનો એક મહત્વપૂર્ણ ભાગ બની ગયું છે. નાની દુકાન પર થોડા રૂપિયાની ચુકવણી હોય કે લાખો રૂપિયાનો વ્યવસાયિક વ્યવહાર હોય,યુપીઆઈએ પૈસા મોકલવા અને પ્રાપ્ત કરવાની પ્રક્રિયાને સરળ બનાવી છે. આ ખાસ પ્રસંગે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર પોસ્ટ કરીને યુપીઆઈની સિદ્ધિઓને યાદ કરી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ 'એકસ' પર લખ્યું કે એક દાયકા પહેલા યુપીઆઈની શરૂઆતથી ભારતની ડિજિટલ ચુકવણી યાત્રામાં મોટો ફેરફાર થયો. તેમણે યુપીઆઈના સ્કેલ અને પહોંચને દરેક ભારતીય માટે ગર્વની વાત ગણાવી.

નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર,યુપીઆઈની શરૂઆત પહેલા નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં, વાર્ષિક ફક્ત ૧.૭૮ કરોડ વ્યવહારો હતા. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં આ આંકડો વધીને ૨૪,૧૬૨ કરોડથી વધુ વ્યવહારો થયો. આનો અર્થ એ થયો કે લગભગ ૧૦ વર્ષમાં, યુપીઆઈના વાર્ષિક વ્યવહારોમાં આશરે ૧૩,૦૦૦ ગણો વધારો થયો છે. માત્ર વ્યવહારોની સંખ્યામાં જ નહીં, પરંતુ તેના દ્વારા પ્રક્રિયા કરાયેલી કુલ ચુકવણીઓમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ૨૦૧૬-૧૭માં, યુપીઆઈદ્વારા આશરે ૦.૦૭ લાખ કરોડના વ્યવહારો કરવામાં આવ્યા હતા, જે ૨૦૨૫-૨૬ માં વધીને આશરે ૩૧૪ લાખ કરોડ થયા.

યુપીઆઈની લોકપ્રિયતા સતત વધી રહી છે. મે ૨૦૨૬ માં, પ્રથમ વખત, એક જ મહિનામાં ૨,૩૦૦ કરોડથી વધુ વ્યવહારો નોંધાયા હતા. મે મહિનામાં ૨,૩૨૦ કરોડ વ્યવહારો અને જુલાઈ ૨૦૨૬ માં ૨,૩૬૬ કરોડ વ્યવહારો થયા હતા, જે યુપીઆઈની દાયકા લાંબી સફરમાં અત્યાર સુધીનો સૌથી વધુ માસિક આંકડો છે.


યુપીઆઈ સાથે જોડાયેલ બેંકોની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ૨૦૧૬-૧૭ માં, ફક્ત ૪૪ બેંકો યુપીઆઈ પર લાઈવ હતી. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં, આ સંખ્યા વધીને ૭૦૩ બેંકો થઈ ગઈ.

યુપીઆઈ હવે ભારત પૂરતું મર્યાદિત નથી. તે યુએઈ, ફ્રાન્સ, ભૂતાન, શ્રીલંકા, નેપાળ, સિંગાપોર, મોરેશિયસ, કતાર, કંબોડિયા, ગ્રીસ અને માલદીવ સહિત ૧૧ દેશોમાં કાર્યરત છે.આઈએમએફ અનુસાર, ૨૦૨૫ માં યુપીઆઈ વૈશ્વિક રીઅલ-ટાઈમ ચુકવણી વ્યવહાર વોલ્યુમના આશરે ૪૯ ટકા હિસ્સો ધરાવશે. આમ, ૧૦ વર્ષમાં,યુપીઆઈએ ભારતની ડિજિટલ ઓળખ અને વિશ્વની અગ્રણી રીઅલ-ટાઈમ ચુકવણી પ્રણાલીઓમાંની એક તરીકે પોતાને સ્થાપિત કરી છે.

**યુનિફાઇડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ દેશમાં રોજિંદી ચુકવણીનો એક મહત્વપૂર્ણ ભાગ બની ગયું**

# ડીઆરડીઓ દ્વારા વિકસિત તમામ પરંપરાગત મિસાઈલ સિસ્ટમ્સ માટે ટેકનોલોજી ભારતીય ઉદ્યોગોને ટ્રાન્સફર કરવા કેન્દ્રની મંજૂરી

## ભારતીય કંપનીઓ હવે દેશની અંદર મિસાઈલ સિસ્ટમ્સનું ઉત્પાદન કરી શકશે : સંરક્ષણ ક્ષેત્રમાં ભારતને આત્મનિર્ભર બનાવવા માટે કેન્દ્ર સરકારનો નિર્ણય



નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે સંરક્ષણ ક્ષેત્રમાં ભારતને આત્મનિર્ભર બનાવવા માટે એક મોટો નિર્ણય લીધો છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ડીઆરડીઓ (સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન) દ્વારા વિકસિત તમામ પરંપરાગત મિસાઈલ સિસ્ટમ્સ માટે ટેકનોલોજી ભારતીય ઉદ્યોગોને ટ્રાન્સફર કરવાની મંજૂરી આપી છે. આનાથી લાયક ભારતીય કંપનીઓ દેશની અંદર આ મિસાઈલ સિસ્ટમ્સનું ઉત્પાદન કરી શકશે. આ પગલાથી ભારતીય સશસ્ત્ર દળોની લડાઈ તૈયારીને ફાયદો થશે અને સશસ્ત્ર દળોને જરૂરી મિસાઈલોનો સમયસર પુરવઠો સુનિશ્ચિત થશે.

સંરક્ષણ મંત્રાલય દ્વારા આ નિર્ણયને ભારતની મિસાઈલ વિકાસ યાત્રાને સંશોધનથી ઉત્પાદન સુધી વેગ આપવા માટે એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. આ પહેલ ભારતીય કંપનીઓને નિયમનકારી ધોરણોનું પાલન કરતી અદ્યતન મિસાઈલ સિસ્ટમ્સ વિકસાવવા માટે પ્રોત્સાહિત કરે છે. સ્થાનિક ક્ષમતાઓને મજબૂત બનાવીને, સરકાર માત્ર આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપી રહી નથી પરંતુ દેશના સંરક્ષણ ક્ષેત્રને સમૃદ્ધ બનાવી રહી છે અને ઉત્પાદન ક્ષમતામાં સુધારો કરી રહી છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ઙ્ઈઙ્ઢ દ્વારા વિકસિત તમામ પરંપરાગત મિસાઈલ સિસ્ટમ્સ માટેની ટેકનોલોજી ભારતીય સંરક્ષણ ઉદ્યોગને ટ્રાન્સફર કરવાની મંજૂરી આપી છે, જેનાથી દેશની અંદર તેમનું ઉત્પાદન શક્ય બનશે. સંરક્ષણ ક્ષેત્રમાં આ સ્વનિર્ભરતાનો અર્થ ફક્ત સ્થાનિક ઉપયોગ અને સંશોધન માટે શસ્ત્રો વિકસાવવાનો જ નહીં, પરંતુ દેશની અંદર તેમના ઉત્પાદન અને સપ્લાય ચેઈનનો વિકાસ પણ થાય છે.

મિસાઈલ ટેકનોલોજીના ટ્રાન્સફરથી સ્થાનિક ઉત્પાદન ક્ષમતા વધારવામાં, વિદેશી નિર્ભરતા ઘટાડવામાં અને ભારતીય સંરક્ષણ ઉદ્યોગને મજબૂત બનાવવામાં મદદ મળશે તેવી અપેક્ષા છે. આનો અર્થ એ છે કે ભારતીય ઉદ્યોગો ઙ્ઈઙ્ઢ દ્વારા વિકસિત ટેકનોલોજીનો ઉપયોગ કરીને મોટા પાયે મિસાઈલોનું ઉત્પાદન કરી શકશે. હકીકતમાં, અત્યાર સુધી, ડીઆરડીઓએ અદ્યતન મિસાઈલ સિસ્ટમ્સના વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. નવી વ્યવસ્થા હેઠળ, ડીઆરડીઓ દ્વારા વિકસિત ટેકનોલોજી ભારતીય ઉદ્યોગોને ટ્રાન્સફર કરવામાં આવશે જે નિર્ધારિત લાયકાતો, પ્રમાણપત્ર અને નિયમનકારી આવશ્યકતાઓને પૂર્ણ કરે છે.

# ભારતમાં પ્રથમ વખત મહિલા કમાન્ડો કન્વર્ઝન કોર્સ યોજાશે

## એનએસજીએ મહિલા કમાન્ડોને તાલીમ આપવા માટે મોટી પહેલ શરૂ કરી : મહિલાઓને પ્રથમ વખત તાલીમ આપવામાં આવશે

નવીદિલ્હી,

એનએસજી ટ્રેનિંગ એકેડેમી, માનેસર, એ ભારતમાં સુરક્ષાની આગળની હરોળમાં મહિલા શક્તિને મજબૂત કરવા માટે એક મહત્વપૂર્ણ પહેલ શરૂ કરી છે. દેશમાં પહેલીવાર, મહિલા કમાન્ડો કન્વર્ઝન કોર્સ યોજાઈ રહ્યો છે, જે રાજ્ય પોલીસ દળો અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના મહિલા કર્મચારીઓને વિશેષ કમાન્ડો તાલીમ પૂરી પાડે છે.

૨૦૨૬ સુધી ચાલનારા આ કઠોર અને વ્યાપક ૧૨-અઠવાડિયાના તાલીમ કાર્યક્રમનો ઉદ્દેશ્ય મહિલા સૈનિકોને ઉચ્ચ પ્રશિક્ષિત, આત્મવિશ્વાસુ અને કાર્યક્ષમ કમાન્ડોમાં વિકસાવવાનો છે. આ તાલીમમાં શારીરિક સ્થિતિસ્થાપકતા, શસ્ત્ર સંચાલન, ચોકસાઈ શૂટિંગ, હસ્તક્ષેપ કૌશલ્ય, બંધક બચાવ કામગીરી અને આતંકવાદ વિરોધી કામગીરીના વિવિધ પાસાઓમાં તાલીમનો સમાવેશ થાય છે.

આ પહેલનો ઉદ્દેશ્ય માત્ર મહિલા કર્મચારીઓની શારીરિક અને વ્યાવસાયિક ક્ષમતાઓને વધારવાનો નથી, પરંતુ તેમને ઝડપી નિર્ણય લેવાની, હિંમત અને ઉચ્ચ સ્તરના કમાન્ડો પ્રાવીણ્યની જરૂર હોય તેવા પડકારજનક કાર્યકારી વાતાવરણ માટે તૈયાર કરવાનો પણ છે. એનએસજી દ્વારા આ પહેલને દેશની આંતરિક સુરક્ષા વ્યવસ્થામાં મહિલા કમાન્ડોના સક્ષમ અને પ્રશિક્ષિત કેડર વિકસાવવામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ માનવામાં આવે છે.

# શાળામાં સાપ કરડવાથી ૩ વિદ્યાર્થીઓના મૃત્યું મામલે આચાર્ય સહિત ૫ વિદ્યાર્થીઓ સામે એફઆઈઆર

## આદિજાતિ વિકાસ વિભાગે બે અધિકારીઓને સસ્પેન્ડ કર્યા : આશ્રમશાળાની માન્યતા પણ રદ કરાઈ

મુંબઈ,

ગઢચિરોલી જિલ્લાના ધનોરા તાલુકામાં જાપટલાઈ સ્થિત સરકારી આશ્રમ શાળા (શાળા)માં સાપ કરડવાથી ત્રણ સગીર આદિવાસી વિદ્યાર્થીઓના મૃત્યુના કેસમાં કાર્યવાહી હવે તેજ થઈ ગઈ છે. ધનોરા પોલીસે મુખ્ય શિક્ષક, મહિલા અધિક્ષક, પુરુષ અધિક્ષક અને સંસ્થાના પ્રમુખ અને સચિવ સામે ગંભીર કલમો હેઠળ કેસ દાખલ કર્યો છે, જ્યારે આદિજાતિ વિકાસ વિભાગે બે અધિકારીઓને સસ્પેન્ડ પણ કર્યા છે, જેમાં વિભાગીય જવાબદારી નક્કી કરવામાં આવી છે. વધુમાં, જપટલાઈ આશ્રમશાળાની માન્યતા પણ રદ કરવામાં આવી છે. આ ઘટના ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સવારે ૨ વાગ્યે બની હતી. જપટલાઈ સહાયિત આશ્રમશાળા છાત્રાલયમાં વિદ્યાર્થીઓ રાત્રિભોજન પછી અને અભ્યાસ કર્યા પછી સૂઈ રહ્યા હતા. એક સાપ રૂમમાં ઘૂસી ગયો અને કેટલાક વિદ્યાર્થીઓને કરડ્યો. આ ઘટનાથી છાત્રાલયમાં ગભરાટ ફેલાયો. અસરગ્રસ્ત વિદ્યાર્થીઓને તાત્કાલિક ધનોરા ગ્રામીણ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા.

જવેલીના તહેસીલ એટાપલ્લીની છઠ્ઠા ધોરણની વિદ્યાર્થિની ૧૪ વર્ષની દીપિકા ઐતવા લાકરા અને મેંઢ્રી, તહેસીલ એટાપલ્લીની છઠ્ઠા ધોરણની વિદ્યાર્થિની ૧૫ વર્ષની સુષ્મિતા સરોજીત મંડલનું સારવાર દરમિયાન મૃત્યુ થયું. ત્યારબાદ, સર્પદંશના લક્ષણો દર્શાવતા ૧૬ વિદ્યાર્થીઓને ગઢચિરોલી જિલ્લા જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. કેહકાવાહીના તહસીલ ધનોરાની આઠ વર્ષની અનુ ગજુરામ કોરેટી, બીજા ધોરણની વિદ્યાર્થીની, પણ સારવાર દરમિયાન મૃત્યુ પામી હતી. આ ઘટનામાં ત્રણ નિર્દોષ વિદ્યાર્થીઓના મોત થયા હતા.

# અશોક ગેહલોતે પીએમ મોદીને પત્ર લખીને જાતિ વસ્તી ગણતરી પ્રક્રિયાને ખામીયુક્ત ગણાવી

નવીદિલ્હી,

પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે, વર્તમાન જાતિ વસ્તી ગણતરી પ્રક્રિયા પર પ્રશ્ન ઉઠાવ્યો છે. ગેહલોતે આરોપ લગાવ્યો કે જાતિની માહિતી એકત્રિત કરવા માટે અપનાવવામાં આવતી પ્રક્રિયા ખામીયુક્ત છે અને તેનાથી સાચા જાતિના આંકડા જાહેર થશે નહીં.

ગેહલોતે જણાવ્યું હતું કે સરકારે જાતિની માહિતી રેકોર્ડ કરવા માટે ''ખુલ્લા પ્રશ્ન'' પદ્ધતિ અપનાવી છે. આ પદ્ધતિમાં, ફક્ત વ્યક્તિ દ્વારા આપવામાં આવેલ જાતિનું નામ જ રેકોર્ડ કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે ભારતમાં, એક જ જાતિને વિવિધ પ્રદેશોમાં અલગ અલગ નામો, પેટાજાતિઓ અને ભાષાઓથી ઓળખવામાં આવે છે. તેથી, એક જ જાતિ માટે બહુવિધ નામો રેકોર્ડ કરવાથી ડેટા વેરવિખેર થઈ જશે અને સચોટ વિશ્લેષણ મુશ્કેલ બનશે.

ગેહલોતે પત્રમાં જણાવ્યું હતું કે વર્તમાન પ્રશ્નાવલીમાં ''પછાત વર્ગો'' શબ્દ પણ શામેલ નથી. પરિણામે, પછાત વર્ગોની વાસ્તવિક વસ્તી નક્કી કરવી મુશ્કેલ બનશે. તેમણે જણાવ્યું હતું કે જાતિ વસ્તી ગણતરીનો ઉદ્દેશ્ય ત્યારે જ પ્રાપ્ત થશે જો ડેટા સ્પષ્ટ અને વિશ્વસનીય રીતે એકત્રિત કરવામાં આવે. પૂર્વ મુખ્યમંત્રીએ વડા પ્રધાન પાસેથી માંગ કરી હતી કે જાતિની માહિતી રેકોર્ડ કરતા પહેલા જાતિઓની યાદી તૈયાર કરવામાં આવે. તેમણે તેલંગાણામાં ૨૦૨૪ના જાતિ સર્વેક્ષણ અને બિહારમાં ૨૦૨૨ના જાતિ સર્વેક્ષણનો ઉલ્લેખ કર્યો. ગેહલોતે કેન્દ્ર સરકારને વર્તમાન પ્રક્રિયા પર પુનર્વિચાર કરવા વિનંતી કરી.

# યુએસ એરફોર્સનું એફ-૩૫ સ્ટીલ્થ ફાઈટર જેટ પહેલી વાર ભારતમાં લશ્કરી કવાયતમાં ભાગ લેશે

## ભારતીય વાયુસેના દ્વારા આવતા મહિને જોધપુરમાં ઘણા દેશો સાથે તારંગ શક્તિ કવાયત યોજાશે

વોશિંગ્ટન,

યુએસ એરફોર્સનું એફ-૩૫ સ્ટીલ્થ ફાઈટર જેટ પહેલી વાર ભારતમાં લશ્કરી કવાયતમાં ભાગ લઈ શકે છે, ધ ટ્રિબ્યુને સૂત્રોને ટાંકીને અહેવાલ આપ્યો છે. ભારતીય વાયુસેના આવતા મહિને જોધપુરમાં ઘણા દેશો સાથે "તારંગ શક્તિ" કવાયતની બીજી આવૃત્તિનું આયોજન કરવા માટે તૈયાર છે, જેમાં એફ-૩૫ ભાગ લેવાની યોજના ધરાવે છે. રાજસ્થાનના જોધપુર એરબેઝ ખાતે યોજાનારી આ કવાયતમાં એફ-૩૫ ફાઈટર જેટનો એક નાનો સમૂહ ભાગ લઈ શકે છે.

આ પાંચમી પેઢીનું અમેરિકન ફાઈટર જેટ અગાઉ બેંગલુરુમાં એર શો માટે ભારત આવ્યું છે, પરંતુ અહીં કોઈ લશ્કરી કવાયતમાં ભાગ લીધો નથી. એફ-૩૫ તાજેતરમાં ઓસ્ટ્રેલિયામાં પિચ બ્લેક એક્સરસાઈઝનો ભાગ હતું, જેમાં આઈએએફએ પણ ભાગ લીધો હતો.

અહેવાલો અનુસાર, આ દ્વિવાર્ષિક કવાયતમાં યુનાઈટેડ સ્ટેટ્સ, યુએઈ, ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, ફ્રાન્સ, ગ્રીસ, સિંગાપોર અને શ્રીલંકા સહિત અનેક દેશોના વાયુસેના ભાગ લેશે. એવી અપેક્ષા છે કે લગભગ ૧૮ દેશો લશ્કરી નિરીક્ષકો પણ મોકલશે. સૂત્રો સૂચવે છે કે ભારતે ૫૧ દેશોને આમંત્રણ આપ્યું છે અને ધીમે ધીમે વ્યક્તિગત દેશો તરફથી પુષ્ટિ મળી રહી છે. ગયા વર્ષે મે મહિનામાં 'ઓપરેશન સિંદૂર' દરમિયાન પાકિસ્તાની એરબેઝ પર આઈએએફ દ્વારા કરવામાં આવેલા હુમલા પછી 'તારંગ શક્તિ' આ સ્કેલનો પ્રથમ બહુરાષ્ટ્રીય હવાઈ અભ્યાસ હશે. ૨૦૨૪ માં પ્રથમ વખત આયોજિત આ કવાયતનો હેતુ ઓપરેશનલ સહયોગ વધારવા, સંરક્ષણ ભાગીદારીને મજબૂત બનાવવા અને ભારતની સ્વદેશી એરોસ્પેસ ક્ષમતાઓનું પ્રદર્શન કરવાનો છે.આઈએએફ તેજસ, લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર અને એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર જેવા પ્લેટફોર્મ તૈનાત કરે તેવી અપેક્ષા છે. આ કવાયતમાં ભાગ લેનારા વાયુસેનાઓ વચ્ચે ગ્રાઉન્ડ ટ્રેનિંગ, જાળવણી ક્રિયાપ્રતિક્રિયાઓ અને તકનીકી માહિતીનું આદાનપ્રદાન પણ શામેલ હશે.

ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૪ માં યોજાયેલી પ્રથમ આવૃત્તિમાં બે તબક્કામાં આશરે ૧૫૦ વિમાનોએ ભાગ લીધો હતો. અગિયાર દેશોએ તેમના લશ્કરી સંસાધનોનું યોગદાન આપ્યું હતું, જ્યારે ઘણા અન્ય દેશોએ નિરીક્ષક તરીકે ભાગ લીધો હતો. બ્રિટિશ એરક્રાફ્ટ કેરિયર HMS પ્રિન્સ ઓફ વેલ્સના ઓપરેશન દરમિયાન ગયા જૂનમાં તિરુવનંતપુરમમાં ફાઈટર જેટના મરીન કોર્પ્સ વેરિઅન્ટ,એફ-૩૫બીનું કટોકટી ઉતરાણ થયું હતું.

# દિલ્હીમાં ૩૦૦૦ એચ૧એનઆઈ કેસ નોંધાયા મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ સમીક્ષા બેઠક બોલાવી

નવીદિલ્હી,

રાષ્ટ્રીય રાજધાનીમાં ઈન્ફલુએન્ઝાના કેસોમાં સતત વધારો વચ્ચે, મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કટોકટી સમીક્ષા બેઠક બોલાવી છે. મંગળવારે, દિલ્હીના આરોગ્ય પ્રધાન પંકજ કુમાર સિંહે આ માહિતી આપતાં જનતાને ખાતરી આપી હતી કે ગભરાવાની કોઈ જરૂર નથી અને પરિસ્થિતિ સંપૂર્ણપણે સરકારના નિયંત્રણમાં છે.

સ્વાસ્થ્ય વિભાગ, એમસીડી, એનડીએમસી અને દિલ્હી કેન્ટોનમેન્ટ બોર્ડના વરિષ્ઠ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજ્યા બાદ પત્રકાર પરિષદને સંબોધતા, આરોગ્ય પ્રધાન પંકજ કુમાર સિંહે કહ્યું કે હોસ્પિટલોમાં ડોકટરો, તબીબી સ્ટાફ કે દવાઓની કોઈ અછત નથી. મુખ્યમંત્રીએ કટોકટી સમીક્ષા બેઠક બોલાવી છે. હું તમને ખાતરી આપું છું કે કોઈ સમસ્યા નથી; બધું નિયંત્રણમાં છે.

ડેટા શેર કરતા, મંત્રીએ જણાવ્યું હતું કે આ વર્ષે દિલ્હીમાં અત્યાર સુધીમાં ઈન્ફલ્યુએન્ઝાના આશરે ૩,૦૦૦ કેસ નોંધાયા છે. આમાંથી, સૌથી મોટો હિસ્સો એચ૧એન૧ (સ્વાઈન ફ્લૂ)નો છે, જેમાં ૨,૩૦૮ કેસ છે. બાકીના કેસ ઈન્ફલ્યુએન્ઝાના અન્ય પ્રકારોના છે.

આરોગ્ય મંત્રીએ સ્પષ્ટતા કરી કે આ બેઠક દિલ્હીમાં એચ૧એન૧, મોસમી ઈન્ફલ્યુએન્ઝા અને વેક્ટર-જન્ય રોગોનો સામનો કરવા માટેની તૈયારીઓ અને વ્યવસ્થાઓની સમીક્ષા કરવા માટે યોજાઈ હતી. તેમણે જનતાને ગભરાવાની જરૂર નથી તેમ કહીને ગભરાવાની અપીલ કરી.

# સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચ પાસેથી ૩.૮ મિલિયનથી વધુ પેન્ડિંગ અપીલોની વિગતવાર વિગતો માંગી

## કોર્ટે મતદાર યાદીમાંથી જેમના નામ દૂર કરવામાં આવ્યા છે તેમના મતદાન અધિકારો અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી




નવીદિલ્હી,

પશ્ચિમ બંગાળ મતદાર યાદી સંબંધિત એસઆઈઆર (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) કેસની સુનાવણી દરમિયાન મંગળવારે સુપ્રીમ કોર્ટમાં એક લાંબી અને મહત્વપૂર્ણ ચર્ચા થઈ. પેન્ડિંગ અપીલો, મતદાર યાદીમાંથી નામો કાઢી નાખવા, ચૂંટણી પંચની પ્રક્રિયા અને આગામી ચૂંટણીઓ પર સંભવિત અસર જેવા મુદ્દાઓ કોર્ટ સમક્ષ ઉઠાવવામાં આવ્યા હતા.ટીએમસી સાંસદ અને વરિષ્ઠ વકીલ કલ્યાણ બેનર્જી અને વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણે દાવો કર્યો હતો કે લાખો લોકોના નામ યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે અને મોટી સંખ્યામાં અપીલો હજુ પણ બાકી છે. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચ પાસેથી વિગતવાર ડેટા માંગ્યો હતો અને કહ્યું હતું કે પેન્ડિંગ અપીલો કોઈપણ નાગરિકના લોકશાહી અધિકારોને અસર ન કરે.

સુનાવણી દરમિયાન, ટીએમસી સાંસદ અને વરિષ્ઠ વકીલ કલ્યાણ બેનર્જીએ કહ્યું હતું કે ઘણા વિધાનસભા મતવિસ્તારોમાં, તેમના ઉમેદવારો જેટલા મતોથી ચૂંટણી હારી ગયા તેના કરતાં વધુ મતદારોના નામ યાદીમાંથી દૂર કરવામાં આવ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે "એસઆઈઆરની આડમાં મત કાપવામાં આવ્યા હતા, જેમાં ચોક્કસ વર્ગને લક્ષ્ય બનાવવામાં આવ્યું હતું." કલ્યાણ બેનર્જીએ જણાવ્યું હતું કે સમગ્ર સમીક્ષા ઝુંબેશ સંબંધિત માહિતી જાહેરમાં ઉપલબ્ધ નથી. તેમણે કોર્ટને કહ્યું, "એસઆઈઆર વિશેની કોઈ માહિતી જાહેર ડોમેનમાં ઉપલબ્ધ નથી." "મને ક્યાંયથી કોઈ ડેટા મળી રહ્યો નથી." "ચૂંટણી પંચે જાહેર ડોમેનમાં કોઈ ડેટા જાહેર કર્યો નથી." "અમે જે કંઈ જાણીએ છીએ તે આ કોર્ટ સમક્ષ દાખલ કરાયેલા અહેવાલોમાંથી આવી રહ્યું છે."

કલ્યાણ બેનર્જીએ જણાવ્યું હતું કે અગાઉની સુનાવણી દરમિયાન, જાણવા મળ્યું હતું કે આશરે ૩.૭ મિલિયન અપીલો પેન્ડિંગ હતી. ન્યાયાધીશ જોયમલ્યા બાગચીએ ટિપ્પણી કરી હતી, "આ અમારા માટે પણ ચિંતાનો વિષય છે." "મે સુધીમાં, ૩.૭ મિલિયન અપીલો પેન્ડિંગ હતી." "પરંતુ અત્યાર સુધીની પ્રગતિ અત્યંત ધીમી રહી છે." "નિકાલ દર મહિને માત્ર સેંકડોમાં થઈ રહ્યો છે.

# રામ મંદિર ટ્રસ્ટના ભૂતપૂર્વ મહાસચિવ ચંપત રાયનો વિરોધ કરતા જૂથના સંતોની સભાને લઈને વિવાદ

## સ્થાનિક પોલીસે તેમની સૂચિત સભાને થતી અટકાવી અને રામાયણમ આશ્રમને તાળું મારી દીધું

અયોધ્યા,

રામ મંદિર ટ્રસ્ટના ભૂતપૂર્વ મહાસચિવ ચંપત રાયનો વિરોધ કરતા જૂથના સંતોની સૂચિત સભાને લઈને અયોધ્યામાં વિવાદ ફાટી નીકળ્યો છે. સંતોએ આરોપ લગાવ્યો છે કે સ્થાનિક પોલીસે તેમની સૂચિત સભાને થતી અટકાવી અને રામાયણમ આશ્રમને તાળું મારી દીધું. સંતોનો એવો પણ આરોપ છે કે તેમને થોડા સમય માટે આશ્રમ પરિસરમાં નજરકેદ રાખવામાં આવ્યા હતા.

એવું કહેવામાં આવી રહ્યું છે કે રામાયણમ આશ્રમ ખાતે વિરોધી જૂથના સંતોની બેઠક યોજાવાની હતી. મહંત જન્મેજય શરણ, સંત પ્રકાશાનંદ ગિરી ઉર્ફે કમ્પ્યુટર બાબા અને મહામંડલેશ્વર પરમાનંદ ગિરી સહિત અનેક સંતો બેઠકમાં હાજર રહે તેવી અપેક્ષા હતી. જોકે, સંતોનો આરોપ છે કે પોલીસે કાર્યવાહી કરી અને બેઠક થાય તે પહેલાં જ આશ્રમ બંધ કરી દીધો.

આ કાર્યવાહીના વિરોધમાં, સંતોએ જિલ્લા વહીવટીતંત્ર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા અને વહીવટીતંત્ર પર મિલીભગતનો આરોપ લગાવ્યો. વિરોધ પ્રદર્શન દરમિયાન, સંતોએ "દાન ચોરો, અયોધ્યા છોડી દો" જેવા સૂત્રોચ્ચાર કર્યા. સંતોનો આરોપ છે કે રામ મંદિર સંબંધિત દાન કેસમાં જવાબદારોને બચાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

વિરોધી જૂથના સંતોએ ચેતવણી આપી છે કે જો તેમની માંગણીઓ પૂર્ણ નહીં થાય તો ટૂંક સમયમાં અયોધ્યામાં ૧૦૦,૦૦૦ સંતોની એક મોટી સભા યોજાશે. સંતોએ હાલના રામ મંદિર ટ્રસ્ટને વિખેરી નાખવા અને સંત સમુદાયની ભાગીદારી સાથે એક નવું ટ્રસ્ટ બનાવવાની પણ માંગ કરી છે.

હાલમાં, સંતોના આરોપો અને પ્રસ્તાવિત સભાને અટકાવવાથી અયોધ્યામાં એક નવો વિવાદ ઉભો થયો છે. વહીવટીતંત્ર અને પોલીસ આ બાબતે સત્તાવાર પ્રતિભાવની રાહ જોઈ રહ્યા છે.

અયોધ્યામાં રામ મંદિરમાં દાન ચોરીનો મુદ્દો ખૂબ ગરમાયો છે. વિપક્ષ દાન ચોરી અંગે સતત પ્રશ્નો ઉઠાવી રહ્યો છે. દરમિયાન, સંત સમુદાયના સભ્યો પણ આ મુદ્દા પર પોતાનો વિરોધ વ્યક્ત કરી રહ્યા છે.

બેઠક પછી, કમ્પ્યુટર બાબાએ જણાવ્યું હતું કે સંત સમાજ કથિત પ્રસાદ વિવાદની નિષ્પક્ષ તપાસ અને દોષિતો સામે કાર્યવાહીની માંગણી સાથે એક મોટો વિરોધ પ્રદર્શન શરૂ કરશે. તેમણે જાહેરાત કરી હતી કે જો જરૂર પડશે તો એક લાખ સંતો અયોધ્યા પહોંચીને વિરોધ કરશે. સંત સમાજ મુખ્યમંત્રીને એક આવેદનપત્ર આપવાની પણ તૈયારી કરી રહ્યો છે. સંતોએ જણાવ્યું હતું કે તેઓ રામ લલ્લાના દર્શન કરશે અને કથિત પ્રસાદ વિવાદ માટે ભગવાન શ્રી રામની માફી માંગશે. સંતોએ આરોપ લગાવ્યો હતો કે તેમને અયોધ્યામાં પ્રસાદ વિવાદ પર બોલતા અટકાવવામાં આવી રહ્યા છે.

# અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર પાણાખાણમાં ડૂબી જતાં યુવકનું મોત

## પાણા ખાણ વિસ્તારમાં ફેન્સિંગ કરવાની સ્થાનિકોની માંગ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી જિલ્લામાં ભારે વરસાદ બાદ નદી-નાળા ચેક ડેમ સહિતની પાણ ખાણ પાણીથી ભરાઈ ગઈ છે. ત્યારે પાણી ભરાયેલી અજાણી જગ્યાઓ પર નાહવા જવું લોકો માટે જીવલેણ સાબિત થઈ રહ્યું છે. અમરેલીના ચક્કરગઢ રોડ પર આવેલી પાણા ખાણમાં નાહવા ગયેલા એક વ્યક્તિનું ડૂબી જવાથી મોત નીપજતા ચકચાર મચી ગઈ હતી.

અમરેલી જિલ્લામાં ગત મહિને પડેલ ભારે વરસાદના પગલે અનેક નદી-નાળા, તળાવો અને પાણાખાણો પાણીથી છલકાઈ રહી છે. વરસાદી પાણીથી ભરાયેલી પાણાખાણીઓ અને અન્ય સ્થળોએ લોકો નાહવા માટે જતા હોવાથી અકસ્માતની ઘટનાઓનું જોખમ વધ્યું છે. આવી જ એક કરૂણ ઘટના આજે અમરેલી



શહેરના ચક્કરગઢ રોડ પર આવેલી પાણા ખાણમાં બની હતી.

મળતી માહિતી મુજબ, અમરેલીના અજીત અજનાર નામના વ્યક્તિ પાણીથી ભરાયેલી પાણા ખાણમાં નાહવા ગયા હતા. દરમિયાન તેઓ પાણીમાં ડૂબી જતા તેમનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ મૃતદેહને પાણીમાંથી બહાર કાઢ્યો હતો.

ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમની કાર્યવાહી માટે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. બનાવની જાણ થતાં મૃતકના પરિવારજનો પણ સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. પરિવારજનોએ અજીત અજનારના મોતથી ભારે કલ્પાંત કર્યો હતો.

પાણા ખાણ વિસ્તારમાં અગાઉથી કોઈ સુરક્ષા વ્યવસ્થા કે ફેન્સિંગ ન હોવાના કારણે લોકો પાણીમાં નાહવા માટે જતા હોવાની ચર્ચા વચ્ચે સ્થાનિકોમાં પણ ચિંતા જોવા મળી રહી છે. સ્થાનિકોએ પાણા ખાણની આસપાસ તાત્કાલિક ફેન્સિંગ કરવામાં આવે તેમજ જોખમી સ્થળોએ ચેતવણીના બોર્ડ લગાવવામાં આવે તેવી માંગ કરી છે, જેથી ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓને અટકાવી શકાય.

# અમરેલીમાં આઈટીઆઈ સામે ક્રીમ રહેણાંક વિસ્તારમાં ગેરકાયદેસર ચાલતી હોસ્ટેલને બંધ કરાવવા માંગ

## તટસ્થ તપાસ કરી ગેરકાયદેસર હોસ્ટેલ ચલાવનાર વિરૂઘ્ધ કાર્યવાહી કરો,સ્થાનિકોએ જિલ્લા કલેકટર અને પોલીસ અધિક્ષકને આવેદનપત્ર પાઠવ્યું

(મિલાપ રૂપારેલ-દવારા)

અમરેલીનાં ક્રીમ વિસ્તાર ગણાતા આઈટીઆઈ સામેનાં રહેણાંક વિસ્તારનાં રહેવાસીઓએ આજે જિલ્લા કલેકટર અને પોલીસ અધિક્ષકને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રામાં જણાવેલ છે કે, અમરેલી શહેર વિસ્તાર કોલેજ ચોકથી હાઉસીંગ બોર્ડ રહેણાંક વિસ્તાર નારણનગર આઈટીઆઈ સામે અમરેલી રહીશ હિંમતભાઈ આણંદભાઈ સોળીયા ધ્વારા પાછલા ઘણા સમયથી રહેણાંક વિસ્તારમાં કોમર્શીયલ બિલ્ડીંગ તરીકે ઉપયોગ કરીને ગેરકાયદેસર રીતે હોસ્ટેલ બિલ્ડીગમાં લોજીંગ બોડ'ગ ઉપયોગ કરીને વિદ્યાર્થી-





વિદ્યાર્થીનીઓને એક જ બિલ્ડીગ રાખી ગેરકાયદેસર ટ્યુશન કલાસ તથા ભોજનાલય ચલાવતા હોય તે તમામ વિગત ચાલતા ભોજનાલયમાં, બિલ્ડીગમાં પુરતા અગ્નિસામક કોઈ સાધન કે વ્યવસ્થા ન હોય તે વિગતે ભયંકર અકસ્માત થાય તેવી પુરેપુરી દહેશત રહેલ છે.

વધુમાં જણાવેલ છે કે, ગેરકાયદેસર ચાલતા હોસ્ટેલ બિલ્ડીંગમાં રૂમ સાઈઝમાં પુરતી સંખ્યા કરતા વધારે સંખ્યા રાખીને પણ પુરતા સંડાસ-બાથરૂમની પુરી વ્યવસ્થા વગર એટલે કેવિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓની બિલ્ડીંગની ક્ષમતા કરતા વધારે સંખ્યા રાખીને તેમજ યુવાન અવસ્થામાં દીકરા-દીકરી એક જ બિલ્ડીંગ એક જ હલાણથી હાલ-ચાલ હોય તેવા સંજોગોમાં સામાજિક વ્યવસ્થાના અભાવથી કોઈપણ પ્રકારે અકુદરતી પ્રકારે કૃત્યો થવાની પુરેપુરી સંભાવનાઓ રહેલ છે.

વધુમાં જણાવેલ છે કે, બિલ્ડીંગ વિદ્યાર્થી સિવાય પણ નોકરીયાત વર્ગ લોકો કર્મચારીને પણ નોકરીયાત વર્ગ લોકો કર્મચારીને પણ રહેણાંક માટે કે જમવા માટેની વ્યવસ્થા કરીને પણ સંપૂર્ણપણે ગેરકાયદેસર ગેસ્ટ હાઉસ તરીકે ઉપયોગ કરી કરાવી કોઈપણ પ્રકારની સ્વાયત સંસ્થા કે રાજય સરકારના પરિપત્ર કે ગાઈડલાઈન મુજબ કોઈ પરવાનગી મેળવી ન હોય તે તમામ વિગતથી સદરહું ચાલતા હોસ્ટેલ બિલ્ડીગમાં કોઈપણ પ્રકારનો બનાવ કે અકસ્માત બની શકે તેમ છે.

ઉપરોક્ત તમામ વિગત રજુઆતને સંપૂણપણે ગંભીરતા લઈ યોગ્ય કાર્યવાહી કરી તાત્કાલીક અસરથી સદરહું ચાલતાં ગેરકાયદેસર મંજૂરી વગરના હોસ્ટેલ બિલ્ડીગ બંધ કરી કરાવવા રજૂઆત માંગણી કરી કરાવીએ છીએ અને આ તમામ વિગતથી ઉંડાણપૂર્વક તપાસ કરી કરાવી સદરહું વ્યક્તિ વિરૂઘ્ધ યોગ્ય ધોરણસર કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

# તડીપાર હુકમનો ભંગ કરનાર ઈસમ ઝડપાયો

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાતએ અમરેલી જિલ્લામાં શરીર સબંધી ગુન્હાઓ કરવાની ટેવ વાળા માથાભારે તથા સમાજ માટે ભયજનક ઈસમો તથા પ્રોહીબિશનની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઈસમો ઉપર પાસા તથા તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા તેમજ અત્રેના જિલ્લામાંથી તડીપાર થયેલ ઈસમો ઉપર વોચ રાખી તેના વિરૂધ્ધ કાર્યવાહી કરવા સૂચના આપેલ હતી.

જે અન્વયે અમરેલી એલ.સી.બી.પોલીસ ઈન્સ. સી.પી.વાઘેલાની રાહબરી હેઠળ અમરેલી એલ.સી.બી. ટીમ દ્વારા અત્રેના જિલ્લામાંથી તડીપાર થયેલ ઈસમને તડીપાર ભંગ અન્વયે પકડી પાડી, તડીપાર ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવેલ છે.

બગસરાનાના સબ ડીવી. મેજી. દ્વારા કરાયેલા તડીપાર (હદપારી) હુકમ નંબર ૧/૨૬ તા.૨૦/૫/૨૬ અન્વયે બગસરા તાલુકાના નવા વાઘણીયા ગામે



રહેતા આરોપી હરસુખભાઈ ઉર્ફે હસમુખભાઈ રવજીભાઈ સોલંકી નામના ઈસમને છ માસ સુધી અમરેલી, જુનાગઢ, ભાવનગર, બોટાદ, રાજકોટ, ગીર સોમનાથ જિલ્લાના શહેર તથા ગ્રામ્ય હદ વિસ્તારમાંથી તડીપાર કરેલ હતો.

આ તડીપાર ઈસમ કોઈ પણ જાતની લેખીત મંજુરી સિવાય અમરેલી જિલ્લામાં પ્રવેશ કરી, તડીપાર હુકમનો ભંગ કરેલ હોય, તેને મળેલ બાતમીના આધારે ઝડપી પાડી તડીપાર ઈસમ વિરૂધ્ધ જી.પી.એકટ કલમ ૧૪૨ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

# અમરેલી નજીક ચાંપથળ ગામની શેત્રુંજી નદીમાં બેફામ થતી રેતીચોરી સામે ગ્રામજનોમાં ભારે રોષ

## તંત્રની નિષ્ક્રિયતા સામે કલેક્ટર કચેરીએ રામધૂન સાથે ધગધગતું આવેદનપત્ર

(મિલાપ રૂપારેલ-દવારા)

અમરેલી જિલ્લામાં શેત્રુંજી નદી સહિતના વિસ્તારોમાં રેતી ચોરીને લઈને લોકોમાં દિવસેને દિવસે ચિંતા અને રોષ વધી રહ્યો છે. ત્યારે અમરેલી તાલુકાના ચાંપથળ ગામ નજીકથી પસાર થતી શેત્રુંજી નદીમાં કથિત રીતે રાત-દિવસ બેફામ ખનીજચોરી થઈ રહી હોવાના આક્ષેપ સાથે ગ્રામજનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. તંત્રને વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી ન હોવાનો ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે. અને

ચાંપથળ ગામની મહિલાઓ અને પુરુષો મોટી સંખ્યામાં અમરેલી કલેક્ટર કચેરી તથા ખાણ-ખનીજ વિભાગની કચેરીએ પહોંચ્યા હતા. ગ્રામજનોએ કચેરી ખાતે રામધૂન બોલાવી વિરોધ નોંધાવ્યો હતો. અને શેત્રુંજી નદીમાંથી થતી કથિત ગેરકાયદેસર રેતીચોરી તાત્કાલિક અટકાવવાની માંગ સાથે ધગધગતું આવેદનપત્ર પાઠવ્યું હતું.





ગ્રામજનોના જણાવ્યા મુજબ, શેત્રુંજી નદીમાંથી મોટા પાયે રેતી સહિતના ખનીજનું ખનન અને પરિવહન થઈ રહ્યું છે. ભારે વાહનોમાં રેતી ભરીને ગામના રસ્તાઓ પરથી સતત અવરજવર કરવામાં આવતી હોવાના કારણે રસ્તાઓને તથા પર્યાવરણને પણ વ્યાપક નુકસાન થઈ રહ્યું છે. આ ઉપરાંત ભારે વાહનોની અવરજવરથી ગ્રામ્ય માર્ગો પર અકસ્માતની સંભાવના પણ વધી રહી હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું.

ગ્રામજનોનો આક્ષેપ છે કે, નદીમાંથી બેફામ ખનીજ ચોરીના કારણે કુદરતી સંપત્તિને તો નુકસાન થઈ જ રહ્યું છે, પરંતુ તેના ગંભીર પરિણામો ગામ અને આસપાસના વિસ્તારમાં પણ જોવા મળી રહ્યા છે. તેમ છતાં જવાબદાર તંત્ર દ્વારા ચોરી અટકાવવા કે જવાબદારો સામે કડક કાર્યવાહી કરવા પૂરતા પગલાં લેવામાં આવતા નથી, જેને લઈને ગ્રામજનોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

ચાંપથળના ગ્રામજનોએ તંત્રને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું હતું કે, શેત્રુંજી નદીમાંથી થતી ખનીજચોરી આગામી સાત દિવસમાં સંપૂર્ણપણે બંધ કરવામાં નહીં આવે તો ગ્રામજનો દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે. આંદોલનની જવાબદારી તંત્રની રહેશે તેવી પણ ચીમકી આપવામાં આવી હતી.

હવે ગ્રામજનોના આક્ષેપો બાદ ખાણ-ખનીજ વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શેત્રુંજી નદીમાં ચાલી રહેલી કથિત રેતીચોરી અંગે સ્થળ તપાસ કરી તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે છે કે, પછી રેતીચોરીના આક્ષેપો સામે માત્ર કાગળ પરની કાર્યવાહી પૂરતા જ રહી જાય છે, તેના પર સૌની નજર મંડાઈ છે.

# ઊનામાં દરિયામાં ગુમ થયેલો માછીમારનો મૃતદેહ મળ્યો



(કૈલેશ ભટ્ટ દ્વારા) ઉના:

ઉના તાલુકાના ઝાંખરવાડા ગામમાં હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. રોજીરોટી માટે દરિયો ખેડવા ગયેલો ૨૭ વર્ષીય માછીમાર રામશી ચારણિયાનો મૃતદેહ નવાબંદરથી આશરે ૫૪ નોટિકલ માઈલ દૂર અરબી સમુદ્રમાંથી મળી આવ્યો હતો. પરિવારની કરુણ સ્થિતિ એ છે કે અગાઉ માતા-પિતાનું અને એક ભાઈનું અવસાન થઈ ચૂક્યું છે. હવે રામશીના મૃત્યુથી પરિવારમાં તેની એકમાત્ર બહેન જ રહી છે.

રામશી ચારણિયા માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલો હતો અને ચાર દિવસ પહેલાં બોટમાં સવાર થઈ દરિયામાં માછીમારી માટે ગયો હતો. ત્યારબાદ પરિવાર સાથે તેનો સંપર્ક તૂટી ગયો હતો. શરૂઆતમાં નેટવર્કસહિતના કારણોસર સંપર્ક નહીં થઈ રહ્યો હોવાનું માની પરિવારજનોએ રાહ જોઈ હતી, પરંતુ સમય પસાર થતાં ચિંતા વધી હતી. અન્ય માછીમારી બોટના ખલાસીઓને પણ રામશીભાઈની શોધખોળ માટે જાણ કરવામાં આવી હતી. દરમિયાન નવાબંદરથી ૫૪ નોટિકલ માઈલ દૂર માછીમારી કરી રહેલા ખલાસીઓને પાણીમાં મૃતદેહ તરતો જોવા મળ્યો હતો. તપાસ કરતાં મૃતદેહ રામશી ચારણિયાનો હોવાનું સામે આવ્યું હતું. માછીમારોએ તાત્કાલિક નવાબંદર પોલીસને જાણ કરી હતી. પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી મૃતદેહને બોટ મારફતે નવાબંદર લાવ્યો હતો. ત્યારબાદ પોસ્ટમોર્ટમ માટે મૃતદેહને ઉના સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે પોલીસ તપાસ ચાલુ છે. રામશીના પરિવારમાં અગાઉ માતા-પિતાનું અવસાન થઈ ચૂક્યું હતું, જ્યારે એક ભાઈનું પણ મૃત્યુ થયું હતું. આવી સ્થિતિમાં રામશી અને તેની બહેન એકબીજાના સહારા બન્યા હતા. પરંતુ હવે રામશીના મૃત્યુથી બહેને પણ તેનો છેલ્લો ભાઈ ગુમાવ્યો છે.

# જાફરાબાદમાં સાકળે બાંધેલી ગાયનો શિકાર કરી સિંહણે ઘરમાં જ માણી મિજબાની

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:અમરેલી જિલ્લાના દરિયાઈ કોસ્ટલ બેલ્ટમાં સિંહોના આંટાફેરા વચ્ચે આજે વહેલી સવારે જાફરાબાદ શહેરમાં સિંહણ ઘૂસી આવી હોવાની ઘટના સામે આવી છે. જાફરાબાદની ક્રિષ્ના સોસાયટીના રહેણાંક વિસ્તારમાં સિંહણે એક મકાનમાં ઘૂસી ઘરમાં સાકળથી બાંધેલી એક ગાયનો શિકાર કર્યો હતો. શિકાર કર્યા બાદ આ સિંહણ ત્યાં સ્થળ પર જ બેસીને ગાયને આરોગતી જોવા મળી હતી. સમગ્ર ઘટનાના લાઈવ દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થતાં વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

જાફરાબાદ શહેરમાં આવેલ ક્રિષ્ના સોસાયટીના એક રહેણાંક વિસ્તારમાં આજે વહેલી સવારના સમયે એક સિંહણ આવી પહોંચી હતી. અને સિંહણે એક રહેણાંક મકાનમાં પ્રવેશ કરી ત્યાં સાકળથી બાંધેલી ગાય પર હુમલો કરી તેનો શિકાર કર્યો હતો. અને ગાયનો શિકાર કર્યા બાદ સિંહણે તે મકાનના પરિસરમાં જ બેસી ગઈ હતી. અને શિકારને આરોગતી જોવા મળી હતી. સિંહણ દ્વારા



કરાયેલા આ લાઈવ શિકારના સમગ્ર દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. સીસીટીવીમાં સિંહણ રહેણાંક વિસ્તારમાં પ્રવેશતી, ગાયનો શિકાર કરતી અને ત્યારબાદ સ્થળ પર જ બેસીને શિકાર આરોગતી જોવા મળી રહી છે.

ખાસ કરીને સિંહણ જે મકાનમાં ઘૂસી હતી તેની બાજુના ઘરમાં રહેલી અન્ય ગાયો અને વાછરડાઓમાં પણ ફફડાટ જોવા મળ્યો હતો અને પશુપાલક પરિવારોએ ભયના માહોલ વચ્ચે રાત પસાર કરી હતી.


આ ઘટનાના પગલે ક્રિષ્ના સોસાયટી સહિત આસપાસના રહેણાંક વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.

દરિયાઈ કોસ્ટલ બેલ્ટમાં આવેલા જાફરાબાદ શહેર સુધી સિંહોની અવરજવર વધી રહી હોવાના બનાવો વચ્ચે રહેણાંક વિસ્તારમાં સિંહણના પ્રવેશથી સ્થાનિકોની સુરક્ષા અંગે પણ સવાલો ઉઠ્યા છે. વન વિભાગ દ્વારા સિંહણની હિલચાલ પર નજર રાખી રહેણાંક વિસ્તારમાં લોકો તથા પશુઓની સુરક્ષા માટે જરૂરી પગલાં લેવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠી છે.

# અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દુધાળા ગામે ગુજરાત ગૌરવ સરોવરનું આવતીકાલે સવારે લોકાર્પણ

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને આવકારવા માટે સર્વ સમાજ દ્વારા તડામાર તૈયારીઓ





અમરેલી:

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દુધાળા ગામ નજીક હેતની હવેલી પાસે ગાગડીયો નદીના કાંઠે ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા નિર્મિત ગુજરાત ગૌરવ સરોવરનું આવતી કાલ તા. ૨૭ ઓગસ્ટના રોજ કેન્દ્રીય સહકાર અને ગૃહમંત્રી અમિતભાઈ શાહના હસ્તે ભવ્ય સમારોહમાં લોકાર્પણ કરવામાં આવશે. આ પ્રસંગને લઈને દુધાળા સહિત લાઠી પંથકમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. અને કેન્દ્રીય ગૃહમંત્રીને આવકારવા સર્વ સમાજ દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાના માર્ગદર્શન હેઠળ ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા ગાગડીયો નદી પર જળસંચય અને જળસંવર્ધનને કેન્દ્રમાં રાખીને ગુજરાત ગૌરવ સરોવરનું નિર્માણ કરવામાં આવ્યું છે. આશરે ૮૦ હજાર ચોરસ ફૂટ વિસ્તારમાં આ સરોવરનું નિર્માણ કરવામાં આવ્યું છે. અને તેમાં અંદાજે ૨૩ કરોડ લિટર જેટલા પાણીનો સંગ્રહ થઈ શકે તેવી ક્ષમતા ઊભી કરવામાં આવી છે. આશરે રૂપિયા ૪ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ આ સરોવર આગામી સમયમાં આસપાસના ગ્રામ્ય વિસ્તારો માટે જળસંચયનું મહત્વનું કેન્દ્ર બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ગાગડીયો નદી પર વર્ષ ૨૦૧૭માં શરૂ થયેલી જળ ક્રાંતિ આજે અનેક ગામો સુધી પહોંચી છે. તા. ૩૦ માર્ચ, ૨૦૧૭ના રોજ ગાગડીયો નદી પર જળસંવર્ધનના કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ધોળકિયા ફાઉન્ડેશનના પ્રયાસોથી ગાગડીયો નદી અને આસપાસના વિસ્તારમાં જુદાં જુદાં અંદાજે ૪૦ જેટલાં સરોવરનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેના કારણે આસપાસના ૧૦૦થી વધુ ગામોના લોકોને સીધો કે આડકતરો લાભ મળ્યો હોવાનું જણાવાયું છે.

જળસંચયના આ પ્રયાસોથી વરસાદી પાણીનો સંગ્રહ કરી ભૂગર્ભજળના સ્તરમાં વધારો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર જેવા અર્ધશુષ્ક વિસ્તારમાં વરસાદી પાણીના મહત્તમ સંગ્રહ અને તેના યોગ્ય ઉપયોગ માટે આવા જળસંચયના પ્રોજેક્ટને મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ગુજરાત ગૌરવ સરોવર પણ આ જળસંવર્ધન અભિયાનની એક મહત્વપૂર્ણ કડી તરીકે ઉભરી આવ્યું છે.

ગુજરાતથી અન્ય વિસ્તારો સુધી જળસંવર્ધનનું અભિયાનધોળકિયા ફાઉન્ડેશન દ્વારા માત્ર અમરેલી કે સૌરાષ્ટ્ર પૂરતું જળસંવર્ધનનું કાર્ય સીમિત રાખવામાં આવ્યું નથી. મહીસાગર, કચ્છ, સિદ્ધપુર, બનાસકાંઠા સહિત ગુજરાતના વિવિધ વિસ્તારોમાં પણ મોટા પાયે સરોવર અને જળસંચયના કામો હાથ ધરવામાં આવ્યા છે. ફાઉન્ડેશન દ્વારા અત્યાર સુધીમાં વિવિધ વિસ્તારોમાં અંદાજે ૨૦૮ જેટલાં સરોવરોનું નિર્માણ કરવામાં આવ્યું હોવાનું જણાવાયું છે.

જળસંચયના આવા પ્રોજેક્ટોથી વરસાદી પાણી વહી જવાને બદલે તેનો સંગ્રહ કરી ખેતી, પશુપાલન અને ગ્રામ્ય જીવન માટે ઉપયોગી બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ખાસ કરીને પાણીની અછતનો સામનો કરતા વિસ્તારોમાં વરસાદી પાણીનું સંરક્ષણ ભવિષ્ય માટે મહત્વપૂર્ણ બની રહ્યું છે.

ગુજરાત ગૌરવ સરોવરના લોકાર્પણ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ ઉપસ્થિત રહેવાના હોવાથી સમગ્ર વિસ્તારનું તંત્ર અને આયોજકો તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે. કાર્યક્રમ સ્થળે વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. આગેવાનો, કાર્યકરો અને સર્વ સમાજના લોકો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે.

દુધાળા ગામ તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં કાર્યક્રમને લઈને વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રીના આગમનને આવકારવા માટે સ્થાનિક સ્તરે પણ વિવિધ તૈયારીઓ કરવામાં આવી રહી છે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહે તેવી સંભાવનાને ધ્યાનમાં રાખીને આયોજન કરવામાં આવી રહ્યું છે.

ગુજરાત ગૌરવ સરોવરનું લોકાર્પણ માત્ર એક સરોવરના લોકાર્પણ પૂરતું નહી પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં જળસંચય અને જળસંવર્ધનના પ્રયાસોને વધુ વેગ આપનારું બની રહે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. વરસાદી પાણીનો સંગ્રહ, ભૂગર્ભજળનું સંવર્ધન અને ખેડૂતો તથા ગ્રામ્ય સમાજને પાણીની ઉપલબ્ધતા વધારવાના હેતુથી કરવામાં આવેલા આ પ્રયાસને સ્થાનિક સ્તરે મહત્વપૂર્ણ ગણવામાં આવી રહ્યો છે.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા બ્રિજેશ ધોળકિયા, નીતિન સાવલિયા, કનક પટેલ, નરેશ માયાણી સહિતના આગેવાનો અને કાર્યકરો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. આવતીકાલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના હસ્તે ગુજરાત ગૌરવ સરોવરનું લોકાર્પણ થતાં લાઠી તાલુકાના દુધાળા ગામે જળસંવર્ધનના આ અભિયાનને એક મહત્વપૂર્ણ પડાવ મળશે.

# ખાંડના ભાવવધારા સામે અનોખો જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

## ચપટી-ચપટી ખાંડનું વિતરણ કરી ખાંડના ભાવ વધારા સામે વિરોધ નોંધાવ્યો

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

ભારત દેશમાં તાજેતરમાં ખાંડના ભાવમાં થયેલા ભારે વધારા સામે સરકારનું ધ્યાન દોરવા તથા સામાન્ય જનતાને ભાવવધારાની વાસ્તવિક અસર અંગે જાગૃત કરવા માટે અમરેલીની આમ આદમી પાર્ટી દ્વારા અમરેલી ખાતે એક અનોખો જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમ દરમિયાન કાર્યકર્તાઓ દ્વારા લોકો સાથે સીધો સંવાદ કરી ખાંડના ભાવવધારા અંગે માહિતી આપવામાં આવી હતી. સાથે જ પ્રતિકાત્મક રીતે લોકોને ચપટી-ચપટી ખાંડનું વિતરણ કરવામાં આવ્યું હતું. ખાંડ જેવી રોજિંદા જીવનમાં ઉપયોગી આવશ્યક ચીજવસ્તુના ભાવવધારા સામે લોકોનું ધ્યાન દોરવા માટે આ અનોખી રીતે સરકાર સામે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

ખાંડ જેવી સામાન્ય અને રોજિંદા જીવનમાં જરૂરી ચીજવસ્તુના ભાવમાં વધારો સીધી રીતે સામાન્ય પરિવારના રસોડાના બજેટને અસર કરે છે.



મોંઘવારીનો બોજ પહેલેથી જ સહન કરી રહેલા સામાન્ય નાગરિકો પર વધુ ભાર ન પડે તે માટે સરકાર દ્વારા તાત્કાલિક યોગ્ય પગલાં લેવામાં આવે અને જનતાને રાહત આપવામાં આવે તે જરૂરી છે. સરકાર માત્ર આંકડાઓમાં વિકાસની વાત કરવાને બદલે સામાન્ય માણસના રસોડાની હકીકત પણ સમજે તે માટે જનતાના પ્રશ્નોને ઉજાગર કરવા અને સરકાર સુધી સામાન્ય નાગરિકનો અવાજ પહોંચાડવા માટે આમ આદમી પાર્ટી સતત જનહિતના મુદ્દાઓ પર અવાજ ઉઠાવતી રહેશે. તેમ અંતમાં જણાવેલ છે.